૭૪૮૪

[illegible] શ્રી [illegible]

[illegible] ગ્રંથમાળા.

(ગ્રંથાંક ૧૬ મો.)

ઈશ્વર જ્ઞાન.

લખનાર

નારાયણ હેમચંદ્ર.

અમદાવાદ.

“ વિજય પ્રવર્તક ” પ્રેસ.

ભાવનગરાધિપતિ મહારાજા શ્રી ભાવસિંહજી વિવિધ જ્ઞાન ગ્રન્થમાળામાંનાં આ લખનારનાં પુસ્તકો.

વિવિધ જ્ઞાન. ... ... ૦—૮—૦
રત્નાવલી ... ... ૦—૮—૦
રોમિયો અને જુલિયટ ... ... ૦—૮—૦
અપરાધતત્ત્વ ... ... ૦—૮—૦
હતતત્ત્વવિવેક એટલે માણસને મારણ [illegible] ... ... ૦—૮—૦
નાની મીઠી વાર્તા ... ... ૦—૮—૦
વાસવદત્તા ... ... ૦—૮—૦
સૌન્દર્યતત્ત્વ ... ... ૦—૮—૦
પ્રેમતત્ત્વ ... ... ૦—૮—૦
[illegible] ... ... ૦—૮—૦
[illegible] ... ... ૦—૮—૦
[illegible] ... ... ૦—૮—૦
કીર્તિતત્ત્વ ... ... ૦—૮—૦
આત્મતત્ત્વ ... ... ૦—૮—૦
[illegible] ... ... ૦—૮—૦
ઈશ્વર જ્ઞાન ... ... [illegible]
ધર્મ જ્ઞાન ... ... [illegible]
જયસિંહ ... ... [illegible]
વિવિધ મીઠી વાર્તાઓ ... ... [illegible]
આધ્યાત્મિક વિજ્ઞાન તત્ત્વ ... ... [illegible]

આ લખનારનાં [illegible] પુસ્તકો.

[illegible] ... ... [illegible]
[illegible] ... ... [illegible]
[illegible] ... ... [illegible]
[illegible] ... ... [illegible]
[illegible] ... ... [illegible]
[illegible] ... ... [illegible]

[illegible]

અર્પણપત્રિકા.

ભક્તિ પાત્ર શેઠ દામોદરદાસ ગોરધનદાસ મુંબઈવાળા.

[illegible]

[illegible]

આપનો
નારાયણ હેમચંદ્ર.

અનુક્રમ.

ઈશ્વર જ્ઞાન.

ઈશ્વરના અસ્તિત્વ વિશે ચર્ચા.

આ જગતનો જે એક સૃષ્ટિકર્તા છે, તે કોણે કહ્યું ? તેના અસ્તિત્વનું પ્રમાણ શું ? પરમેશ્વરની સત્તાનું કંઈ પ્રમાણ નથી, આવું કેવળ સંશયવાદીઓજ કહે છે એવું નથી. ઘણાક ઈશ્વરને માનનાર પણ કહે છે કે, "ભગવાન છે એવું માનું છું, પરંતુ તેનું કંઈ પ્રમાણ નથી."

પરંતુ ખરી રીતે શું પરમેશ્વરના અસ્તિત્વનું કંઈ પ્રમાણ નથી ? હું આવું કહેવાને તૈયાર નથી.

પરંતુ સંદેહવાદી કહે છે, "જડ પરમાણુના સંયોગ વિયોગથી જગત બન્યું છે, એવું કહીએ તો ચાલે. એક જ્ઞાનવાન સ્રષ્ટા છે, એ કહેવાનું પ્રયોજન શું ?"

આ પરમાશ્ચર્ય કૌશલ પૂર્ણ બ્રહ્માંડ શું અંધ જડ પરમાણું અથવા જડ શક્તિથી ઉત્પન્ન થાય ? કૌશલમાં જ્ઞાન જાહેર થાય છે. બુદ્ધિ શૂન્ય ચેતનાવિહીન જડ પરમાણું શું આ કૌશલવાળુ સૃષ્ટિ કરી શકે ?

આ જગત કૌશલમય એક અદ્ભુત યંત્ર છે, તેથી કૌશલના દૃષ્ટાંત બતાવવા માટે વધારે યત્ન કરવાની જરૂર નથી. વિદ્વાનોએ વિજ્ઞાનની મદદ લઈને અસંખ્ય અલૌકિક કૌશલોની વ્યાખ્યા કરીને સૃષ્ટિકાર્યમાં જ્ઞાનની ઓળખાણ આપી છે. જેમ કોઈ યંત્રના દરેક ભાગની સાથે દરેક ભાગનો સંબંધ હોય છે, તેમ આ આશ્ચર્ય બ્રહ્માંડયંત્રનો પણ દરેક ભાગની સાથે દરેક ભાગનો સંબંધ છે. વિજ્ઞાન કહે છે કે, જે દૂરતર તારાના કિરણ સૃષ્ટિકાળથી અચિંતનીય વેગથી દોડતાં આવે છે, તે છતાં હજીસુધી પૃથ્વીમાં

પહોંચી વળ્યા નથી,–તેની અંદર પણ પૃથ્વીનો પ્રબંધ છે. બધી રીતે આખા બ્રહ્માંડના વિષય વિચાર કરો, અથવા એની અંદરના નાના મોટા પ્રત્યેક પદાર્થના તત્વનો વિચાર કરો, ગમે તે રીતે જોઈએ તોપણ બ્રહ્માંડમાં સર્વત્ર પરમાશ્ચર્ય કૌશલ્ય જોઈને અવાક થઇએ છીએ.

નાના કીડાથી લઈને મોટા હાથી સુધી, સામાન્ય ઘાસના તણખાથી મોટા વડના ઝાડ સુધી, નહિ દેખાય એવી રેતીના દાણાથી લઈને મોટા હિમાલય પર્વત સુધી, સામાન્ય ઓસનાં ટીપાંથી લઈને સુવિશાળ સમુદ્ર સુધી, આખી પૃથ્વી એક અદ્ભુત આશ્ચર્ય જ્ઞાનની ઓળખાણ આપે છે. નીચેની આપણી નાની પૃથ્વીમાં જે જ્ઞાનમય પુરુષનો મહિમા ગાય છે, ઉપર અનંત લોકમંડળમાં તે પવિત્ર સંકીર્તનની પ્રતિધ્વનિ કરે છે.

વિજ્ઞાને બારીક તપાસથી બ્રહ્માંડના સૂક્ષ્મથી સૂક્ષ્મતર અસંખ્ય કૌશળની શોધ કરી છે. પરંતુ વિજ્ઞાને દેખાડેલી કૌશળોના વિચાર વગર આ વિષય ઉત્તમ રીતે સમજાતો નથી, એવું નથી. સર્વદા સહજથી આપણી આંખની સામે જે પદાર્થો તથા બનાવ જણાય છે, એકાગ્રચિત્તથી તે બધા વિષયપર વિચાર કર્યાથી પરમેશ્વરના પરમાશ્ચર્ય જ્ઞાનની ઓળખાણ મેળવીને કૃતાર્થ થઇએ છીએ.

આ દેહ આપણે ધારણ કરીએ છીએ, એ શું જેવું તેવું આશ્ચર્ય છે? વિજ્ઞાનની મદદ લઇને અથવા સહજ બુદ્ધિથી ગમે તે રીતે વિચાર કરવામાં આવે, તો મનુષ્યના શરીરના દરેક ભાગ તમારી પાસે તેના સૃષ્ટાનું અસ્તિત્વ સિદ્ધ કરશે.

ડાકટર પેલીએ કહ્યું છે,–" I have exanied the humn frame thrugh and thrugh, and I see it is a miracle we live." "મેં મનુષ્ય દેહ પુંખાનુપુંખરૂપથી પરીક્ષા કરીને જોયું છે કે, અમારૂં જીવન એક અલૌકિક વ્યાપાર છે."

હાલના વખતનો સંદેહ વાદીઓનો શિરોભૂષણ જાન સ્ટુઅર્ટ મિલે કહ્યું છે, કે પરમેશ્વરનું અસ્તિત્વ સિદ્ધ કરવા માટે કૌશળ સંબંધી યુક્તિ

ઘણીક જગાએ સામાન્ય છે, તેમ વળી બીજી જગાએ વિશેષતઃ વનસ્પતિ અને પ્રાણીજીવનના સૂક્ષ્મ તથા જટિલ કૌશળ સંબંધમાં એનું બળ અત્યંત વધારે છે. *

વિજ્ઞાનની મદદ લઇને સૂક્ષ્મ સૂક્ષ્મ અસંખ્ય દૃષ્ટાંતથી સૃષ્ટિકાર્યમાં અકલનું ઘીમ પ્રદર્શન કરી શકાય છે. પરંતુ નાના મોટા સ્ત્રી બાળક સર્વદા બંધાની આંખપર જે પ્રાકૃતિક કાર્ય જણાય છે, એકાગ્ર ચિત્તથી તેના ઉપર વિચાર કરીને જેવાથી પરમેશ્વરના દેદીપ્યમાન જ્ઞાનસંકલ્પ સમજીને કૃતાર્થ થાય છે. સહજ બુદ્ધિમાં જે અનુભવ કરી શકે છે, તે વિજ્ઞાન સેંકડો ગુણે મજબુત કરે છે.

વિચાર કરીને જુઓ, શી રીતે માના ગર્ભમાં જીવન સંચાર થાય છે. શી રીતે ત્યાં તે પરિપુષ્ટ તથા અવયવ વિભૂષિત થઇને યોગ્ય સમયે જન્મે છે. તેનો વિચાર કર્યાથી કેવા આશ્ચર્યથી નિસ્તબ્ધ થવાતું નથી ! અદ્ભુત કૌશળથી તમે અમે આ સંસારમાં આવ્યા છે, તે શું અંધ જડ પરમાણુનું કાર્ય છે ?

ગાત્રી વિદ્યાનું અધ્યયન કર્યાથી જે બધા આશ્ચર્ય વ્યાપાર જાણવામાં આવે છે, તેનું અથથી ઇતિ સુધી વર્ણન કરવાની જરૂર નથી. કેવળ પ્રસવ સંબંધી એક વિષય લખીશું.

ધારો કે એક જંગલમય સાંકડા રસ્તામાંથી તમને જવું પડ્યું. આવી જગાએ જેવી રસ્તાની હાલત હોય છે તમે શરીરને પણ તે રીતે રક્ષા કરવી પડે છે. ધારો કે, એક જગાએ ઝાડની શાખા નીચે નમેલી છે, તે જગાએથી તમે કદી માથું ઉચ્ચુ કરીને જઇ શકશો નહિ, નીચું માથું કરીને જવું પડશે. ધારો કે, બીજી એક જગાએ બે તરફથી ઝાડની શાખાઓ પડીને

* "An argument wich is in many cases stight, but in others and chifly in the nice and intricate comlinations of vegetable and animal life, is of considerable stregth."

Three Essays on Religion—J. S. Mill.

રસ્તો એવો સાંકડો થયો છે કે, સીધી રીતે ચાલ્યાથી તમારા બે ખભાઓ અટકાશે. તે જગાએ તમે શું કરશો ? તમને લગાર કુંપ થયા આખું શરીર ફેરવીને પાસુથી ફરીને જવું પડશે !

આના ગર્ભમાં પ્રસવની વખતે બરાબર તેવુંજ થાય છે. પ્રસવના માર્ગની જે જગા જેવી રીતે બનાવી છે, માના ગર્ભમાંની અદૃશ્ય શક્તિથી બાળકનું શરીર ત્યાં તે રીતે રહે છે; નહિતો પ્રસવ કર્મ અસંભવિત થાત ? પ્રસવના માર્ગમાં સ્થાન વિશેષમાં જ્યારે બાળકના બે હાથ અટકી જાય છે, ત્યારેજ ગર્ભમાંની શક્તિથી તેની બાજુ ફેરવાય (rotation) છે, અને બાળક સહેલાઇથી જવાના માર્ગે આગળ વધે છે. આ ઠેકાણે સવાલ ઉઠે છે કે, આના ગર્ભમાંની શક્તિ જો આંધળી શક્તિ હોય, તો તેણે શી રીતે જાણ્યું કે, બાળકના પણ પ્રસૂત થવું જરૂરનું છે ? એ શી રીતે જાણી શકે કે, પ્રસવ માર્ગની જગા વિશેષમાં બાળકનું શરીર અટકાઇ જાય છે ? શી રીતે જાણી શકે કે, બાળકના શરીરને વિશેષ રીતે સંસ્થાપન કર્યાથી એ સહેલાઇથી નીકળી શકે ? એ શું જ્ઞાન ચૈતન્ય વિનાની આંધળી શક્તિનું કામ છે ?

એક જ્ઞાનમયી શક્તિ આ જગતની સૃષ્ટિ સ્થિતિ અંતર્ગત કારણ છે. એ વિશે ઉપર વિચાર કર્યાથી તેમાં જરા પણ સંદેહની સંભવના રહેતી નથી. હાજર થયેલી ખોટ સમજીને તેને પૂરણ કર્યાથી તે કાર્યમાં આપણે બુદ્ધિની ઓળખાણ મેળવીએ છીએ પરંતુ જ્યારે કોઇ ભવિષ્યની ખોટના વિશે પહેલાથી સમજીને તેને માટે યથાયોગ્ય તઇઆરી કરે છે, તેના કાર્યમાં આપણે ઘણીક રીતે વધારે બુદ્ધિની ઓળખાણ પામીએ છીએ. પ્રકૃતિમાં આવા કામ ઘણીક જગાએ જોવામાં આવે છે.

પેલા માળામાંના ઇંડાં વિશે વિચાર કરવો જોઇએ. એ ઇંડાની અંદર જે શક્તિ કામ કરે છે, એ શું ભવિષ્યના ઉપર નજર રાખીને કામ કરતી નથી ? જેથી ભવિષ્યમાં એક પક્ષીનું બચ્ચું ઉપજ થઇ શકે, એના પર માણસો શું હમણાંથી તેની તઇઆરી કરતા નથી ? તમે એક સુસ્વાદદાર પાકેલી કેરી આનંદથી ખાધી પરંતુ એના બધા ભાગ ખાધા ગોટી ત-

મારી શક્તિ નથી, ઇચ્છા પણ નથી. ફળની અંદર એક ગોટલો રહેલો છે. એ શા માટે છે ? પ્રકૃતિની અંદર જે શક્તિ કામ કરે છે, એ શું કેવળ તમારા મારા માટે છે ? વર્તમાન વંશને માટે કામ કરતી નથી ? ભવિષ્યના વંશને માટે પણ કાર્ય કરે છે. તમે હું કેરી ખાઇને સુખી થઇએ છીએ, પ્રકૃતિની અંદરની શક્તિ કેવળ એજ ચહાતી નથી. આપણા પૌત્ર પ્રપૌત્ર વગેરે ભવિષ્ય વંશના માણસો જેના યોગે મીઠા રસાળ ફળ ખાઇને જીભની પરિતૃપ્તિ કરી શકે, પ્રાકૃતિક શક્તિ પહેલેથી તેની તૈયારી કરે છે. ફળનો જે ભાગ તમે ખાધો તે કેવો સુસ્વાદુ છે; પરંતુ ગોટલામાં કેમ સ્વાદ નથી ?

જો સ્વાદ હોત, તો શું તે રહેવા પામત ? નિશ્ચય તે આખોજ ખાઇ જવામાં આવત. એ ગોટલો આટલો સખ્ત શા માટે છે ? જો એને ગળવાનો યત્ન કરો, તો તેમાં પાર પડશો નહિ. જે શક્તિ બ્રહ્માંડને પરિચાલિત કરે છે તે કેવળ તમારે માટે શા માટે વિચાર કરતી નથી, આપણા ભવિષ્યના વંશના માણસો જેના યોગે સુસ્વાદુ ફળ ખાઈ શકે, તેની પણ તઈયારી કરે છે.

ભવિષ્ય નજરના વિશે બીજું એ કહેવું છે કે, જ્યારે માના ગર્ભમાં હતા, ત્યારે તો ચાલવાની જરૂર નહોતી, તો ત્યાં આ પગો શામાટે ઉત્પન્ન થયા ? ત્યાં તો કંઇ પકડવાની જરૂર નહોતી, તો આ બે હાથ શામાટે થયા ? ત્યાં તો જોવાની કંઇ જરૂર નહોતી, તો તે નિવિડ અંધારામાં બે આંખની સૃષ્ટિ શામાટે થઇ ? ત્યાં તો સ્વાદ લેવાની જરૂર નહોતી, તો ત્યાં જીભ શામાટે થઇ ? સુંઘવાની જરૂર નહોતી, તો નાક શામાટે થયું ?

જે શકિત બાળકને માના ગર્ભમાંથી સંસારમાં મોકલેછે, તે શું અંધશકિત છે ? અંધશકિતએ શીરીતે પહેલેથી જાણ્યું કે, ચાલવાનું સાંભળવાનું આપવાનું વગેરે કામ કરવું પડશે ? અંધશકિત એ શીરીતે જાણ્યું કે, સંસારમાં જઇને તે જરાયુ બાળકને શેની જરૂર પડશે ? અંધશકિતએ શીરીતે જાણ્યું કે, શા ઉપાય ચલાવ્યાથી શા શા યોજનાઓની મદદ લીધાથી તે ભવિષ્યમાં પૃથ્વીમાં જઇને સુખથી પોતાનું જીવન ગાળે ? અંધ-

શક્તિનું ભવિષ્યનું જ્ઞાન શીરીતે સંભવે ? આના ગર્ભમાંની શક્તિને ખચીત એ જ્ઞાન છે કે, બાળક કેટલાક મહિના પછી બીજી જગાપર જશે. તે જગતની અવસ્થા શી જાતની છે, ત્યાં ગયાથી ગર્ભમાંના જીવને શીરીતે જરૂરત તથા ખોટ પડેશે, શા શા ઉપકરણ તથા ઓજારો હોવે, તો તે ખોટ દૂર કરી શકે, આ બધા વિષયમાં ખચીત ગર્ભમાંની શક્તિને જ્ઞાન છે. કોણ તેને અંધશક્તિ કહેછે ? જ્ઞાનમયી, મંગળ આદ્યશક્તિ છે, માતૃ ગર્ભમાં જીવની ખરી માતા રૂપે રહેલી છે. જે વિશ્વજનની જગધાત્રી છે, તેજ પ્રત્યેક જીવની પ્રસવકાલે ધાત્રી છે,

આ ઉપર જેટલો વિચાર કરવામાં આવેછે, તેટલો અતિ અપૂર્વ ભાવથી હૃદય પૂર્ણ થાયછે. ભવિષ્યના જ્ઞાનની ઓળખાણ ડગલે ડગલે મળેછે. માના ગર્ભમાં આંખના ઉપર પોપચાની સૃષ્ટિ શામાટે થઇ ? પોપચાના ઉપર વાળ શામાટે બનાવ્યા ? ગર્ભમાંના બાળકના પગની આંગળીથી લઇને માથા સુધી આખું શરીર ભવિષ્યના જ્ઞાનનું અનિર્વચનીય દૃષ્ટાંત છે. વળી જુઓ, બાળક દુનિયામાં આવીને તો કંઇ સખત પદાર્થ ખાઇ શકશે નહિ; પેહેલથીજ તેને માટે યોગ્ય ખાવાનું તૈયાર કરી રાખ્યું છે. માના શરીરનું લોહી દૂધના રૂપમાં કરી મૂક્યું. એ શું અંધશક્તિનું કામછે ?

જન્મા પછી પણ આ ભવિષ્યદૃષ્ટિનું કામ ચાલે છે. પેલા ધાવણા છોકરાંના મોંમાં નાના નાના દાંતો શામાટે નીકળે છે? એ હમણા દૂધ પીએ છે, એને દાંતની જરૂર શી છે? આવું કહેવાથી શું ચાલશે ? હવે થોડા દિવસ પછીજ સખ્ત વસ્તુ ખાશે હમણાં તેની તૈયારી થાય છે. સામે ધારવાળી છરી છે, એનાથી ખાવાની વસ્તુ કરડશે. બે બાજુએ ઘંટી બેસાડી છે; એનાથી ખોરાક દળશે. દળ્યા પછી જે યંત્રની મદદથી એ ખોરાકનો ખરાબ ભાગ કાઢીને તેના સાર ભાગથી શરીરની ખોટ પૂરણ તથા પુષ્ટિ કરશે, તે જન્મવાની પહેલાથી જ બાળકના શરીરમાં બનેલા છે. એ શું અંધશક્તિનું કામ છે?

આના ઉપર સંદેહવાદીઓ કહે છે કે, પ્રકૃતિમાં કૌશલ જોઇને તમે ધારો છો કે, એ ખચીત કોઇ જ્ઞાનવાન માણસની સૃષ્ટિ છે. તમે હમેશાં

જુઓ છો કે, માણસ જ્ઞાનબળથી ઘણીક જાતના કળ કૌશળ ઉત્પન્ન કરે છે, એ માટે તમે ધારો છો કે, પ્રકૃતિની અંદર જે કૌશળ રહેલી છે, તે ખચીત કોઇ જ્ઞાનવાન પુરૂષે બનાવી છે. પ્રકૃતિના સંબંધમાં તમે જે સિદ્ધાંતમાં આવો છો, એ કેવળ મનુષ્યની તુલનામાં છે. તમે જોઈ શકો છો કે, માણસ પોતાના જ્ઞાનબળથી ઘણીક જાતના કૌશળ ઉત્પન્ન કરે છે. પ્રકૃતિમાં પણ કેટલાક તેવા કૌશળ જોવામાં આવે છે ખરા, પરંતુ તેનું કારણ જોવામાં આવતું નથી. તમે જોયું છે કે, માણસ જે કૌશળ સૃષ્ટિ કરે છે, તેનું કારણ મનુષ્યનું જ્ઞાન છે; તેથી તમે ધારો છો કે, પ્રકૃતિની કૌશળો પણ કોઇ જાતના જ્ઞાનથી ઉત્પન્ન થઈ છે.

સંદેહવાદી અથવા નાસ્તિકોના મતે આવી યુક્તિ કેવળ અનુમાન માત્ર છે. એનાથી નિશ્ચય કંઈ પ્રમાણ થતું નથી. મનુષ્યના જ્ઞાનથી કળ કૌશળ વગેરે ઉત્પન્ન થાય છે, એ પ્રત્યક્ષ સિદ્ધ છે. એકદમ કોઇ નિર્જન સ્થાનમાં એક ઘડીઆળ જોઈને ધારવામાં આવે છે કે, ખચીત કોઈ મનુષ્યની બુદ્ધિથી ઉત્પન્ન થયલી છે, કેમકે મનુષ્યની બુદ્ધિથી જ ઘડિયાળો ઉત્પન્ન થાય છે, એ ઘણી જગાએ જાણીએ છીએ. પરંતુ કોઇ માણસની બુદ્ધિ અથવા જ્ઞાનથી જગત્ ઉત્પન્ન થાય છે, એ તો કદી જોતાં નથી. તેથી મનુષ્યના દૃષ્ટાંતમાં પ્રાકૃતિક કૌશળનું જ્ઞાનમય કારણ સિદ્ધાન્ત કરવું એ કદી મેળવણીથી થઈ શકતું નથી.

પરંતુ મનુષ્ય બુદ્ધિથી જે કળ કૌશળ વગેરે ઉત્પન્ન થાય છે, એ શું ખરેખર પ્રત્યક્ષ સિદ્ધ છે? આપણું પોતાનું જે થોડુંક જ્ઞાન છે તે ખચીત પ્રત્યક્ષ અનુભવીએ છીએ. પરંતુ બીજા માણસનું જ્ઞાન શું કદી જોયું છે? જોવાનો અર્થ એ આંખથી જોવું થાય, તો કોઇના જ્ઞાન, મન અથવા બુદ્ધિ કદી પણ જોયા નથી. બીજા માણસનું શું જોવાઈ શકાય છે? તેઓનાં શરીર તથા શારીરિક ક્રિયા, મન અથવા માનસિક કામ કદી કોઇ જોઇ શકતા નથી.

ત્યારે બીજા મનુષ્યનું જે મન છે તે કેમ કહ્યું? તેઓના હાથ પગ, આંખ કાન, નાક વગેરે જે છે તે કબુલ કરીએ છીએ; કેમકે તે જો-

ઇ શકીએ છીએ. બીજા માણસનું મન તો કદી જોતા નથી, ત્યારે મન-ના અસ્તિત્વમાં વિશ્વાસ શામાટે કરીએ ? તેઓનું જ્ઞાન, બુદ્ધિ, ભાવ કંઇ પણ કદી જોતા નથી. જો ઇન્દ્રિય જ્ઞાનનો દરવાજા સ્વરૂપ થાય, તો બીજા માણસમા મન બુદ્ધિ વગેરે છે, એ જ્ઞાન તો કદી તે દરવાજામાં પેસાતું નથી.

માણસનો અર્થ શો છે ? હાથ, પગ, આંખ, કાન, નાક વગેરે શું માણસ છે? માણસ કહ્યાથી કેવળ હાડકાં માંસ સમજાય છે. એ કદી થઇ શકતું નથી. માણસ કહ્યાથી જ્ઞાન, બુદ્ધિ, પ્રેમ, ભક્તિ, ધિક્કાર, શરમ આ બધા મનમાં આવેછે. એક શબ્દમાં મન અથવા આત્મશ્રદ્ધા જે કહો, મનુષ્ય શબ્દનો અર્થ જો એજ થાય, તો હું મારા પોતાના વિના બીજા માણસને કદી જોતો નથી. મારાં માબાપ, ભાઇ બહેન, દીકરી સ્ત્રી વગેરે કોઇને પણ કદી જોતો નથી. પડોશી, ગામના રહેવાસી, દેશવાસી, જગતના રહેવાસી કોઇને પણ કદી જોતો નથી. જોવાનો અર્થ જો આંખનું જોઉં થાય, તો કોઈ માણસ કદી કોઇ માણસને જોતો નથી.

ત્યારે જેઓને માણસ કહીએ છીએ તેઓને શરીરના વિના વળી એક એક મનછે, એના ઉપર શામાટે વિશ્વાસ કરીએ છિયે? કામ જોઇને. મરેલા શરીરને માણસ કહેતા નથી, કેમકે તેમાં મનનું કામ જોઈ શકતા નથી. બધી જગાએ કાર્ય જોઇને મન અથવા જ્ઞાનમાં અસ્તિત્વપર વિશ્વાસ કરીએ છીએ. તે કાર્ય શું છે ? કૌશળ. બહારના પદાર્થનો સંયોગ, ભાષા અથવા હાવભાવ જે રીતના થાઓ, કૌશળ પ્રકાશ પામેછે તેથીજ માણસની બુદ્ધિ અથવા જ્ઞાનનું અસ્તિત્વ સમજી શકીએ છીએ. જ્યાં જેટલું કૌશળ છે, ત્યાં તેટલી બુદ્ધિની સત્તાનો સિદ્ધાન્ત કરીએ છીએ. બુદ્ધિના બહારના ચિહ્નથી બુદ્ધિની સત્તા સિદ્ધ થાયછે. મૃતશરીરમાં કંઇ ચિહ્ન જોતા નથી, તેથી ત્યાં બુદ્ધિના અસ્તિત્વમાં વિશ્વાસ કરતા નથી. કોઇ મનુષ્યની બુદ્ધિના કાર્ય થોડા જોયાથી તેને અલ્પબુદ્ધિ અથવા મૂર્ખ તરીકે જાણીએ છીએ. લગભગ માણસો જેવી બુદ્ધિનું કામ કરેછે, કોઇને પણ તેવા કામ કરતાં જોયાથી તેની બુદ્ધિ નચલી પંક્તિની તરીકે સ્થિર કરીએ છીએ.

વળી જે એના કામે સાધારણ છે, જે પોતાના વાક્યમાં તથા કર્મમાં જ્ઞાનના અસામાન્ય ચિહ્ન પ્રકટ કરે છે, તેને પ્રતિભાશાળી માણસ તરીકે ગણીએ છીએ.

અહિંયાં એક વિષય સ્પષ્ટ સમજાય છે કે, જો કૌશળના માપ પ્રમાણે જ્ઞાનનું માપ મુકરર કરવું ઠીક જણાય, તો કહીશું કે માણસમાં કંઇ જ્ઞાન નથી, પરંતુ આ પરમાશ્ચર્ય કૌશળ જળ-સ્થલિત બ્રહ્માંડમાં જે કોઇ જ્ઞાનનું કાર્ય કરતો નથી, એ કેવળ અંધશક્તિની રમત માત્ર છે. એવું કદી કહી શકતા નથી.

આવા આશ્ચર્યવાળા કૌશલ્યપૂર્ણ બ્રહ્માંડમાં જે માણસ કોઇ પ્રકારના જ્ઞાનની ઓળખાણ મેળવે નહિ, તેની બુદ્ધિ-ગર્વિત નાસ્તિક મન કહે કે, આ જગત કોઇ જાતની જ્ઞાનમય શક્તિથી આવતું નથી. તેમ થાય તો હું તેને કહીશ, કહો નેતાઓ, તમારામાં જે બુદ્ધિ છે, તેનું પ્રમાણ શું છે? જો આ દુરવગાહ કૌશળપૂર્ણ બ્રહ્માંડમાં કોઇ જાતના જ્ઞાનના ચિહ્ન નહોય, તો તમારું જે જ્ઞાન છે, હાડકાં ચામડીથી બનાવેલી એક પૂતળી નથી તેનું પ્રમાણ શું?" પરંતુ કોઇ કોઇ કહે છે કે, બીજા માણસના જે મન વગેરે છે, એ કેવળ શરઆપણામાં સમજી શકાય છે. જેમ મારા શરીર તથા શરીરના કામ છે, બીજાના પણ તેવા શરીર તથા શરીરના કામ જોઇએ છીએ, તેથી સિદ્ધાંત કરીએ છીએ કે, મારી પેઠે તેના મન તથા માનસિક કાર્ય છે. અહિયા મળે છે તેથી સિદ્ધાન્ત કરીએ છીએ કે, બીજા અહિયા પણ પ્રતીત મળશે.

એ શું યુક્તિવાળું થયું સંસારમાં આપણે સર્વત્ર શું જોઈ શકતા નથી? ક્યાર આના મળે છે, ક્યાર આના મળતા નથી, ક્યાંક આના મળે છે, ક્યાંક આના મળતા નથી. જ્યારે આના કંઇક પણ મળે છે તથા કંઇક ભાગ મળતા નથી, કેવળ એક બે જગાએજ નહિ, કરોડો જગાએ પ્રત્યક્ષ કરીએ છીએ, ત્યારે શી રીતે કહીએ કે, જ્યારે શરીર તથા શરીરના કાર્ય મળી છે, ત્યારે અહીંયું મન તથા માનસિક કાર્ય પણ પ્રતીત મળશે. એ શું યુક્તિવાળું વાક્ય થયું?

આ ઠેકાણે બીજી એક યુક્તિના વિષય વિચાર કરીએ. મને જ્ઞાન છે, એ સહેજ જ્ઞાનથી જાણું છું. મારા જ્ઞાનથી કેટલાક કામ ઉત્પન્ન થાય છે; તે પણ મને પ્રત્યક્ષ સિદ્ધ છે. જ્યારે બીજા માણસના તેવા કાર્ય મારા કાર્યના જેવા જણાય, ત્યારે તે કાર્યના કારણ પણ ખચીત મારા કામના કારણના સરખા છે. અર્થાત મારા જેવું તેવું પણ મન અથવા જ્ઞાન છે.

આ યુક્તિમાં બે મોટી ભુલ છે. પહેલી કામ એક જાતના થયાથી બધી જગાએ કારણ પણ એક છે પરંતુ કારણ જુદા હોય, જગતમાં એવા સેંકડો દ્રષ્ટાંત છે. પાંચ માણસને તાવ આવ્યો, કોઇને ઘણું ખાવાથી, કોઇને વધારે મહેનત કર્યાથી, કોઇને મેલેરિયાની જગાપર રહેવાથી અને કોઇને વરસાદમાં ભીંજાવાથી. પાંચ સો માણસનું મરણ નીપજ્યું. પાંચ સો માણસના પાંચસો પ્રકારના કારણથી મૃત્યુ થાય એમ છે. વળી ઉલટા કારણથી એક સરખા કાર્ય ઉત્પન્ન થાય છે. ઘણી ગરમી તથા ઘણી ઠંડીનાં એક જાતના કાર્ય છે. તેથી મારી બુદ્ધિથી થયેલા કાર્યની સાથે, બીજા કાર્યનું સરખાપણું જોઇને કદી સિદ્ધાન્ત કરી શકતા નથી આવા કાર્યનું કારણ બુદ્ધિ છે.

આ યુક્તિમાં બીજી એક ભૂલ એ છે કે, એક માત્ર સ્થળથી વિશ્વજનીત સિદ્ધાન્તમાં આવી પડીએ છીએ. તે એક માત્ર સ્થળ હું પોતેજ. મારે માટે જે સત્ય છે, આખા જગતને માટે તે સત્ય છે, એ તર્કશાસ્ત્રથી ઉલટી વાત છે. એક મુંબઇની કેરી ખાઇને જો ધારે કે, કેરી માત્ર તેવી સુમિષ્ટ છે, તો ખચીત તમારી ભૂલ થશે. અમદાવાદની નારંગીનો સ્વાદ લઇને તમે ધારો કે નારંગી માત્ર ખાટી છે પણ નાગપુરની નારંગી ખાવાથી ખચીત તમારી ભુલ ભાગશે. મારા કાર્યનું કારણ મારું મન છે, તેથી જ્યાં તેવું કામ, ત્યાં કારણ સ્વરૂપ મન છે, આ સિદ્ધાન્ત ખચીત તર્કશાસ્ત્રથી ઉલટો છે કેમકે એમાં એક માત્ર દ્રષ્ટાંતથી વિશ્વજનીત ફેંસલો થાય છે.

ખરી વાત એ છે કે જેવું મારૂં મન છે, તેવું બીજાનું પણ મન છે. તર્કથી એનો ફેંસલો થવો અસંભવ છે. તર્કશાસ્ત્ર અહીં હાર ખાય છે.

કુદરતની ક્રિયાઓ કોઇ જ્ઞાનમય કારણથી ઉત્પન્ન થયા છે, તે તર્કશા-

अनी रीति मुजब नक्की कराय के नहि. ज्ञान स्टुअर्ट मिल कहे छे के, ते थता नथी, परंतु ते वळी ए पण कहे छे के जो नक्की थता नथी; तो पण विलक्षण संभवपर तरीके सिद्ध थाय छे.

तर्कशास्त्र प्राकृतिक कौशळोना ज्ञानमय कारण निःसंशयथी निरूपण करवामां समर्थ छे. मारा माबाप, भाई, मित्र, पडोशीओनां मन छे, तेओ एक एक हाडकां मांसवाळां पुतळां नथी, तर्कशास्त्र ते शुं साबेत करी शके छे? कदी नहि. जडजगत के माणुस बेउना संबंधमां तर्कशास्त्र केटलेक दूर जइने पछी आगळ जइ शकता नथी. अहिं संभव छे, त्यां पण संभव छे. तर्क आ बेउमां किया स्थानमां खातरी पूर्वक आवी शकतो नथी.

परंतु तर्कथी सिद्ध नहि थाय तेथी शुं खरेखर धारवो जोइए के, मारा विना जाजा माणसमां मारां माबाप भाइ मित्र बधामां जे मन छे ए संभव छे मात्र? ए तो ठहा मस्करीना जेवुं बोलवुं थाय. आपणे एवी प्रकृति लइने जन्म लीधो छे के, माणसमां के जडमां ज्यां जोइने उद्देश्य सिद्धिने माटे उपाय अवलंबित थयो छे, त्यांज ज्ञानना अस्तित्वमां विश्वास करीशुं. अहिं तर्कशास्त्रनो कंई हाथ नथी. संभव आ विश्वास आपणा मनमां आणी आपे छे; परंतु स्वभावनी बराबर रीति शुं, ते कदाच हजी सुधी आपणे सारी रीते समजी शकता नथी.

आ ठेकाणे नास्तिक कहेशे के जे प्रमाण करवा पडशे ते मानी लीधाथी शामाटे चाले? प्रकृतिनी अंदर विशेष उद्देश पूर्ण करवा माटे विशेष विशेष उपाय अवलंबित थाय छे. ए कबूल राख्याथी ज्ञाननुं अस्तित्व मनाय छे खरुं, परंतु कोणे कह्युं के, कुदरतना कार्यमां विशेष उद्देश्य पूर्ण करवा माटे विशेष उपाय अवलंबित थाय छे? कोणे कह्युं के, जोवा माटे आंख बनी छे, सांभळवा माटे कान थया छे, चाखवा माटे जीभ थइ छे? कोणे कह्युं के, जीवो खाशे तेथी झाडपर सुस्वादु फळ होय छे? कोणे कह्युं के, जीवो खाशे तेथी शरीरमां भूखनो संचार थाय छे? जो कहो के, कोई विशेष कार्य करवा माटे विशेष उपाय ग्रहण करवामां आव्यो छे, तो

તેની જોડે પોતાની મેળે જ્ઞાનનું અસ્તિત્વ કબૂલ કરાય છે. પરંતુ પ્રકૃતિની અંદર ઉદ્દેશ્ય પૂર્ણ કરવા માટે ઉપાય અવલંબિત થાય છે, એ વિશે કહેવાની જરૂર શી છે ? બધું પોતાની મેળે થયું છે, ઉપાય ઉદ્દેશ્ય કંઇજ નથી. તમે તમારા મનના ભાવ અનુસારે એક ઉદ્દેશ તથા બીજા એકને ઉપાય ધારો છે. આંખથી આપણે જોઇએ છીએ, એ સંપૂર્ણ ખરૂ છે. પરંતુ જોવા માટે આંખ થઇ છે, એવું કહેવાની શી જરૂર છે ? કેરી ખાઇએ છીએ એ સંપૂર્ણ રીતે ખરૂં છે; પરંતુ ખાવા માટે કેરીની ઉત્પત્તિ થઇ છે, એવું બોલવાની શી જરૂર છે ?

સ્થળ માર્ગે જવા માટે ગાડી થઇ છે, નદીમાંથી જવા માટે મછવા થયા છે, જલદી જવા માટે આગગાડી થઇ છે, એવું બોલવાની શી જરૂર છે ? વખત જાણવા માટે ઘડિયાળો થઇ છે, ખબર મેળવવા માટે તાર થયા છે, રહેવાને માટે ઘર બન્યા છે, લખવાને માટે કાગળ થાય છે, આવું શામાટે કહોછો ? ગાડી તથા મછવા વગેરેમાં બેસીએ છીએ, ઘડિયાળથી વખત જાણીએ છીએ, ટેલિગ્રાફથી ખબર મેળવીએ છીએ, ઘરમાં રહીએ છીએ, કાગળપર લખીએ છીએ, આ કહેવું સંપૂર્ણ રીતે ખરૂં છે, પણ ચઢવા માટે ગાડી તથા મછવાની ઉત્પત્તિ, વખત જાણવા માટે ઘડિયાળ બનાવવું, ખબર જાણવા માટે ટેલિગ્રાફનો તાર, રહેવા માટે ઘર, લખવા માટે કાગળ, આવું કહેવાની શી જરૂર ?

જેમ માણસના કામકાજથી સ્પષ્ટ અભિપ્રાય પ્રકટ થાય છે, તેમ પ્રકૃતિના કામમાં પણ સ્પષ્ટ અભિપ્રાય જણાય છે. ઘડિયાળથી શો અભિપ્રાય પ્રકટ થાય છે ? વખત જાણવો. માણસના શરીરમાં જે હોજરી રહેલી છે, એના ઉપરથી શો અભિપ્રાય પ્રકટ થાય છે ? ખોરાકને હજમ કરવું. એક માણસનું યંત્ર બીજું એક પ્રકૃતિનું યંત્ર છે. આ બે ઠેકાણે શો એક સરખો સ્પષ્ટ રીતે અભિપ્રાય પ્રકટ થઇ શકતો નથી ?

પરંતુ મતલબ શું કદી આંખથી જણાય છે ? અભિપ્રાય જડનો ધર્મ નથી; મન અથવા જ્ઞાનનો ધર્મ છે. મતલબ એ ઇન્દ્રિયથી અતીત પદાર્થ છે. જડ જગતમાં કે મનુષ્યમાં બેઉ ઠેકાણે કાર્ય જોઇને અભિપ્રાયપર વિ-

શ્વાસ રાખીએ છીએ; આંખ કાન વગેરેથી કોઈ જગાએ અભિપ્રાયને પ્રત્યક્ષ કરી શકતા નથી. અહિંયાં પણ કાર્ય જોઇને કારણ, ત્યાં પણ કાર્ય જોઇને કારણ અનુભવીએ છીએ, અહિંયાં પણ કાર્ય જોઇએ છીએ, ત્યાં પણ કાર્ય જોઇએ છીએ; પરંતુ કારણ એક જગાએ અદૃશ્ય છે.

હવે જુઓ, આપણે ક્યાં આવી પહોંચ્યા છીએ. જે રીતિથી જાણીએ છીએ કે, આ જગતનો એક જ્ઞાનમય સ્રષ્ટા છે. જે રીતિથી જાણીએ છીએ કે, મારો આ લોકનો બાપ છે, તે રીતિથી જાણીએ છીએ કે, મારો સ્વર્ગનો પિતા છે. જે રીતિથી જાણીએ છીએ કે, મારી ગર્ભધારિણી માતા છે તે રીતિથી જાણીએ છીએ કે જગતની મા જગદ્ધાત્રી છે. જે રીતિથી સંસારના મિત્રને જાણીએ છીએ, તે રીતિથી સંસારથી બહાર પરમ મિત્રને જાણી શકીએ છીએ.

ત્યારે શું કોઇ વિષયમાં જુદાપણું નથી ? છે. મનુષ્યનું શરીર છે, પરંતુ પ્રકૃતિમાં જે શક્તિ કામ કરે છે, તેનું શરીર નથી. મનુષ્યનું શરીર છે તેથીજ શું આપણે તેના કામની મતલબના ઉપર વિશ્વાસ રાખીએ છીએ ! કદી નહિ. પહેલાં કહી ગયા છીએ કે, એમાં બે ભૂલો છે. પહેલાં માનવામાં આવ્યું છે કે, કાર્ય એક જાતના થયાથી કારણ પણ એક જાતના થશે, બીજા એક માત્ર સ્થળથી સાર્વભૌમિક મીમાંસામાં અવાય છે.

આ ઠેકાણે કહેવું જરૂરનું છે કે, જે શક્તિ પ્રકૃતિને પરિચાલિત કરે છે, તે અશરીર તરીકે કેટલાક અનીશ્વરવાદી તેને જ્ઞાનમયી કહેવામાં વાંધો લે છે. તેઓ કહે છે કે, જ્યાં શરીર જોઇએ છીએ, ત્યાંજ જ્ઞાનની સત્તા અનુભવીએ છીએ; મગજની સાથે જ્ઞાનનો વિશેષ સંબંધ છે, તેથી જ્યારે પ્રકૃતિગત શક્તિનું શરીર નથી, ત્યારે તેને જ્ઞાનમયી શક્તિ કહેવી એ કદી પણ યુક્તિવાળી થઈ શકતી નથી. તેના ઉત્તરમાં કહીએ છીએ કે, માણસ પોતાના મનને પોતે સાક્ષાત્ ભાવથી જાણી શકે છે. પરંતુ બીજા માણસમાં મન છે એ સાક્ષાત ભાવથી જાણી શકતો નથી, કાર્ય જોઇને જાણવામાં આવે છે. જેમાં માનસિક ભાવ પ્રકટ થાય, એવા કાર્યથી સમજી શકાય છે કે, મારા જેવા બીજા માણસમાં પણ મન છે. જ્યાં સુધી તમે

જાણી શકતા નથી કે, મારા મિત્રના માથામાં ભેજાં છે, ત્યાં સુધી તમે તેના મનના અસ્તિત્વપર વિશ્વાસ રાખતા નથી. મન અથવા જ્ઞાન દેશકાળમાં બદ્ધ છે માટે શરીર સંભવ નથી. પરંતુ જે જ્ઞાન વિશ્વવ્યાપી છે તેને માટે શરીર સંભવ નથી.

પ્રાકૃતિક શક્તિ અને મનુષ્યમાં બીજા એક વિષયમાં પ્રભેદ છે. માણસ બોલી શકે છે, પ્રાકૃતિક શક્તિ બોલતી નથી. પરંતુ માણસની ભાષા તથા કાર્ય ખરી રીતે જોતા એક છે. એક માણસે ઘડિયાળ બનાવી; અને કોઇ વિષયપર બોલ્યો. ઘડિયાળ બનાવવામાં શું થયું ? કેટલાક જડપદાર્થને ગોઠવ્યાથી એક મતલબ પ્રકાશ થઇ. કહેવામાં શું થયું ? કેટલાક શબ્દ ગોઠવ્યાથી એક મતલબ પ્રકટ થઇ. ભાષા પણ એક જાતનો સંચો છે. અભિપ્રાય અંદરની વસ્તુ છે, સંચો અથવા ભાષાએ બહારના પદાર્થો હોવા છતાં પણ સંકેત સ્વરૂપ થઇને અંદરનો અભિપ્રાય પ્રકટ કરે છે.

પ્રકૃતિ કે મનુષ્ય એક ઠેકાણે કામ જોઇને જ્ઞાનનું અસ્તિત્વપર વિશ્વાસ કરીએ છીએ. હવે કોઇ કહેશે કે, જ્યારે બેઉ ઠેકાણે સંપૂર્ણ રીતે સરખાપણું નથી-મનુષ્યનું શરીર છે, પ્રકૃતિની શક્તિનું શરીર જોઇ શકતા નથી, મનુષ્યની ભાષા છે, પ્રકૃતિની શક્તિ બોલતી નથી-ત્યારે એક રીતિ પકડીને એક સિદ્ધાન્તમાં આવવું એ શું વાજબી છે !

યુક્તિ વિરુદ્ધ કેમ થાય ? ભાષાજ્ઞાન પ્રકાશક કાર્યમાત્ર છે. શારીરિક સરખાપણાના સંબંધમાં પહેલાં કહ્યું છે કે, કેવળ સરખાપણું જોઇને આપણે એકમેકને જ્ઞાનવાન્ જીવ તરીકે માનતા નથી. જ્ઞાનના ચિહ્ન જોઇને જ્ઞાનનું અસ્તિત્વ સમજી શકીએ છીએ.

ત્યારે શું શરીરનું સરખાપણાનું કંઇ કાર્યકારિતા નથી ? શરીરના સરખાપણાનો એકમેકના ભાવ ગ્રહણ કરવામાં મદદ કરે છે. પ્રાકૃતિક શક્તિની જોડે મનુષ્યનું જેવું કંઈ સરખાપણું નથી; તેથી તેવી મદદ પણ ત્યાં નથી. તેથી સ્થૂલદર્શી માણસોના કાર્યમાં જે પ્રકાર જ્ઞાનનો પ્રકાશ જોઇ શકીએ છીએ, પ્રકૃતિમાં તેવો જોઇ શકતા નથી. પરંતુ સૂક્ષ્મદર્શી માણસો પ્રકૃતિના રાજ્યમાં કે અતલસ્પર્શી અસીમ જ્ઞાનસાગર જોઇ શકે છે, તેની

સરખામણીમાં મનુષ્યનું જ્ઞાન સામાન્ય ધૂળ તરીકે પણ અનુભૂત થતું નથી.

માણસ જે માણસનું જ્ઞાન વધારે સ્પષ્ટ રીતે અનુભવે છે, એમાં કંઈ આશ્ચર્યપણું નથી. માણસ પરિમિત જ્ઞાના પદાર્થ છે; મનુષ્યનું જ્ઞાન, ભાવ બધાજ ઘણાજ નાના પદાર્થ છે; તેથી માણસ માણસના જ્ઞાનને સહેજ સમજશે, મનુષ્યના ભાવને સહેજ ધારણ કરશે, એ તો સંભવે. જે જ્ઞાનમયી અસીમશક્તિ આ સુવિશાળ બ્રહ્માંડને પરિચાલિત કરેછે, આ સુવિશાળ બ્રહ્માંડના નાના મોટા બધા વિષયની સુવ્યવસ્થા કરેછે, તેને ધારણ કરવો એ કઠણ થશે, તે તો સહેલાઈથી સમજાયછે. પરંતુ પ્રેમ રહેવાથી, વિચાર કર્યાથી પ્રકૃતિમાં સ્પષ્ટ ઉજ્વલ સર્વત્રવ્યાપી જ્ઞાનનો પ્રકાશ જોઈને કેવલ કૃતાર્થ થઈ જાયછે.

જેમ એક બાજુએ સરખાપણું વધારેછે, તેમ બીજી બાજુએ જ્ઞાનકૌશળ ઘણું વધારે છે. આ બ્રહ્માંડમાં જે દુરવગાહ્ય જ્ઞાન રહેલું છે, તેની જોડે તુલના કર્યાથી મનુષ્યનું જ્ઞાન કંઈજ નથી. ઉલટું કહી શકાશે કે, મનુષ્યમાં બુદ્ધિ, કોઈ જ્ઞાન નથી, પરંતુ આ વિશ્વકાર્યમાં જે જ્ઞાનની ઓળખાણ મળતી નથી, એવું કદી પણ કહી શકતા નથી. સામાન્ય એક ઘાસ, એક પાણીના ટીપામાં જે જ્ઞાનની ઓળખાણ રહેલીછે, મનુષ્ય વિરચિત મોટા મોટા સાહિત્ય દર્શન તેની આગળ હાર ખાયછે.

અનીશ્વરવાદી તાર્કિક કહેશે કે, જ્ઞાનના વિના શું કૌશલ ઉત્પન્ન થઈ શકતું નથી? ઘટનાક્રમથી શું કૌશળ થઈ શકતું નથી. ઘટનાક્રમથી કૌશળ ઉત્પત્તિ શી રીતની છે? ગઈ રાતની સુવાની આગમજ એક ખડિયો, કલમ, કાગળ પેટીમાં બંધ કરીને રાખ્યાં હતાં; સવારના પહોરમાં ઉઠીને જોયું, તો તે ત્રણના સહયોગથી એક નિબંધ લખાયલો છે. આ બોલવાપર કોઈ વિશ્વાસ કરશે? જો જ્ઞાનના કર્તૃત્વના વિના કેવળ માત્ર જડ પરમાણુના સંયોગથી આવું અદ્ભુત બ્રહ્માંડ બની શકે, તો જ્ઞાનનું કર્તૃક વિના કેવળ ખડિયો કલમ, કાગળના સંયોગથી એક નિબંધ રચાય એમાં આશ્ચર્ય શું? થિયોડર પાર્કર કહે છે કે એક આંગળીના માપ જેટલી જમીનની ઘાસમાં જે જ્ઞાન કૌશલ રહેલુંછે, તેની સાથે સરખાપણીમાં જગતના બધા સાહિત્ય

દર્શન કંઇજ નથી.

છાપખાના ટાઇપ ઘટનાક્રમથી વિશેષ ભાવે ગોઠાયાથી, ઘટનાક્રમથી તેનાપર શાહી લાગે, ઘટનાક્રમથી તેના ઉપર કાગળ આવી પડે ઘટનાક્રમથી એક આશ્ચર્ય જ્ઞાનવાળો ગ્રંથ છપાય એ શું અસંભવ છે! એ જો અસંભવિત હોય, તો દુરવગાહ્ય જ્ઞાનપૂર્ણ આશ્ચર્ય બ્રહ્માંડવેદ જડ પરમાણુથી સંરચિત થયું છે, એ બાબત શું ઘણું દરજે વધારે અસંભવ નથી?

રસોડામાં ખાંડ, આટો, લાકડા વગેરે રાખ્યા, થોડી વારે જઇને જોયું, તો ઘટનાક્રમથી સામગ્રીઓના યોગ્ય સંયોગ થઇને અતિ ઉત્કૃષ્ટ મીઠાઇ થઈ છે. એ શું અસંભવિત છે? એ જો અસંભવિત થાય, તો જે બ્રહ્માંડના એક કણ માત્ર જાણવા માટે ન્યુટન, બેકન, આરિસ્ટોટલ, આર્કમીડનાં માથાં ફરી ગયાં છે, તે અંધ જડ શક્તિથી ઉત્પન્ન થયું, એ શું મુશ્કેરીનો વિષય નથી?

પ્રકૃતિના અન્તર્ગત આશ્ચર્ય કૌશળો ઘટનાક્રમથી ઉત્પન્ન થયા છે, એના જેવી અસાર વાત બીજી કંઈજ નથી. જગતવિખ્યાત ડારવિને વનસ્પતિ વિદ્યા નામનું પુસ્તક રચેલું છે. જેમાં પ્રાણી જગતમાં સ્ત્રી પુરૂષના સંયોગથી બચ્ચાં ઉત્પન્ન થાય છે, ઝાડ પેડોમાં પણ તેવું કામ થાય છે. આરકિડ નામની વનસ્પતિમાં આ રીત પ્રમાણે કામ થઇને જે આશ્ચર્ય ફળ ઉત્પન્ન થાય છે, તેના વિસ્તર વર્ણન કરીને ડારવિન કહે છે કે આવી કૌશળ શું ઘટનાક્રમથી થઈ શકે? ઘટનાક્રમથી એ કદી થઇ શકતી નથી, આવો સિદ્ધાન્ત કરીને ડારવિને કહ્યું છે—"It not accidental, and I cannot believe it to be accidental, what a singular case of adaptation"

(Ferticzation of Orchids.)

સૃષ્ટિ કૌશળના વિરુદ્ધમાં હાલના સમયના અનીશ્વરવાદીયોએ એક નવી બાબત કહેવાનો આરંભ કર્યો છે, તેઓ કહે છે કે, તમે જે વિશ્વકર્મમાં જે કૌશલો જુઓ છો, એ કોઇ જ્ઞાનમય પુરૂષના અભિપ્રાયથી બનેલી નથી. ક્રમવિકાસ અથવા વિવર્તનવાદના નિયમાનુસારે એ બધી પોતપોતાની મેળે થાય છે. ક્રમવિકાશ અથવા વિવર્તનવાદ કોને કહે છે. આ જગાએ સારી

સૃષ્ટિકૌશળ સમજાવવા માટે એમ કહો કે, મૂળ જડ પરમાણુમાં એવી શક્તિ છે કે, જેનાથી આ બધા કૌશળો થયા છે, તો કંઇ સમજાવવામાં આવ્યું નહિ. આશ્ચર્યકૌશલ્યપૂર્ણ પક્ષી દેહ શી રીતે થયા? ઇંડામાંથી. કેવળ આટલુંજ કહેવાથી શું તેનો યથાર્થ જવાબ અપાયો કહેવાય? જટિલ કૌશળમય ઝાડ શી રીતે થયા? બીજથી. આ બોલવાથી શું સર્વ સમજાયું? કંઇ નહિ.

પક્ષીઓનાં દેહની કૌશળ ઇંડાંમાં આવી છે, તેથી કહેવાશે કે ઇંડાંમાં કૌશળ અવ્યક્ત ભાવથી રહેલી હતી. ઝાડમાં જે કૌશળ છે, તે બીજથી આવી છે; તેથી કહેવું પડશે કે, ઝાડમાં જે કૌશળ પ્રકટ થાય છે, બીજશક્તિમાં તેજ અદૃશ્યભાવથી રહેલ છે. તેમ આ જગતમાં જેટલા કૌશળ જોઇએ છીએ, તે બધા જડ પરમાણુમાં આવ્યા છે, તો આવું કહી શકાય કે પ્રાકૃતિક કાર્યમાં જે કૌશળ દેખાય છે, તેજ અવ્યક્તભાવથી પરમાણુમાં છે. જો કહો કે, પરમાણુના ગુણથી કૌશળ થાય છે, તો કંઇ કહેવાયું નહિ; કેવળ તમે એક પગલું પાછા હઠ્યા એટલુંજ માત્ર.

જડની શક્તિ જે નિયમાનુસારે એ ક્રમિક કામ કરે છે, આ એકમાંજ કૌશળ છે. તેથી આ બે વાતો નીચેનીજ કૌશળ સમજવા જેમ નથી.

મૂળ પરમાણુમાંજ જે અભિપ્રાય રહેલ છે, તે વિષય એક બીજું પરમાણુની બનાવટમાંજ અભિપ્રાય રહેલો છે. જો બધાં પરમાણુ એક જાતના ગુણવાળા હોત, તો પરમાણુથી જગત થાત નહિ. કેમકે તેમ હોવાથી રાસાયનિક સંયોગની પેઠે જીવ પંચભૂત તથા બીજા પદાર્થની સૃષ્ટિ થવી એ અસંભવિત થાત. કેવળ એકથી કંઇ થતું નથી, ઓછામાં ઓછું બેઉના સહયોગની જરૂર છે.

વળી જો પરમાણુઓ વિપરીત ગુણવાળા થાત, અર્થાત જો એવું થાત કે, કોઇ પરમાણુની સાથે કોઇ પરમાણુ મળે નહિ, તો જગતના વિવિધ પદાર્થ ઉત્પન્ન થઇ શકત નહિ કેમકે બધા પદાર્થ, મૂળ પરમાણુઓના સંયોગ વિયોગનું ફળ છે.

વળી જો એવું થાત કે, બધા પરમાણુઓ પરમાણુની જોડે મળત,

તો ઉત્પન્ન થાત નહિ. કેમકે તેમ થવાથી વિવિધ પદાર્થની ઉત્પત્તિ થવી એ અસંભવિત થાત. બધા પરમાણુ એકઠા મળીને એક મોટી સમષ્ટિ ઉત્પન્ન માત્ર થાત.

વળી જુઓ, વિશેષ વિશેષ માપના વિના પરમાણુમાં પરસ્પર રાસાયનિક સંયોગ થતો નથી. હાઈડ્રોજન અને આક્સિજન મળવાથીજ પાણી થાય છે એમ નથી. અમુક માપમાં હાઈડ્રોજન તથા અમુક માપમાં આક્સિજન મળવાથીજ પાણી ઉત્પન્ન થાય છે. હાઈડ્રોજન તથા આક્સિજન એકત્ર થવાથીજ પાણી થાય છે એમ નથી; મુકરર માપથી વધતુ ઓછું થવાથી થતો નથી.

પરંતુ ચૈતન્યવિહીન આંધળા જડ પરમાણુમાં માપનું જ્ઞાન તથા સંબંધ બોધ શી રીતે આવ્યો? સંબંધ તથા માપનું જ્ઞાન જ્ઞાનનો ધર્મ છે, તે જડનો ધર્મ નથી.

આ બાબતના ઉપર વિચાર કરીશું તો સમજાય છે કે, કેવળ પરમાણુથી વિશ્વકૌશળ ઉત્પન્ન થતું હોય એવું નથી. મૂળ પરમાણુમાંજ કૌશળ તથા અનુભવ સમાયલો છે. તેથી મૂળ પરમાણુઓમાંજ જ્ઞાનમય સૃષ્ટિકર્તાના અસ્તિત્વના પ્રમાણ રહેલા છે.

બીજા પ્રકારના વિવર્તવાદીઓ કહે છે કે, જડથી જડ તથા પ્રાણીથી પ્રાણી ઉત્પન્ન થયા છે. એક જાતના આદિમ જીવથી કરોડો જાતના જીવ શી રીતે ઉત્પન્ન થયા? આદિ જીવ જે અવસ્થામાં જન્મ્યા છે અથવા જે અવસ્થામાં રહેલ છે ઉપર કાળથી તે અવસ્થામાં ફેરફાર થવાથી ધીરે ધીરે તેના શરીર તથા મનના ફેરફાર થયા, તે નવી અવસ્થાના ઉપયોગી શરીર તથા મન મેળવે છે. માબાપના શરીરના તથા મનના ગુણ છોકરાં મેળવે છે એ સ્વભાવનો એક નિયમ છે. તેથી માબાપના જૂની તથા ફેરફારવાળી પ્રકૃતિ તેઓનાં છોકરાં મેળવે છે. ધીરે ધીરે પેઢી દર પેઢીએ નવી અવસ્થાના અનુપયોગી જૂની પ્રકૃતિ નાશ પામે છે અને તેના ઉપયોગી નવી પ્રકૃતિની ઉત્પત્તિ થાય છે. આવી રીતે પેઢી દર પેઢીએ ફેરફાર થઈને જીવનાં શરીર મન સંપૂર્ણ રીતે નવી અવસ્થાના ઉપયુક્ત થાય

છે. અથવા એવું કહીએ, તો ચાલે કે ધીરે ધીરે એક [illegible] તથા નવી [illegible] થઇ પડે છે.

શરીરના જે અવયવ અથવા અંગની જે શક્તિ વધારે વાપરવી [illegible] વામાં આવે છે, તે અંગ તથા શક્તિ ધીરે ધીરે પ્રબળ તથા કાર્ય કરવામાં સમર્થ થાય છે. વળી જે અવયવ અથવા શક્તિનો વાપર જેટલો થોડો થાય છે, તેટલા તે અવયવ અથવા શક્તિ ધીરે ધીરે ઓછું થાય છે. આ બીજા જાતના સ્વાભાવિક નિયમાનુસાર, નવી જાતોમાં અવયવ [illegible] કેટલાક દુર્બલ અથવા શક્તિની આવશ્યકતા દૂર થયેથી તે અંગ ધીરે ધીરે દુબળા તથા નકામા થઇ પડે છે. કેટલુંક તો તદ્દન જતું રહે છે. આવી રીતે કોઈ કોઈ અવયવ તથા શક્તિ [illegible] તથા શક્તિની ઉત્પત્તિ થવાથી [illegible] નવી જાતના [illegible] ઉત્પન્ન થાય છે.

આ વિવર્તનવાદનો મત અનુભવ તથા પરીક્ષા કરવાથી ખરો થાય છે કે નહિ તેમ વિચારવાથી [illegible] કહેવું જરૂર છે કે, [illegible] Reign [illegible] ૧૮૬૭ [illegible] સિદ્ધ કર્યું છે કે, હમીંગ બર્ડ (Humming bird) [illegible] વિવર્તન-વાદના નિયમ કામ કરતા નથી.

બે તરફ નજર કરીએ તોપણ, [illegible] વિવર્તનવાદ [illegible] ઢંગી [illegible] વ્યાખ્યા કરવામાં [illegible] આકારમાં [illegible] છે, [illegible] માણસ [illegible] [illegible] [illegible] નહિ. [illegible] [illegible] તો [illegible] નહિ. [illegible]

(કહેશે) શામાટે છે. વાયુ આગળના પક્ષીનું કેહરૂપી મઝલા ચલાવવા માટે.*

આકુળા ખોતરીમાં બેસીને પેલું બચ્ચું હંડાં શામાટે મૂકેછે. શું મરઘીયો ઇંડાં મૂકવાને માટે? તે તો જ્ઞાન વિના બચ્ચો નથી, ત્યારે એ તત્વ શી-રીતે તેણે જાણ્યું? અને તેને શાખવ્યું? ઇંડાંઓમાંથી બચ્ચું નીકળશે તેથી તેના આટલો આગ્રહ છે? બચ્ચાં નીકળ્યાથી તેને લાભ શો? બચ્ચું શું તેને વળત કરશે? બચ્ચાની જોડે તેઓને કેટલાક ચિરકાળનો સંબંધ છે? પક્ષી શું પોતાની સ્વતંત્ર ઇચ્છાથી પોંખમાં ઇંડાં રાખીને બેસીછે? જે શક્તિ આ સુવિચારથી પ્રવૃત્તિ સ્થાપન કરાવેછે, તે શક્તિ આ અબોધ પક્ષીને પોતાના ઇંડાંના ઉપર નિરંતર બેસાડી રાખેછે.

વળી જ્યારે વખત આવે ઇંડાં ફુટીને બચ્ચાં નીકળેછે, ત્યારે તેઓને અન્નપાન માટે પક્ષી અને પક્ષિણી આસક્ત તથા યત્નવાન હોય છે. કેટલી મુશ્કેલીથી ખાવાનું શોધીને બચ્ચાંના મુખમાં આપેછે. શત્રુના હાથથી બચાવવા માટે સર્વથી સાવચેત રહેછે. બચ્ચાં પાંખમાંથી સહજે બચ્ચાં શૂન્યમાં ઉડવાના વખત સુધી પક્ષીના પ્રયત્ન અને યત્નાદિને જોવાથી અવાક થવાય છે. પક્ષી આવી આસક્તિ શામાટે કરતી હશે? પક્ષી આવાં [illegible] કરતી નથી. જે જગતની આ આશ્ચર્યકારિત બુદ્ધિછે, તેજ જગતના બચ્ચાંને સુ-[illegible] રક્ષા કરેછે.

[illegible] કરેલો [illegible] જળમાંથી સ્નેહની સાથે ચાટેછે [illegible] બચ્ચાંની [illegible] તે [illegible] નીચે કરીને બચ્ચાંને આ-[illegible] બચ્ચાંને [illegible] કરવા માટે તેનો આટલો આગ્રહ શામાટે છે? રક્ષાને માટે માણસ [illegible] તો તેનો વિચાર નથી.

[illegible] કોઈ સંચાર થવાથી [illegible] બચ્ચાંને માટે [illegible] જુદી જુદી જગ્યાએથી [illegible] આ-[illegible] એકઠું કરેછે. [illegible] સુતરાઉ [illegible] નિયમ છે, ઇંડાં

---

* પક્ષીની [illegible] જે લોકોની ઇચ્છા હોય તે a Duke of Argyll's Reign of Law નામનું પુસ્તક વાંચવું. પ્રોફેસર Flint એ [illegible] Mastery કહ્યું છે.

પ્રમાણે કર્તાનેજ અસર: મરી જાયછે. હવે જે એકઠો કરેલો ખોરાક રહે છે, અને ઇંડાં રહેછે. ધીરે ધીરે ઇંડાંમાંથી બચ્ચાં નીકળેછે, તેઓને માટે એકઠો કરેલો ખોરાક તેઓની સામે રહેલો છે. તે ખોરાક ખાઇને તેઓ વધેછે. જુઓ જોઇએ, કેવો આશ્ચર્ય આકાર! ભમરો જ્યારે ખાવાનું એકઠું કરે છે, તેપણ જાણતો નથી કે, હું શાના માટે ખાવાનું એકઠું કરી રાખુંછું એવા એક જણને માટે તે પરિશ્રમ કરેછે, જેને તેણે કદી જોયો નથી. વળી તે ખોરાક જે ખાયછે તે પણ જાણતો નથી કે તેને માટે આ એકઠો કરેછે. એકઠો કરનાર કદી તેની ઇંદ્રિય [illegible] વિષય થયો નથી.

બીજા પ્રાણીઓના વૃત્તાન્ત ઉપર વિચાર કર્યાથી જોવામાં આવેછે કે, તેઓને ઘણાકના કાર્યમાં સુસ્પષ્ટ અભિપ્રાય પ્રકાશ થાયછે, તે છતાં તે અભિપ્રાય તેઓના પોતાના નથી. પક્ષી, [illegible] તથા ભમરાના જે દૃષ્ટાંતો આપ્યાં છે, એના ઉપરથી આ બાબત સારી રીતે સિદ્ધ થાયછે. વિશેષ કરીને જે ભમરાનું કામ વર્ણન કરવામાં આવ્યા છે, એ સૌ કરતાં પ્રકૃતિના અન્તર્ભૂત જ્ઞાનમયી શક્તિનું અસ્તિત્વ પ્રકાશ કરેછે.

કેવળ પ્રાણીઓજ નહિ પણ માણસ પણ ઘણાક વિષયમાં સ્વાભાવિક પ્રવૃત્તિના વશીભૂત થઇને કામ કરે છે, તે છતાં તેમાં પોતે પોતાનો એક ઉદ્દેશ સિદ્ધ થાય છે.

નાનું બાળક ભૂખથી અસ્થિર થઇને દૂધ પીએ છે, શારીરિક અભાવ દૂર કરવાને માટે ખાવાની જરૂર છે એ મોટો થયા પછી શીખશે, હમણાં પ્રકૃતિ તેને બળ પૂર્વક ખવાડે છે. જેઓ [illegible] આ માટે? પ્રકૃતિ અનુભવ જ્ઞાનેજ બળ પૂર્વક ખવાડે છે. ભૂખ એક સ્વાભાવિક વિષય છે, એમાં સ્પષ્ટ અભિપ્રાય પ્રકાશ થાય છે. તે અભિપ્રાય માણસનો પોતાનો નથી. ત્યારે કોનો છે? અભિપ્રાય જડનો ધર્મ નથી; જ્ઞાનનો ધર્મ છે.

એક એક સ્વાભાવિક પ્રવૃત્તિ પરમેશ્વરની કેવા વિષયમાં એક એક મોટી સાક્ષી છે. પ્રત્યેક પ્રવૃત્તિમાં એક એક મતલબ રહેલી છે, તે છતાં માણસ અથવા બીજાં જીવ વિચાર વિતર્ક કરીને તે મતલબ પેદા કરતા નથી. ત્યારે એ કોની?

જેમ પ્રકૃતિ ચરિતાર્થ કરીને શુભ મેળવવા માટે કેટલાં કામ કરે છે, તે જોતાં તેમાં વિશ્વવ્યાપિની શક્તિનો ગૂઢ અભિપ્રાય સિદ્ધ થાય છે. ભૂખ તરસ વગેરે શારીરિક પ્રવૃત્તિ અને કામ, આપત્તિ ક્રોધ વગેરે માનસિક પ્રવૃત્તિ ઈશ્વરના અસ્તિત્વનું અખંડનીય પ્રમાણ રૂપ છે. જેટલો વિચાર કરશો તેટલો અતીન્દ્રિયતિનો ઉત્કૃષ્ટ સત્તા અનુભવ થશે.

ઈશ્વર અચેતન શક્તિ છે કે સચેતન પુરૂષ છે?

આ પ્રત્યક્ષ ઇન્દ્રિયગમ્ય વિશ્વ પ્રપંચના મૂળમાં એક અનિર્વચનીય મહાશક્તિ રહેલી છે તે વાત કબુલ કરે છે, યાવત ધર્મ મતોના સત્ય જેઓએ ઉડાડી નાંખ્યા છે, અને ઈશ્વરની પ્રકૃતિ તથા સ્વરૂપને જેઓએ ગણુસરી અજ્ઞાત કરીને બતાવ્યા છે, તેઓ પણ આ મહાશક્તિનું ઉપસ્થિતિપણું નાકબુલ કરી શકતા નથી. જાનેવારી ૧૮૮૩ ના Nineteenth Century નામના અંકમાં નીકળેલા એક નિબંધમાં હર્બર્ટ સ્પેન્સરે એક નિબંધ લખ્યો છે, તેના ઉપસંહારમાં જગતના આદિ કારણને આવી રીતે વર્ણન કર્યું છે:—

"An Infinite and Eternal Energy from which every thing proceeds."

"અર્થાત્ જગતમાં એક અનન્ત તથા અવિનાશી શક્તિ છે, જેનાથી ચરાચર વિશ્વ નિર્ગત થયું છે." જોન સ્ટુઅર્ટ મીલે પોતાના રચેલા Three Essays on Religion નામના પુસ્તકમાં એક ઠેકાણે આવું લખ્યું છે:—

"It would seem then that, in the only sense in which experience supports in any shape the doctrin First Cause—viz, as the primæval and universal element in all causes, the First Cause can be no other than Force"—.

Mill's Essay on Theism.

"અર્થાત્ કારણ સંબંધમાં આપણી જે અભિજ્ઞતા છે અને કારણ શબ્દનો અર્થ આપણે જે સમજીએ છીએ, અર્થાત્ સર્વ કારણોનો આદિ તથા સર્વવ્યાપી કારણ રૂપે જે રહેલો છે, તે અર્થમાં શક્તિ સિવા બીજા કોઈને કારણ કહેવાઈ શકાતો નથી."

ઉપલા બે વિદ્વાનોના અભિપ્રાયથી એક અનિર્વચનીય મહાશક્તિથી આ બ્રહ્માંડ ઉત્પન્ન થયું છે, કેમ તે પણ નથી, આ આદિશક્તિ એક અનંત તથા અવિનાશી છે. આના ઉપરથી પહેલો સવાલ એ નીકળે છે કે આ શક્તિ એક છે તેનું પ્રમાણ શું? કોઈ કહે છે કે, આ બ્રહ્માંડ બે અથવા તેનાથી વધારે શક્તિથી ઉત્પન્ન થયું નથી? એનો જવાબ જાન સ્ટુઅર્ટ મિલે એક પુસ્તકમાં આપેલ છે—

"The force itself is essentially one and the same; and there exists of it in nature fixed quantity, which is never increased or diminished."

"અર્થાત્ આ શક્તિ મૂળમાં એક અને અભિન્ન છે, અને બ્રહ્માંડમાં મુકરર પરિમાણે છે; જેનું વધવા ઓછાપણું નથી."

આ શક્તિ એક તથા અક્ષય અને એનાથી વિશ્વનાં કાર્ય થાય છે; તેથી એ સર્વ વ્યાપી છે. તેઓ પણ એ વાતનો પણ કબુલ કરે છે કે, આ વિશ્વના અન્તરાળમાં એક મહાશક્તિ રહેલી છે, જે સર્વ વ્યાપી, સર્વગત, સૂક્ષ્મ, અવિનાશી તથા અનન્ત છે.

પણ એ શક્તિની પ્રકૃતિ શી છે? મિલના કહેવાપરથી જણાય છે કે, તે આ શક્તિને સંપૂર્ણ રીતે જડશક્તિ તરીકે અનુભવે છે, જેમ વિજળી અથવા મેગ્નેટિઝમ શક્તિ છે તેવી, પણ આપ જડશક્તિ માત્ર છે, તેમ આ આદિ શક્તિ પણ જડશક્તિ માત્ર છે. સ્પેન્સર કહે છે કે, આ શક્તિનું સ્વરૂપ જાણવાથી બાહર છે. તે છતાં તેઓ પ્રસ્તુત શક્તિ ઉપલા સિવાય બીજા એક અંકમાં કબુલ કરે છે કે, માનવ ચૈતન્યમાં પણ આ શક્તિ પ્રકાશ આપે છે—" it wells up in consciousness"—"આ શક્તિ માનવની ચિત્ શક્તિમાં ઉત્સારિત થાય છે." બીજી જગા

એ પણ કબુલ કર્યું છે—Something more than consciousness"
અર્થાત્ ચિત્શક્તિ કે જેનાથી આપણે જે સમજીએ છીએ, તે શક્તિના કરતાં
બીજી નથી, પણ તેના કરતાં અધિકતી છે.

હવે એકવાર વિચાર કરવો જોઇએ કે, આ આદ્યશક્તિના વિષે સ-
ત્યના સિવાય બીજું કંઈ કહ્યું છે કે નહિ ? એનસાઇક્લોપીડિયામાં અહીંથી પ-
હેલાં આવ્યું છે, તેમાં તેણે કહ્યું છે કે, મનુષ્ય વિશ્વ આ મહાશક્તિની
નીકળ્યું છે, એ મહાશક્તિએ રચના કરી નથી, પણ એના યોગે નીકળી
છે અર્થાત્ આમાંથી જેમ એક નીકળે છે, જેમ પક્ષીમાંથી ઇંડાં નીક-
ળે છે, તેમ જગત આ શક્તિરૂપ ચિત્શક્તિ સ્વરૂપ જણાશે. આના ઉપરથી
આ પ્રકાશ થાય છે કે, મનુષ્યની ચિત્ શક્તિ ક્યાંથી આવિર્ભૂત થઇ ? અને
આત્મા કેવી રીતે ઉત્પન્ન થયો છે ? એવી રીતે સમજાય છે. આ પ્રકૃતિ
આત્માનામના ચૈતન્ય ક્યાંથી ઉત્પન્ન થયું હોય તે શોધી જોવું ? જેથી ચિત્શક્તિ
પરિણામ પામી હોય તે જ, આ પ્રાણીની અવસ્થા એક તેમાંથી તરત
થયેલી હતી અને તે મનુષ્ય તે ગણું કરવાની મનુષ્યનું ચૈતન્ય તો ઘણું
મોડું પણ એમ જાણી શકાય તેમ હોય એમ જણાય છે. ઉપર લખેલા ગ્રં-
થમાં એક ઠેકાણે લખ્યું છે; There is a vast amount of
evidence that the state of our planet was once such
as to be incompatible with animal life, and that human
life is of very much more modern origin than animal
life—*Essay of Human*.

અર્થ—"એવા પુષ્કળ પ્રમાણ છે કે આપણી આ પૃથ્વીની અવસ્થા
એક વખતે એવી હતી કે, એ કેવળ જીવન જીવન રાખવાને ઉપયોગી
નહોતી, અને મનુષ્ય જીવન બીજા જીવનના પછી ઘણી મુદત બાદ
ઉત્પન્ન થયું છે."

Encyclopedia Britannica નામના ગ્રંથમાં પ્રખ્યાત Huxley
સાહેબે (Biology) અર્થાત્ જીવનતત્વ ઉપર એક વિષય લખ્યો છે
તેમાં એક ઠેકાણે લખ્યું છે—

"The cond, tion of the globe way at one time such, that living matter could not have existed in it, life being entirely incompatible with the gaseous state."—

અર્થ—" પૃથ્વીની અવસ્થા એક વખતે એવી હતી કે, તે વખતે કોઇ જીવતા પ્રાણીનું એના ઉપર રહેવું એ અસંભવ હતું; કારણ વરાળની અવસ્થા કોઇ જાતના પ્રાણીનું રહેવું સંપૂર્ણ રીતે અનુપયુક્ત હતું."

આના ઉપરથી જણાય છે કે, આ પૃથ્વી એક વખતે તરળ ગરમ વરાળવાળી તથા જીવન ધારણના અનુપયોગી હતી તે વખતે એમાં વિચિત્ર શક્તિવાળી આત્માઓનો રહેવું એ તો એક બાજુએ રહ્યું, પણ જીવનું જીવન પણ નહોતું. પરંતુ અત્યારે જીવન નહોતું, જીવન આવ્યું છે. ક્યાંથી આવ્યું છે? આ પ્રશ્નના બે પ્રકારના ઉત્તર છે. પહેલો ઉત્તર જડની ઇશ્વરની હાલત માત્ર છે, બીજો ઉત્તર એ છે કે કોઇ ચેતનમય પુરુષથી બનેલો છે. હવે જોવાનું આવે છે કે, પહેલો ઉત્તર જેઓ મુકનારાઓ છે, તે સપ્રમાણ થાય છે કે નહિ? એ શંકા આવે કે, જડથી જીવનની ઉત્પત્તિ થઇ છે, તો આવું કહેવાથી કે, અચેતન શક્તિ ચેતનને ઉત્પન્ન કરી છે. એ શી રીતે થયું. ઉપલા વિષયમાં હક્સલિ (Huxley) કહે છે.

" The properties of living matter distinguish it absolutely from all other things, and the *present state of knowledge furnishes us with no link between the living and the non-living.*"

અર્થ—સજીવ પદાર્થના ગુણો તેને બીજા બધા પદાર્થોથી સંપૂર્ણ રીતે જુદા કર્યા છે; આપણી જ્ઞાનની હાલની અવસ્થામાં શી રીતે જડથી ચેતનની ઉત્પત્તિ થઇ તે આપણે જાણતા નથી."

ઉપલા વિષયમાં બીજે ઠેકાણે તે લખે છે,—

" of the couses which have led to the origination of living matter, it may be said, that we know abolutly nothing."

અર્થ—" શી રીતે આરંભમાં સજીવ પ્રાણી ઉત્પન્ન થયા છે, આ પ્રશ્નના ઉત્તરમાં એટલું કહી શકાય છે કે, તે વિષે આપણે કાંઇ જાણતા નથી."

વોરણ્યુ જો તમે કહો કે [illegible] ચૈતન્યની ઉત્પત્તિ થઈ છે, તો ચિત્તવાદીના એક મુખ્ય નિયમ બાધ [illegible] આવે છે. તે આપણા દેશમાં ન્યાય શાસ્ત્રમાં ધારવામાં આવેલો છે. નિયમ આ છે; કાર્યના ગુણો કારણના ગુણોના પ્રમાણે થાય છે. ધારો કે પાણી તેજ વગેરે પદાર્થ મળીને પથ્થરની ઉત્પત્તિ થાય છે. [illegible] એવું કહી રહી શકતું નથી, જે પહેલાના કારણો પ્રકૃતિ કોઈ અવસ્થામાં રહેલા હોય. એ યુક્તિના અનુસારે એક [illegible] રહી શકે છે, કે જો [illegible] કોઈ પ્રકારે તે આદિશક્તિમાં રહેલુ નથી, ત્યારે ક્યાંથી [illegible] આવ્યું ? [illegible] કિલે તેના જવાબમાં [illegible] છે કે, ગમે તે [illegible] જમીનમાંથી જેમ સુંદર ઝાડ તથા પુષ્પાદિ ઉત્પન્ન થાય છે, તેમ સ્થૂલ જડથી સૂક્ષ્મ ચેતન થયું છે, તેમાં વિચિત્ર શું છે ? [illegible] કીચડવાળી માટી અને [illegible] નિયમ શું ? તેમ [illegible] પદાર્થ [illegible] ચેતન તે [illegible] દૃષ્ટાંત અમને [illegible] થતા. અમે પૂછીએ છીએ કે પુષ્પમાં એવા શા ગુણ છે કે [illegible] નવીન [illegible] ભાવ સર્વના [illegible] હતું. તેમ શું આવું [illegible] કે [illegible] ચિત્તશક્તિ તે આદિકારણ મૂળ [illegible] કાર્યના ગુણ [illegible] કારણના ગુણો થાય છે તેમ [illegible] આ બે [illegible] નથી, કે [illegible] થાય છે. [illegible] તૈયાર [illegible] પણ ચિત્તને નાશ કરવાને ગુણ નથી [illegible] કરનાર થાય છે. [illegible] જેમ [illegible] છે કે, કાર્યમાં એક [illegible] આવિર્ભાવ થાય છે કે, જે કારણીભૂત પદાર્થોમાં હોતો નથી. તેમ [illegible] નથી કે, ચૈતન્ય આ દેહના નિદાનભૂત ધાતુઓમાં [illegible] નહોતા. [illegible] તેઓના સંયોગિક દેહપિંડમાં [illegible] પામે છે ? [illegible] પણ પ્રમાણ થયું નહિ [illegible] કહેવામાં આ-

ખ્યું કે, જે રીતિથી ચુનો હલદના મેળાપથી લાલરંગની ઉત્પત્તિ થાય છે, તેવી પ્રકાર રીતિથી જડથી ચેતન ઉત્પન્ન થયું હશે. એને પ્રમાણ કહેવાતું નથી. કારણ કે જે માણસ તે લાલ પદાર્થને જોઈને કહે છે કે, એ ચુનાને હલદના મેળાવથી ઉત્પન્ન થયેલ છે, તેને આવા પ્રકારે સિદ્ધ કરી શકે છે. (૧) તે ભેળવેલા પદાર્થોને રસાયણની મદદથી પૃથક્કરણ કરીને ચુનો તથા હળદરને જૂદા પાડીને દેખાડી શકશે (૨) તે ચુનો તથા હળદરને ભેળવીને તે લાલ પદાર્થ કરી દેખાડી શકશે, (૩) તે ચુનો તથા હળદરમાં એવા ગુણો શોધીને દેખાડી શકશે કે, તેના મેળાપથી લાલરંગ આવશે. તેવી રીતેથી આપણે એવું કંઇ પ્રમાણ [illegible] છે કે, એમાં જડના પદાર્થની પરીક્ષા [illegible] પ્રમાણ [illegible] તેવા પ્રમાણ નહિ આપવાથી તેનું બોલવું [illegible] નથી. તે [illegible] જડને અવલંબીને ચેતન ઉત્પન્ન કરી, (૨) એવા ચેતનનું પૃથક્કરણ કરીને જડને દેખાડે (૩) નહિ તો રસાયન ક્રિયાની મદદથી [illegible] કે, જેના ક્રિયા [illegible] આવિર્ભાવ થશે એવું કંઇ પ્રમાણ તે કંઇ નહિ આપી શકે, તો જડથી ચૈતન્યની ઉત્પત્તિ છે તે અભિમાનની સાથે [illegible] " બોલીને જડથી ચૈતન્યની ઉત્પત્તિ થઇ તેમાં [illegible] કે, જે રીતિથી ચુનો તથા હળદરના મેળાપથી લાલરંગની ઉત્પત્તિ થાય છે તેવી કોઇ રીતથી એ થયું હશે" આવા મતને પ્રમાણ કહેવાય નહિ. એટલા માટે જડથી ચેતનની ઉત્પત્તિ એ કહેવું હજુ પ્રમાણિક થયું નથી.

જો કે કબૂલ કરવામાં આવે કે કાર્યના ગુણ કારણના ગુણથી જૂદા થઇ શકે છે, તથાપિ બીજી એક યુક્તિથી જડથી ચેતનની ઉત્પત્તિ આ યુક્તિનું ખોટાપણું નીચલી યુક્તિથી સિદ્ધ કરી શકાય છે.

કાર્યના ગુણ કારણના ગુણથી જૂદા થઇ શકે છે, પરંતુ કાર્યની સત્તા કારણની સત્તાથી જાદા થઇ શકતા નથી. ધારો કે ચુનો અને હળદ આ બે વસ્તુ મેળવીને લાલ રંગ થયો. એટલેથી વસ્તુ જે લાલ રંગ છે તે ઉપરના બે મુળ વસ્તુના બે રંગથી જૂદો છે—એ ત્રીજો એક રંગ છે, પરંતુ

આ બે મૂળ વસ્તુની જે સત્તા છે તેના વિના કોઇ સત્તાક ભિન્ન વસ્તુમાં રહી શકે નહિ—બીજા રૂપની પેઠે બીજી સત્તા રહી શકે નહિ. એવું જોવામાં આવે છે કે, કાર્યના ગુણ જો કે એવા થઇ શકે કે, જે કારણમાં નથી, પરંતુ તેમ છતાં કાર્યની સત્તા એવી થઇ શકે નહિ કે જે કારણમાં નથી. આ યુક્તિથી એ નીકળે છે કે, મૂળ કારણમાં જો ચેતન પદાર્થની સત્તા નહિ રહેત, તો જગતમાં તે કોઇરીતે આવી શકત નહિ. અહિં આ વિશેષ રૂપથી જાણવું જોઇએ કે, ચેતન પદાર્થની સત્તા અને જડ પદાર્થની સત્તા બેમાં એક મુખ્યરીત ભેદ છે, તે ભેદ એ છે કે, ચેતન પદાર્થની સત્તા તેને પોતાને માટે ચેતન પદાર્થ પોતે પોતાની સત્તા અનુભવે છે, જડ પદાર્થની સત્તા પામવાને માટે—ચેતન પદાર્થજ જડ પદાર્થની સત્તા અનુભવે છે. આ કહેવામાં—ચેતન—સત્તા આત્માધિષ્ઠિત, જડ સત્તામાં આવી એક અલગાવ ભાવ સમાઇ રહેલી છે. હવે આ વિષયનો સહજ ફેસલો થઇ શકે છે, જેમકે—જ્યારે કાર્યમાં એવી કંઇ સત્તા રહી શકતી નથી, જે કારણમાં નથી, ત્યારે એ માનવું પડશે કે, મૂળ કારણમાં ચેતન સત્તા રહેલી હોવાથી જગતમાં ચેતન સત્તા આવી શકી છે. બીજું એક એ છે, ધારો કે, જગતમાં ક્યાં પણ કોઇ જીવ નથી, તો જડના જેટલા કેવળ ગુણ છે તે બધા ગતિ તથા સંહતિ (Solidity) આ બે ગુણમાં રહેલા છે. જડ વસ્તુનાં આ બે ગુણના વિના તેમાં બીજા જે ગુણ જોવામાં આવે છે તે બધા જીવના અસ્તિત્વના સાપેક્ષ છે; તેઓના દ્વારે આગ લગાડવાથી તે કાષ્ઠના પરમાણુમાં એક પ્રકારની જે ગતિ ઉત્પન્ન થાય છે, તેમાં કેવળ જીવના અસ્તિત્વના ઉપર આધાર રાખવું નથી—તેજ વિશુદ્ધ રૂપે જડ ગુણ છે, પરંતુ તેના વિના શબ્દાદિ બીજા જે કોઇ ઉત્પન્ન થાય છે, તે બધા જીવન અસ્તિત્વ સાપેક્ષ છે—જગતમાં ક્યાં પણ જો કોઇ જીવ ન રહે, તો શબ્દ વગેરે એક આવિર્ભાવે જગતના કોઇ સ્થાનમાં કોઇ સ્થળે મળી શકશે નથી. એના ઉપરથી આ પ્રમાણ થાય છે કે, ચુનામાં ઠંડક મેળવ્યાથી તેનાથી અલગ વસ્તુમાં જેવો ફેરફાર થાય છે તે મુખ્ય રૂપથી કેવળ ગતિનું પરિવર્તન છે, ચુનાના આણુ (Molecular) અ-

તેની સાથે પ્રબળની આકુંચ ગતિ મળીને બીજી એક પ્રકારની આણ્વ ગતિ ઉત્પાદન કરે છે,–અર્થાત્ વાયુનો વેગ અને આતનો વેગ મેળવીને મળવામાં જેમ બીજો એક જાતનો વેગ ઉત્પાદન કરે છે,–તેમ જીવ એક સામે રહેલો હોવાથીજ ઉપલી મિશ્ર વસ્તુની આકુંચ ગતિ જીવના પ્રાણમાં કાર્ય કરીને તેની આંખપર લાલ રંગરૂપી એક આભાસ ઉત્પન્ન કરે છે. તેથી એ જે અવભાસ, એ જીવાશ્રિત છે. આ યુક્તિ અવલંબીને સહજથી સમજાઈ શકાય છે કે, જડ વસ્તુથી શબ્દાદિ ઉત્પન્ન થાય છે તેથી એવું કંઈ સિદ્ધ થતું નથી કે, જડ વસ્તુથી જીવ પણ ઉત્પન્ન થાય; કેમકે જીવ પહેલા છે તેથી તેને આશ્રય કરીને શબ્દાદિ ઉત્પન્ન થાય છે એવું નથી કે, પહેલા શબ્દાદિ ઉત્પન્ન થાયજ. ત્યાર પછી જીવ ઉત્પન્ન થાય એક તરફ જડ શબ્દાદિ ગુણો બેઉના વશમાં છે; શબ્દાદિ ગુણો જડ વસ્તુની કેટલા પાસે છે, જીવ તેના કરતાં દૂર છે; જ્યારે જડ વસ્તુ જીવની મદદ વિના તે પાસેના ગુણોજ પોતાની મેળે ઉત્પાદન કરી શકતો નથી, ત્યારે દૂરના જીવને ઉત્પન્ન કરવા એ તેને માટે કેટલોક લાંબો હાથ લંબાવો કેટલી જે અનધિકાર ચર્ચા–કેટલી તે અસાધ્ય વ્યાપાર છે–તે વાચનાર સમજી શકે છે.

જડથી ચૈતન્ય આ કહેવું જો સિદ્ધ થયું નહિ ત્યારે ચેતનથી ચેતન આ કહેવું વધારે વિશ્વાસવાળું છે; કારણ કે, કાર્ય ગુણ કારણ ગુણના અનુસારી થાય છે એનાથી પણ સમજાય છે કે, આ આદ્યશક્તિ ચિન્મયી છે. આ બ્રહ્માંડમાં રહેનારી શક્તિ ચિન્મયી છે, એનો અર્થ એ છે કે આ સૃષ્ટિ ગમે તે રીતે ઉત્પન્ન થઇ હોય, પણ તે જ્ઞાનથી ઉત્પન્ન થઇ છે. અર્થાત્ તે સૃષ્ટિ પ્રક્રિયા આ પરાશક્તિના જ્ઞાનના અન્તર્ગત હતી. બીજા પુષ્કળ પ્રમાણોથી એ નક્કી થયું છે કે, આ વિશ્વના અન્તરાલમાં જે રહે છે તે ચિત્ શક્તિ તથા જ્ઞાન ક્રિયા જેની પર છે. ઉપનિષદ્ કહે છે;–

परास्य शक्ति विविधैव श्रूयते स्वाभाविकि ज्ञानबल क्रियाच”

એની શક્તિ મહાન્ તથા વિચિત્ર અને જ્ઞાન-ક્રિયા તથા બળ-ક્રિયા એની સ્વભાવિક છે.

આળકના ધાવણ રૂપ કામના સંબંધે વિચાર કરીને જોવું જોઇએ. એ ક્રિયા કેવી આશ્ચર્યકારક છે! એના યોગે એક મોટો મંગળ ઉદ્દેશ પૂર્ણ થાય છે; તે છતાં તે વિષયમાં તેને કંઇ જ્ઞાન હોતું નથી. શીરીતે તે ક્રિયા ચલાવવી જોઇએ, તે કોઈ તેને શીખાવતું નથી; તે છતાં ઉત્તમ પ્રકારે તે ક્રિયા ચલાવેછે, આ કામ બીજા કામ કરતાં કેવું અનુઠું જાતનું છે. બાળકને જ્ઞાન નથી, અભ્યાસ નથી, શિક્ષણ નથી તે છતાં એવી એક ક્રિયા કરે છે, જેનાથી એક મોટો મંગલ ઉદ્દેશ સિદ્ધ થાયછે, આના ઉપરથી શું એવું સિદ્ધ થતું નથી કે તે ઉદ્દેશનું જ્ઞાન તથા તે મંગલ અભિપ્રાય બ્રહ્માંડના પરત્વે તે મહાશક્તિમાં જ છે ? જેમ આશ્રયના બાળકમાં જ્ઞાન નથી તે છતાં આશ્ચર્ય જ્ઞાનની ક્રિયા થતી જોઇએ છીએ, પશુ પક્ષીની ક્રિયાઓના ઉપર લક્ષ કર્યાથી પણ આવી આશ્ચર્ય ક્રિયા જોવામાં આવેછે. તેઓ આવા કામો કરેછે, જેનો તાત્પર્ય તેઓ જાણતા નથી, અને કોઈ બુદ્ધિમાન જીવ કર્યાથી તેની આશ્ચર્ય શોધક શક્તિની બહુ પ્રશંસા કરવી પડેછે, તે છતાં તેના મગજમાં તેઓને વિચાર કરવાની શક્તિ લગાડતા જોવામાં આવતા નથી. પક્ષીઓના માળા બનાવવા, મધમાખીના મધપુડા બનાવવા ઇત્યાદિના કામ આ પંક્તિમાં ગણાયછે, દેડકાઓના શરીરના બે કડકા કરીને તેમાંથી સ્વાભાવિક ક્રિયાના સુન્દર નિદર્શન બતાવેછે. કેટલાક દેડકાને બે ટુકડા કરીને જોવામાં આવ્યા છે કે, બે કડકાની અવસ્થામાં માથા વિનાનું ધડનું શરીર જ્યારે પડેછે, ત્યારે તેના એક પગપર જો એક ટીપુ આસિડ નાખવામાં આવે, ત્યારે બીજા એક પગથી તે આસિડનું ટીપુ લુછવા માટે વારંવાર કોશીશ કરેછે. આ ક્રિયાની પ્રવૃત્તિ કેવી આશ્ચર્યછે ? આ કામમાં તેની કરવાની શક્તિ નથી, તેનું પ્રમાણ આના કરતા બીજું શું થઇ શકે ? અહિયાં પણ જોવામાં આવે છે કે અજ્ઞાનતાથી આવું એક કામ થાયછે, જેમાં એક મંગલ ઉદ્દેશ રહેલા હોયછે. આ જોઇને વાંચનાર શું કહેશે; જે જ્ઞાન દેડકામાં નથી તે છતાં કામમાં જે જ્ઞાનની ઓળખાણ મળેછે તે જ્ઞાન ક્યાંછે ? સાંભળો એક પ્રખ્યાત વિજ્ઞાનવિદ્ પંડિત લાર્ડ કેલ્વીન આ સંબંધમાં શું કહેછે. તેણે Fortnightly Review માં લખ્યું છે. " For

myself I an bound humbly to cofess that more I study nature, the more I am convinced that in the action of this all-pervading but inscrutable and unimaginable intelligence, of which self-conscious human rationality is the utterly indequate image attainable by us, is to be sought the possible explanation of the mysterious but undeniable presence in Nature of a rationality in that which is in itself irrational."

અર્થ—"મારા કહેવાપર જો કોઈ પૂછે, તો તેની પાસે હું વિનય પૂર્વક કબૂલ કરવાને બંધાયેલું છે કે હું જેટલો કુદરતના વિશે વિચાર કરૂં છું, તેટલો આ વિશ્વાસ મજબુત થાય છે કે તે સર્વવ્યાપી, અનિર્વચનીય તથા અચિંતનીય પરમ જ્ઞાનને-આત્મ ઇન્દ્રિયવાન મનુષ્યનું માત્ર જ્ઞાન જેની છાયા છે-(તે છતાં આ માનવ જ્ઞાન વિના તે જ્ઞાનની બીજી પ્રતિકૃતિ આપણને મળવાનો ઉપાય નથી)-માન્યા વિના પ્રકૃતિમાં વિચાર-વિહીન તથા જ્ઞાન-વિવર્જિત પ્રાણીમાં જ્ઞાન-ક્રિયા દર્શનરૂપ આશ્ચર્ય સમસ્યાનો સદુત્તર મળવાનો ઉપાય નથી.

તે આદ્યા શક્તિ જે જ્ઞાનશાલિની છે, બીજી એક યુક્તિથી તે સિદ્ધ થાય છે-સૃષ્ટિ કૌશલ્ય જોવાથી અખંડ જ્ઞાનની ઓળખાણ મળે છે, પ્રખ્યાત ડારવિને "Fertillezetion of orchids નામનો ગ્રંથ છે. એ ગ્રંથમાં તેણે એક બનાવના વિશે લખીને આ બાબત કહ્યું છે. એ બનાવ આ છે, -પતંગો જ્યારે મધુપાન કરવામાટે પુષ્પપર આવે છે, ત્યારે જોવામાં આવે છે કે, પુષ્પની બનાવટમાં એવી ચતુરાઈ છે કે, તેઓ એકદમ મધુપાન કરી શકતા નથી, મધની પાસે પહોંચતા વખત લાગે છે. એટલામાં પગમાં પરાગ રેણુ ભમરાની સાથે મળી જાય છે. મધુપાનમાં જે વિલંબ થાય છે, તેના વિશે લખીને ડારવિને કહ્યું છે;—" If this is accidental it is a fortunte accident for the plant. If this be not *accidental and I cannot belive it to to be accidental*,

what a singular case of adaptation !"

અર્થ– આ જન્તુની જે આકૃતિ [illegible] છે તે [illegible] પ્રકાર [illegible] [illegible] જ્યારે [illegible] [illegible] [illegible]-તેમાં શું [illegible] [illegible] બની શકે છે !"

[illegible] ઉપર [illegible] એક [illegible] ને લખ્યું છે:—

I think it must be allowed that in the present state of our knowledge, the adaptations in Nature afford a large balance of probability in favour of creation by intelligence."

અર્થ– મને જણાય છે કે, આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે, તેમાં [illegible] [illegible] એ ઘણું સંભવ તરીકે [illegible] છે કે [illegible] થાય છે."

[illegible] [illegible] તેમાં [illegible] [illegible] યુક્તિ એ છે કે, આ- [illegible] [illegible] નથી. આ વિષયમાં એક પ્રશ્ન છે: [illegible] [illegible] ક્યાં છે ? [illegible] [illegible] આરંભમાં [illegible] નહિ જોઈએ, તો [illegible] અથવા ગતિને [illegible] વિચાર કરવા [illegible] છે ? તે શું સ્વાભાવિક છે ? ધારો કે, એક [illegible] પોતાના [illegible] એક [illegible] પણ [illegible] નહિ [illegible], તે શું એક [illegible] ઉપરના [illegible] [illegible] અનુમાન કરી શકે ? [illegible] છે, [illegible] છે, [illegible] છે કે [illegible] છે, [illegible] રહે છે. તેમ [illegible]

માલૂમ કરો પણ જોઈએ નથી કે શક્તિથી શક્તિની ઉત્પત્તિ થાય છે, તે શું બ્રહ્માંડના પરિવર્તનશીલ બનાવો ઉપરથી શક્તિનું અનુમાન કરી શકે છે? ત્યારે એક ચાતુર આ વિષય આ જોઈને કહે છે કે, એ વિષય એક મહા શક્તિથી ઉત્પન્ન થયા છે, તે નહીં જોઈને એ પણ કહે છે કે, તે પોતે શક્તિથી ક્રિયા ઉત્પન્ન થતી જોઈ છે, તે શું એ જોઈ? આ વિચારમાં પ્રથમ શરૂથી જ જોવામાં આવે છે કે, શક્તિનો પહેલો ઓળખાણ આપણું અંતર છે. આપણે જ્યારે કોઈ સ્નાયુઓને ખેંચીએ, ત્યારે કોઈ જાતની ક્રિયા અનુભવીએ છીએ, ત્યારે આપણે કંઈ બહારની શક્તિનો ઓળખાણ મેળવીએ છીએ? આપણે કહીએ એક બીજી વસ્તુ ખેંચ અનુભવીએ છીએ, શક્તિ તે કામનો પ્રત્યક્ષ હોય છે? દાખલા માટે [illegible] અંદરની બીજી કોઈ શક્તિ [illegible] એક અનિશ્ચિત એવું છે કે, તે કહેવું કે, આસના [illegible] તે કરી પ્રત્યક્ષ છે. જ્યારે આપણે એમ કહીશું કે, આપની ઇચ્છા જ [illegible] છે, તે [illegible] [illegible] છે અને તેનાથી જ ક્રિયા ઉત્પન્ન થાય છે, ત્યારે આપણે શક્તિનું [illegible] છે. બ્રહ્માંડમાં જે શક્તિનું અનુમાન કરીએ છીએ, તે પણ શક્તિ [illegible] થી જ ઉત્પન્ન થાય છે, સ્પેન્સરે આ વાત કબૂલ કરી છે. તેણે પોતાના રચેલા First Principles નામના પુસ્તકમાં એક જગાએ લખ્યું છે,—

" No force save that, of which we are cansoisus during ovr own muscular efforts is immediately known to us " while " all other force is mediately known. "

" આપણા અંગબળનાથી જાતે આપણે જે શક્તિ જાણીએ છીએ તેના વિના બીજી કોઈ શક્તિનું સાક્ષાત્ જ્ઞાન આપણને નથી. એના વિના જે કાંઈ શક્તિનું જ્ઞાન છે, તે સાક્ષાત્ જ્ઞાન નથી પરંતુ અનુમાનથી મેળવેલું જ્ઞાન માત્ર છે. "

એટલા માટે જોવામાં આવે છે કે, આપણે જેને શક્તિ કહીએ છીએ, તેના મૂળમાં માનસિક બાબત જ્ઞાન છે. તેથી " બ્રહ્માંડના અંતરમાં એક મહાશક્તિ છે " આ સત્ય ઉચ્ચારણ કરવાથી આપણે જો તે [illegible]

ધારણ કરવા જઇએ તો તે શક્તિને ઇચ્છાના સિવાય બીજો કોઇ અર્થે ધારણ કરી શકતા નથી. એટલા માટે જે યુક્તિ આપણને આ અંતઃશક્તિની સત્તામાં લાવે છે, તે યુક્તિજ આપણને કહે છે કે આ શક્તિ માનસિક શક્તિ અર્થાત ઇચ્છા અથવા (Will) છે.

બીજી યુક્તિનો મર્મ ગ્રહણ કરવાને માટે આપણને શરીરની ક્રિયાઓના સંબંધે વિચાર કરવાની જરૂર છે.

જરા ધ્યાન પૂર્વક જોયાથી જ મનુષ્યના શરીરમાં ચાર જાતની ક્રિયા જોવામાં આવશે (૧) ઇચ્છાથી થતી ક્રિયા, (૨) સ્વાભાવિક ક્રિયા, (૩) અભ્યાસથી થતી ક્રિયા (૪) ઇચ્છાથી બહારની ક્રિયા.

(૧) અમુક ફળ મેળવવાની મતલબથી જ્ઞાન પૂર્વક ઇચ્છાથી જે ક્રિયા કરવામાં આવે તે ઇચ્છાથી થતી ક્રિયા છે.—જેમકે એક ખીલેલું ગુલાબ તોડવા માટે હાથ લંબાવવો. એમાં આગળનું સુખ સ્પૃહા ઉત્તેજક છે, જ્ઞાન માર્ગ દેખાડનાર છે અને ઇચ્છા ક્રિયાને ચલાવનારી છે.

(૨) એના વિના કેટલીક ક્રિયા છે કે જે જાણતા છતાં પણ શીખેલ નથી, શી રીતે કરવી એ કોઇએ તેનો ઉદ્દેશ મેળવ્યો નથી, તે છતાં વિશેષ લક્ષ સિદ્ધિને માટે સ્વભાવતઃજ તે કરે છે તે સ્વાભાવિક ક્રિયા છે; જેમકે બાળકનું ધાવણ સ્તન પાન રૂપ ક્રિયામાં વિશેષ કૌશલ છે. જેવી રીતે એ જ્યાંથી દૂધ મળે, તેવી રીતે બચ્ચાને મોટી ઉંમરના માણસને માટે મુકરેલ છે, તે છતાં બાળક માના ગર્ભમાંથી નીકળીનેજ, શિક્ષણ વિના તથા ઉપદેશ વગર સુંદર રીતે માનું સ્તન મોંમાં પકડી લે છે. એક ફૂલ તોડવા માટે હાથ ફેલાવવાની પેઠે જ્ઞાન બુદ્ધિ વિચાર પૂર્વકની ક્રિયા નથી, તે છતાં ફેફસાની ક્રિયાની પેઠે ઇચ્છાથી બહારની ક્રિયા પણ નથી. એમાં ઇચ્છા સામેલ છે તે છતાં જ્ઞાન સામેલ નથી.

(૩) બાકી એક જાતની ક્રિયા છે, જેના મૂળમાં એક વખતે ઇચ્છા તથા જ્ઞાન સામેલ હતું પરંતુ અભ્યાસથી તે સામેલગીરી હવે જણાતી નથી. તે અભ્યાસવાળી ક્રિયા છે. જેમકે ચાલવા માટે પગલાં ઉપાડવાં. આપણે ચાલવા માટે પગલાં ઉપાડીએ છીએ, પરંતુ દરેક પગલાં ઉપાડતી

ચેટાએ શું આપણને ગ્યાન રહે છે કે, પગલાં ઉપાડું છું ? અને દરેક પગલાં ઉપાડવાની વખતે શું ક્રિયેચ્છા રહેલી ધ્યાનમાં આવે છે ? તે જતી નથી. આપણી નજર આકાશના તારા તરફ રહેલી છે, આપણું મન કોઈ ગૂઢ પ્રશ્નની મીમાંસામાં લાગેલું છે તે વખતે આપણે જઈએ છીએ, બે પગ ઉપડે છે અને પડે છે, ગતિ ક્રિયા વધારે કરે છે. જાણે સંચાથી કામ ચાલતું હોય ને. એક વખતે મનનું કર્તૃત્વ હતું, એક વખતે મનને વિચાર કરવો પડ્યો હતો, કોઈનું અવલંબન કરવું પડતું હતી, કેટલા વિચારો કરવા પડ્યા હતા, પરંતુ હમણાં તે ક્રિયાની ટેવ થઈ ગઈ છે ત્યારે એક છોકરો પહેલા ઉભો રહેતા અને ચાલવાની કોશીશ કરે છે, તે વખતના વિશે એકવાર વિચાર કરો, તેને કેટલી મુશ્કેલી તથા કષ્ટ સહન કરીને ચાલતું પડે છે, પરંતુ અભ્યાસથી તે ક્રિયા સ્વાભાવિક થઈ છે. એવું સાંભળવામાં આવ્યું છે કે કોઈ કોઈ માણસ ચાલતાં ચાલતાં ઊંઘે છે.

(૪) જે શરીરની ક્રિયા આપણું જ્ઞાન અથવા ઇચ્છાને તાબે નહિ રહીને ચાલે છે, આપણી ઘોર નિદ્રામાં પણ તે ચાલતી રહે છે તે ચોથી પંક્તિમાં ગણાય છે. જેમકે ફેફસાની ક્રિયા, હોજરીની ક્રિયા, લોહી ફરવાની ક્રિયા ઇત્યાદિ. આ બધી ક્રિયા આપણી ઇચ્છાથી બહાર છે.

ઉપર લખેલી ચાર પ્રકારની ક્રિયામાં પહેલી ત્રણ જાતની ક્રિયામાંજ આપણે કર્તૃત્વ શક્તિ અથવા ક્રિયેચ્છા રહેલી જોઈએ છીએ. બાળકો સ્તન પીવામાં, જો કે તે ક્રિયા અજ્ઞાનપણા અને સ્વભાવથી થયલી ક્રિયા છે, તથાપિ તેમાં બાળકનો યત્ન છે તેથી તેના કાર્યની પ્રવૃત્તિ પણ કંઈક લાગે રહેલી છે. તે મોં ઉઘાડે છે, હાથ પગ લંબાવેછે, સ્તન પકડે છે, દૂધ ખેંચે છે, એ બધું તેનું પોતાનું કામછે, તેથી આ બધા અંતરમાં તેની ક્રિયેચ્છા અથવા કાર્યની પ્રવૃત્તિ રહેલી છે. તેમ અભ્યાસ જનિત કાર્ય જે ઠેકાણે થાયછે, ત્યાં પણ અતિ સૂક્ષ્મ તથા અદૃશ્ય ભાવથી ક્રિયેચ્છા રહેલી છે. એના સિવાય ચાલીને તે ચાલનાર ઉંડા વિચારમાં નિમગ્ન થયા છતાં પણ બરાબર રસ્તે જાયછે ? રસ્તા ઉપરના વિઘ્નો બધા બચાવે છે ? ક્યાં ફરવું પડેછે ત્યાં ફરેછે ? એનાથીજ જણાય છે કે, તે એક વિચારના એ-

તેમાં નિમગ્ન રહેવા છતાં પણ અતિ સૂક્ષ્મરીતે તેનો દર્શન, શ્રવણ, વિચાર વગેરે પણ ચાલેછે અને તેનો ક્રિયેચ્છા પણ કામ કરેછે. એટલુંજ નહિ પણ નિદ્રિતાવસ્થામાં પણ ચાલવાનો જે પ્રસંગ કહ્યો છે, તે નિદ્રિતાવસ્થામાં પણ માનસીક રીતે ક્રિયેચ્છા રહેલી છે. તેમાં પણ ઘણી છુપી રીતે રસ્તાનું જ્ઞાન રહેલુંછે, નહિ તો તે માણસ ખોટે માર્ગે કેમ જતો નથી? નિદ્રિતાવસ્થામાં આપણું એક જાતનું અજ્ઞાતપૂર્વ જ્ઞાન તથા ક્રિયેચ્છા રહેછે, તેના ઘણા પ્રમાણ મળેછે. આવું સર્વત્ર જોવામાં આવેછે કે, રાતે ઉઠીને જો કોઇ વખતે જવાનું હોયછે અને એક માણસ જો તે સંસ્કાર તથા ઇચ્છા કરીને સુવેછે તો બરાબર જાગેછે; એક ઉંઘના પછી તે પોતે પોતાની મેળે જાગેછે. એ શાથીતે બનેછે? ઉંઘમાં પણ તેના મનમાં જો વિચાર તથા બોધ શક્તિ નહિ રહેત, તો તે રાત્રીને બરાબર વખતે જાગે? એક વખતે એક સ્ટીમર સમુદ્રમાં જતી હતી. જ્યારે રાતે ૧૨ વાગ્યા ત્યારે તેનો કપ્તાન ઉંઘવા ગયો, પરંતુ સૂવાની વેળાએ ઠીક ગણત્રી સમજ્યો કે રાતે બે વાગે સ્ટીમર સમુદ્રના એક વિશેષ સ્થાનમાં પહોંચશે, તે વેળાએ સ્ટીમરનું મોં ન ફરે નહિ તો ખડકમાં પડવાની સંભાવના છે. એ જોખમી પહેરાવાળાને બે વાગે ઉઠાડવાને કહીને સુઈ ગયો. જ્યારે ઘડિયાલમાં બરાબર બે વાગ્યા, ત્યારે પહેરાવાળે એ કપ્તાનની આજ્ઞા પ્રમાણે કપ્તાનને બિછાના પરથી ઉઠીને જોયું, તો બરાબર બે વાગ્યાછે પરંતુ સ્ટીમર અનુમાન કરતાં વધારે વેગથી ચાલતો હતો, અને થોડી ઘણી મિનિટ સુધી તે સુતો હોત તો તે ખડકમાં પડવાની સંભાવના હતી. સૈભાગ્યથી તે ખડકથી સ્ટીમરને બચાવી. અહિંયાં જોવામાં આવ્યું કે ગાઢી ઉંઘમાં પણ વિચાર તથા બોધશક્તિ છુપીરીતે કામ કરેછે.

ગમે તેમ હો, ઉપર લખેલી ચાર પ્રકારની ક્રિયામાં ક્રિયાના મૂળમાં આપણી ક્રિયેચ્છા અથવા કાર્ય પ્રવૃત્તિ રહેલી જોઇએ છીએ. કેવળ જે ક્રિયાને ઇચ્છાથી બહાર માની છે, જેવી કે હૃદયની ક્રિયા વગેરે તેમાં મનુષ્યની ક્રિયેચ્છા નજરે પડતી નથી. તે છતાં તેના ઉપર મનુષ્યની કર્તૃત્વ શક્તિ નહિ રહેવાને અતિ ગૂઢ શુભ ઉદ્દેશ દીઠામાં આવે છે. તે

ક્રિયા જીવન રક્ષાને માટે ઘણી જરૂરની નથી, જેના ચાકરણમાં એકદમ જીવનો નાશ થવાની સંભવના નથી, તે બધી મનુષ્યની ઇચ્છાના તાબે રહેલા છે; પરંતુ કેટલી ક્રિયા મનુષ્યના દેહમાંજ થાય છે, અને જેને નહિ કર્યાથી માનવનું જીવન જાળવી [illegible] છે. તેના ઉપર મનુષ્યની કરવાની સત્તા નથી. ત્યારે તેના ઉપર કોને કરવાની સત્તા છે? એ ય માનવ જીવનનું એક આશ્ચર્ય તત્વ નથી? આ [illegible] હોશિયારતાના [illegible] વિચાર પૂર્ણ આંખથી જોવાથી વિશ્વકારણમાં જ્ઞાન, ગર્ભજ ભાવ તથા ઇચ્છા મણુનો શું પરિચય મળી શકતો નથી?

ત્રીજું દૃષ્ટાંત જણાવનારી પ્રસવ વેદના. એક દેશ વિદ્યાનિત પંડિતને પૂછવાથી જાણવામાં આવશે કે, [illegible] જ્યારે પ્રસવ કાલ આવે છે, ત્યારે કેટલોક વખત પહેલી એક જાતની વેદના થયે છે. અને પ્રસવ સમયે ગર્ભવતી ગર્ભમાંના પુત્ર દેહને બહાર કાઢવાને માટે એક જાતનો વેગ કરે છે. સહજ શરીરમાં [illegible] વખતે કોઈને પણ જરા જોર કરવું પડે, તો તે અનુમાન કરી શકશે કે, તેમાં કેટલું બળ લગાડવાની જરૂર છે. ઇચ્છા અથવા કાર્ય પ્રવૃત્તિ [illegible] હોય, તો અસહનક [illegible] તે [illegible] પ્રવૃત્તિ [illegible] એવી રીતે જોર કરે છે, ત્યારે તેના ઉપર પોતાની સત્તા રહેતી નથી. [illegible] રીતે [illegible] શક્તિ તથા ઇચ્છાથી [illegible] હોય છે. [illegible] અથવા બીજા કોઈ ઉપાયથી જો [illegible] હોય, તથાપિ [illegible] હાલે આ વેગ પોતાની [illegible] પ્રકાશ [illegible] વેગ તથા [illegible] પ્રયોગનું કાર્ય થાય છે, [illegible] તે વિષયમાં [illegible] નથી. એથી વાંચનારે શું [illegible] તે [illegible] ઇચ્છાથી થતા છે? તે વેદનાની વખતે પ્રસૂતિના ઉપર [illegible] જરૂરનું કામ કરવાનો [illegible] થી વિપત્તિ થઇ શકે આ [illegible] પોતે તે [illegible] છે. એ શું સમજાતું નથી? આ પણ [illegible] કારણથી ઇચ્છા તથા ગર્ભજ ભાવ રહેવાનું બીજું એક કારણ છે.

એટલા માટે વિશ્વ કારણમાં જ્ઞાન છે, અને ઇચ્છા (Will) છે.

કેવળ એટલુંજ નહિ પણ પ્રીતિ પણ છે. આ વિચારમાં પ્રવૃત્ત થવાથી પહેલાં એકવાર વિચાર કરીને જોઇએ કે, પ્રીતિના સર્વથી મોટાં ચિહ્ન શા છે? હું સુખી થવાથી જે સુખી થાય અને મને સુખી કરવા માટે જે યત્ન કરે છે, તે મારાપર પ્રીતિ રાખે છે, એ ખરૂં છે કે નહિ? જો હું જોઉં કે મને કંઈ લાભ થયો છે તેથી જગતના આટલા અસંખ્ય માનવોમાં દશ માણસને આનંદ થયો અને તે દશ જણા જેનાથી મને વધારે લાભ થાય તે માટે યત્નવાન છે, ત્યારે સમજવું પડશે કે, તે દશ જણા મારા મિત્ર અર્થાત્ તેઓ મારા ઉપર પ્રીતિ રાખે છે. આ ઘણી સહજ વાત છે, હવે વધારે કહેવાની જરૂર નથી. હવે વાંચનાર એક સુંદર ખીલેલું ગુલાબનું ફૂલ હાથમાં લઇને વિચાર કરવાનો આરંભ કરો, જો નજદીકમાં ગુલાબનો બગીચો હોય, તો હું વિનંતિ કરૂંછું કે, જલદીથી જઇને એક ગુલાબ તોડીને પછી આ વિષય વાંચવાનો આરંભ કરો. ઠીક છે ધારો કે, તેના હાથમાં એક ગુલાબનું ફૂલ છે. તેની પાંખડી કેવી કોમળ છે? તેનો વાસ કેવો ચિત્તને આનંદદાયક છે? એનો રંગ કેવો મનોમોહનકારી છે! હવે વિચાર કરો, આવો સુંદર રંગ શા માટે પુષ્પમાં રેડ્યો છે? તેના વાસ સંબંધમાં આવું કહી શકાય છે કે તે નહિ હોત તો ભમરાઓ તેની તરફ ખેંચાત નહિ અને ભમરા નહિ આવવાથી પરાગ રેડવું પડત નહિ, તો ફળ ઉત્પન્ન થાત નહિ, તેથી વાસનો ઉલ્લેખ કરતા નથી. એનો વિચિત્ર રંગ શા માટે કરવામાં આવ્યો? પક્ષિમાં એવા કોઇ જીવનું નામ શું તમે કહી શકો છો કે, ગુલાબનો આ સુંદર રંગ નહિ હોત, તો જેનું જીવન ધારણ કરવામાં હરકત પહોંચત? આપણે જ્યાં સુધી સમજી શકીએ છીએ, ત્યાં સુધી પણ પક્ષીઓમાંના કોઇનું પણ પ્રાણ ધા[illegible] આ સુંદર રંગના ઉપર આધાર રાખતું નથી. એનો રંગ એવો અત્યુજ્જ્વળ તથા સુંદર નહિ થવાથી મધના લોભી ભમરા આવવાને કંઈ પણ હરકત આવત નહિ ત્યારે એમાં આવો વિચિત્ર રંગ નહિ હોવાથી આપણા પ્રાણ ધારણમાં કંઇ હરકત પુગત કે નહિ? કોણ કહે કે આપણા પ્રાણ ધારણમાં કંઇ હરકત પુગત? એના અભાવથી પણ આપણું જીવન રહેત, પરંતુ એ રહેવાથી જરા સુખમાં

જીવીએ છીએ, એ નહિ હોવાથી જરા સુખમાં હરકત પુગત, તો સૃષ્ટિના મૂળમાં આવું જોઇએ છીએ કે વિશ્વ કારણ એવું ચાહે છે કે આપણે કોણ કોઈ રીતે જીવીએ તેમ નથી, પરંતુ જીવીને સુખમાં રહીએ, અને તેટલા માટે તૈયારી પણ કરી છે, પ્રીતિના ઉપર કહેલા લક્ષણ પ્રમાણે એ શું પ્રીતિ નહિ કહેવાય ? "કોણ તમે વિશ્વના અન્તરાળવાસી શક્તિ છો, તમે શા માટે ચાહો છો કે અમે સુખમાં રહીએ," આ ગુલાબ જોતાં આપણે પ્રાણ શું આમ કહેશે નહિ ?

આવી રીતના બીજા ઘણા દૃષ્ટાંતો કહી શકીએ છીએ. વધારે વિચાર કરવાની જરૂર નથી, જે પ્રીતિ જોઇને વિશ્વકારણમાં પ્રીતિનું અનુભવ કરીએ છીએ, તે માનવ પ્રીતિના વિષય જરા વિચાર કરીએ. ધારો કે, આપણામાં પ્રીતિ જો નહિ હોત, કેવળ સ્વાર્થ તથા સુખાસક્તિજ જો આપણો પરિચાલક થાત, તો શું સંસારના ઘણાખરા કામ વગર હરકત ચાલત કે નહિ ? વેપારી સ્વાર્થની ખાતર વેચવાની વસ્તુ લાવત, હું પેટની ખાતર તે વેચાતા લેત, રાંધનાર અથવા રાંધનારી સ્વાર્થને માટે શ્રમ કરત, મને ખાવાનું મલત; આવી રીતે ચાલતું આવેછે. પુરૂષ સુખાસક્તિને માટે સ્ત્રીને ચાહત, સ્ત્રીઓ તે કારણથી પુરૂષની સોબતણ થાત. એથી શું પ્રાણ રક્ષા તથા સૃષ્ટિ રક્ષા થાત નહિ ? પરંતુ કોણે આ સ્વાર્થ તથા સુખાસક્તિમાં પ્રેમ નામનો એક પદાર્થ રેડયો છે, જેથી બધાને મધુમય કર્યા છે ? આહા ! પ્રેમ શો પદાર્થ છે ! કિયો કવિ ક્યાં છે, જે આ સ્વર્ગીય પદાર્થનો મહિમા હજી સુધી વર્ણન કરવામાં સમર્થ થયો છે; રાંધનાર બ્રાહ્મણ પૈસાના લોભથી કામ કરવા આવ્યો છે, મારા ઉપર તેનો સ્નેહ તથા ચઢા પડો, તરત એના હાથની મહેનત મિષ્ટ થઈ જશે, કામ કરીને પ્રાણ પરમાપ્યાયિત થશે. હું સુખથી ખાવું તો એ માણસને સ્વર્ગ હાથમાં જશે, હું પણ તે અન્નની સાથે અમૃતનો સ્વાદ લઇશ. ધન્ય પ્રેમ ! તમને અડક્યાથી લોખંડ સોનું થઇ જાયછે. પશુીક જગાપર આપણે પ્રેમના અભાવથી જીવતા રહી શકત ખરા, પરંતુ આવા સુખથી જીવી શકત નહિ. કોણ છે તે વિશ્વના અંતરાલવાસિની શક્તિ, તમે શામાટે ચાહોછો કે અમે સુખમાં

રહીએ ? આ પ્રશ્ન ફરી મનમાં ઉદય થાયછે. બીજું એ પણ શું સંભવેછે કે, માનવ હૃદયમાં આ પ્રેમાગ્નિ જોઇએ છીએ તે છતાં જે વિશ્વ કારણથી માનવ હૃદય સમુત્પન્ન છે, તેમાં તે પ્રેમાગ્નિ નથી ? એટલા માટે વિશ્વ કારણમાં જે કેવળ જ્ઞાન તથા ક્રિયેચ્છા છે તેમ નથી, પ્રેમ પણ છે.

કેવળ તે જ નહિ પણ તેમાં બીજું પણ કંઇ છે. માનવ પ્રકૃતિના બીજા એક ગૂઢ તત્વના વિષય વિચાર કરીએ. ધારો કે, એક માણસની પેટીની ચાવી ખોવાઇ ગઇછે તેણે પડોશીની ઘણી ચાવીઓ મંગાવી છે, એકના પછી એક ચાવી લગાડીને જુએછે. જે ચાવી કાણામાં જાય છે પરંતુ લાગતી નથી, તે આજુ બાજુ ફેરવેછે, વારંવાર જોઇને આખરે કહેછે કે, એ ચાવી લાગતી નથી, આવું કહીને તે મૂકી દેછે અથવા ધારો કે, એક માણસે સાંભળ્યું હતું કે અમુક વસ્તુથી ઓકારી રોકાય છે તેણે એક સો જગાએ તેને વાપરીને જોયું કે તે ઓકારીને અટકાવી શકતી નથી. ત્યારપછી તેણે નક્કી કર્યું કે તેની સાંભળેલી વાત ખોટી છે, તેણે તે વસ્તુ વાપરવી બંધ કરી, બીજી પરીક્ષા કરવાની ઇચ્છા રહી નહિ. મનુષ્યના બધા કામમાંજ આવું નજરે પડે છે. સઘળાઓ કહેશે કે એજ માનવના મનને માટે સ્વાભાવિક છે. પરંતુ એક જગાએ એનાથી વિરૂદ્ધ જોવામાં આવે છે. ધારો કે, એક માણસ પોતાના ચરિત્રને વિશુદ્ધ રાખવા માટે યત્ન કરે છે, સત, ન્યાય, પ્રેમ અને પવિત્રતા મેળવવા માટે તે સંગ્રામ કરે છે. આ સંગ્રામની પ્રકૃતિ શું આપણે જોઇએ છીએ ? આપણે એમાં ત્રણ ભાવ જોવા પામીએ છીએ. (૧) આ સંગ્રામમાં દુર્બલતાથી વારંવાર કૃતકાર્ય નહિ થવા છતાં પણ સાધુતા શ્રેષ્ઠ નથી અથવા સાધુતાનો જય થશે નહિ, એવા વિશ્વાસમાં કોઇ આવતા નથી, — તે સેંકડો વાર પડ્યા છતાં પણ આશા રાખે છે બીજી જગાએ દશવાર કર્યાથી નિરાશ થાય છે પરંતુ ધર્મની જગાએ સેકડો વાર હાર્યા છતાં પણ નિરાશ થતા નથી. (૨) તે જ્યારે દુષ્પ્રવૃત્તિયોના વશીભુત થઇ પડે છે, ત્યારે તેઓ પડતાં પડતાં એ અનુભવે છે કે, ધર્મનોજ જય થવો જોઇતો હતો, અર્થાત તે પાપનું દાસત્વ કરતાં કરતાં પણ પુણ્યનું મહત્વ અનુભવે છે. (૩) આ ધર્મસંગ્રા-

મમાં પ્રવૃત થઇને તે જો જય મેળવે છે તો ફરી પણ" એવી અવસ્થા અનુભવતો નથી કે ધર્મના ઉપર ચઢ્યો છું, અને તેને મેળવવાનું બીજું હવે કાંઇજ નથી, ઉલટો જે જેટલો ઉપર ચઢે છે, તે તેટલો પોતાના માથા ઉપર ધર્મને ઉન્નત જોઇ શકે છે. પહેલા એથી આપણે આ સત્યમાં આવીએ છીએ કે ધર્મના મહત્વમાં વિશ્વાસ રાખવો એ માનવનો સ્વભાવ સિદ્ધ છે. એ બીજા વિશ્વાસની પેઠે નથી કે ફેરફાર નહિ થનાર. ત્રીજાથી એ સત્ય અનુભવીએ છીએ કે, આપણા અંતરમાં ધર્મનો જે ભાવ છે તેની કોઇ એક સીમા આપણે મુકરર કરી શકતા નથી. માનવના હૃદયમાં ધર્મનું મહત્વ જ્ઞાન સ્વાભાવિક છે અને ધર્મ ભાવમાં અનંતનો ભાવ મિશ્રિત છે. આ બે સત્ય એક સાથે વિચાર કર્યાથી કેવો ભાવ મનમાં ઉદય થાય છે! એનાથી શું આ વિશ્વાસ અંતરમાં પ્રબળ થતો નથી કે આપણી પ્રકૃતિમાં જે ધર્મ નિયમ છે, તે વિશ્વના આદિ કારણથી ઉત્પન્ન થયા છે.

માનવહૃદયની આ ધર્મભાવની ગંભીરતા કેટલી છે, તે માનવ પ્રત્યેક જીવનના ઉપર નજર કર્યાથી જણાય છે. આ શું એક આશ્ચર્યભાવ મનુષ્યને શાસન કરે છે? રોમમાંથી રાજાને જ્યારે હાંકી કાઢ્યો, ત્યારે એ કનસલના ઉપર નગરની રક્ષા કરવાનો બોજો અર્પિત થયો, ત્યારે રાજવંશના ઉપર રોમનો એટલો બધો વિદ્વેષ હતો કે તેઓએ કાયદો કર્યો હતો કે રોમના રહેવાસીઓમાંથી કોઇ માણસ પાછા રાજાઓને લાવવાને માટે ષડયંત્ર કરે, તો તેને ફાંસીએ ચઢાવવો. આવો કાયદો થયા પછી કેટલાક રોમન યુવાન ને આ અપરાધમાં અપરાધી થઇને ન્યાયાલયમાં એક કનસલના બે પુત્રો અપરાધી થઇને આવ્યા હતા. તે જ્યારે ન્યાયાસનમાં બેઠો છે ત્યારે યોગ્ય ન્યાય કરીને કાયદા પ્રમાણે સજા આપવી એ તેને માટે કર્તવ્ય છે. એ જ્ઞાનથી તેણે યથારીતિ સાક્ષી વગેરે લઇને જ્યારે પોતાના પુત્રોનો દોષ સાબીત થયલો જોયો, ત્યારે તેને મારી નાંખવાનો હુકમ આપ્યો. જ્યારે ઘાતકો તેઓને મારી નાખવાની જગાપર લઇ આવ્યા ત્યારે તે કપડાથી મોં ઢાંકીને રોવા લાગ્યો. એક બાજુએ છોકરા ઉપરનો સ્નેહ બીજી બાજુએ કર્તવ્યજ્ઞાન સંગ્રામમાં કર્તવ્યજ્ઞાનજ બળવાન થયું આવા અગાધ માનવ વિના બીજા કોઇ પ્રાણી-

એ શું કહી દેખાડવા છે! આ સ્વર્ગીય દેખાવ કેવળ માનવમાંજ સંભવે છે. એક બાજુએ જેમ કર્તવ્ય જ્ઞાન છે તેમ બીજી બાજુએ અનુતાપ છે. અનુતાપના આંસુ મુક્તા ફલથી પણ સુંદર છે. આંસુ પાડવાનો અધિકાર કેવળ મનુષ્યનો જ છે. મને જે કરવું જોઇતું હતું તે કરી શક્યો નહિ, એવું કહીને કોઈ નિકૃષ્ટ પ્રાણીને ક્યારે મ્લાન જોયો છે? આકાંક્ષાની ઉચ્ચતા તથા લજ્જાની ગભીરતા કેવળ માણસમાંજ સંભવે છે. જે ઉચ્ચતા તથા ગભીરતા પ્રકૃતિમાં મૂકેલી છે, તે જે "**ધર્માવહ પાપાનુદ**" ધર્મનો આવહ તથા પાપની સજા આપનારો છે" તે શું સહજ બુદ્ધિથી અનુભવી શકાતું નથી?

ત્યારે જુઓ, આદ્યાશક્તિમાં જો તે જ્ઞાન રહે, ક્રિયેચ્છા રહે, પ્રેમ રહે, ધર્મ નિયમ રહે, તો તે વિજળી અથવા બીજી કોઈ ભૌતિક શક્તિના જેવી જડ શક્તિ થઈ નહિ, પરંતુ સચેતન પુરુષ થયો. જે અર્થમાં સ્ત્રી પુરુષના શબ્દ વપરાય છે, તે અર્થમાં આ પુરુષ શબ્દ વપરાતો નથી. જ્ઞાન પ્રીતિ તથા ક્રિયેચ્છાવાળો જે છે, તે પુરુષ છે. એ વાસ્તે પ્રાચીન ઋષિયોની સાથે સામેલ થઇ કહેવાની ઇચ્છા થાય છે.

वेदाहमेतं पुरुषं महान्तं आदित्यवर्णं तमसः परस्तात् ।
तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यते अयनाय ॥

અર્થ—અજ્ઞાનાંધકારના પેલે પાર આ મહાન્ જ્યોતિર્મય પુરુષને મેં જાણ્યો છે—એને જાણીને મનુષ્ય મૃત્યુ ભયથી છુટે છે. જવાનો બીજો માર્ગ નથી.

માણસ પરમેશ્વરને જાણી શકે છે કે નહિ?

"બધું પોતાની મેળે થયું છે, પરમેશ્વર નથી." આ શોળ આના નાસ્તિકનું કહેવું છે. "પરમેશ્વર છે કે નહિ તે ખાતરી પૂર્વક કહી શકતો નથી." એ સંદેહવાદીનું કહેવું છે. "આ બ્રહ્માંડ એક આદિ કારણથી ઉત્પન્ન થયું છે, પરંતુ આદિકારણનું સ્વરૂપ મનુષ્યની પાસે સંપૂર્ણ રીતે

અજાણું છે. " આ અજ્ઞેયતાવાદીનું કહેવું છે. અજ્ઞેયતાવાદી, પ્રેમ કે આ કોઈ ગુણ પરમેશ્વરમાં લગાડવા ચહાતા નથી. તે કહે છે કે, મૂળ કારણ છે, એટલુંજ માત્ર જાણુંછું, બીજું કંઇ જાણતો નથી.

અજ્ઞેયતાવાદીને એક વાત પૂછવાની જરૂર છે. જો વિશ્વ કારણના વિષય કંઇ જાણતા નથી, તો શી રીતે જાણ્યું કે તે અજ્ઞેય છે ? જો આજ સુધી કંઇ જાણવા નહિ પામ્યા હો, તો કહો કે તે અજાણ્યો છે, અજ્ઞેય કહેવાનો અધિકાર શો ? તમે કહો છો કે, મનુષ્યને માટે પરમેશ્વરને જાણવો એ અસંભવ છે, શા માટે વારૂ ? તમે ખચીત તેના વિષય એવું કંઇ જાણ્યું હશે કે તેને માટે કહો છો કે તેને જાણી શકાતો નથી. પેલી માખને અજ્ઞેય શા માટે કહેતા નથી ? તમે એમાં કંઈ જોતા નથી કે જેને માટે એને અજ્ઞેય કહેવું એ લાયક સમજો તેથી તમને એ કહેવુંજ પડશે કે, તમે વિશ્વ કારણના વિષયમાં એવું કંઇ જાણ્યું છે કે, જેને માટે તમે કહોછો કે તેને જાણી શકતા નથી.

હું જે પદાર્થને ખરી રીતે જાણી શકતો નથી તેના વિષયમાં કંઇ મત જાહેર કરી શકતો નથી. તે અજ્ઞેય છે કે જ્ઞેય છે, આ બેઉમાં કંઇ જાણતો નથી. જેના વિષય કંઇ જાણતો નથી, જે સંપૂર્ણ રૂપથી મારી જ્ઞાન ભૂમિથી બહાર રહેલો છે, તેના સંબંધમાં મતામત પ્રકાશ કરવો એ ધૃષ્ટતા નથી ?

પરંતુ અજ્ઞેયમતાવાદી ખાતરીથી કહેછે કે, આદિકારણ અજ્ઞેયછે. તેણે ખચીત આદિકારણના સંબંધમાં એવું કંઇ જાણ્યું છે કે જેને માટે આ તું હિમ્મતથી કહેછે. ત્યારે અજ્ઞેય શી રીતે થયું ? જ્ઞાન અજ્ઞેય સોનાનો પથરનો કાંકરિયો શું કદી થાય ? એ વાસ્તે કહીએ છીએ કે, તેને જાણવામાં આવતો નથી, એ માટેજ કહેવું પડશે કે, તેને જાણવામાં આવેછે.

લક્ષણના જ્ઞાનના વિના એક જાતના પદાર્થથી બીજા પ્રકારના પદાર્થને જૂદા તરીકે સમજતા નથી. પર્વત એ ઝાડ નથી, ઝાડ એ પર્વત નથી; નદી એ સમુદ્ર નથી, સમુદ્ર એ નદી નથી; હાથી એ કીડી નથી. કીડી એ હાથી નથી, માણસ ગાય નથી, ગાય સારસ નથી, આ બધા

જુદાપણું કેવળ જુદા જુદા લક્ષણ જોઇને જ ઉત્પન્ન થાય છે. કીડીમાં એવા કેટલાક લક્ષણો છે, જે હાથીમાં નથી; વળી હાથીમાં એવા કેટલાક લક્ષણોછે કે જે કીડીમાં નથી. તેથી આપણે સમજી શકીએ છીએ કે, કીડી હાથી નથી, અને હાથી કીડી નથી. તેમ જો જ્ઞેય તથા અજ્ઞેય આ બે જાતના પદાર્થને વિભાગ કરો, તો આ બે જાતના પદાર્થનાં લક્ષણ જાણવા જોઇએ. શા લક્ષણ હોય તો જ્ઞેય પદાર્થ થાય, અને શા લક્ષણ હોય તો અજ્ઞેય પદાર્થ થાય, તે નહિ જાણ્યાથી જ્ઞેય તથા અજ્ઞેયનો ભેદ શીરીતે સમજાય ? પરંતુ જો લક્ષણ જાણવામાં આવ્યા, તો અજ્ઞેય શી રીતે થાય ? જેને અજ્ઞેય કહીએ છીએ તે ખચીત થોડેક ભાગે જ્ઞેયછે. ત્યારે હવે અજ્ઞેયતાવાદ ક્યાં રહ્યો ?

પરંતુ તે અનંત છે, હું નાનો અથવા પરિમિત થઇને અનંતને શી રીતે જાણું ? આવું ઘણાઓ કહે છે.

માણસ શું અનંતને જાણી શકતો નથી ? ત્યારે પૃથ્વીની લગભગ ઘણી ભાષામાંજ અનંત અર્થ બોધક શબ્દની ઉત્પત્તિ શી રીતે થઇ હશે? અનંત–આ શબ્દ કહેવાથી લોકોના મનમાં ખચીત એક અર્થ બોધ થાય છે. અર્થ બોધ નહિ થવાથી ઉપલા શબ્દનો વપરાસ રહેત નહિ. જ્યારે અનંત શબ્દ બોલ્યાથીજ તેનો અર્થ સમજાય છે, ત્યારે શી રીતે કહેવું કે અનંતનું જ્ઞાન થવું અસંભવ છે ?

જો અનંતનું જ્ઞાન અસંભવ થાય, તો શી રીતે જાણ્યું કે અનંત છે ? અનંત તથા આકાશનું મૂલ શું એકજ અર્થ પ્રકટ કરે છે ? હું અનંતને જાણતો નથી, એવું નહિ કહેતા એવું શા માટે કહેતા નથી કે અનંત નામનો કંઇ નથી ! જરા વિચાર કર્યાથીજ સમજાશે કે જો કહી શકીએ કે અનંત છે, તો એ પણ કહી શકીએ કે અનંતને જાણીએ છીએ નહિ જાણ્યાથી શી રીતે કહીએ કે છે ?

અનંતને સમજાઇ શકાતો નથી એનાથી શું સમજાય છે ? એજ સમજાય છે કે અનંતને સમજીએ છીએ. જો અનંતનું કંઇ જ્ઞાન નહિ રહેત તો અનંતને સમજાય કે નહિ સમજાય, એ બેમાંનું કંઇ જાણવા

નહિ. જો તમે ખાતરી પૂર્વક કહો કે મનુષ્ય અનંતને કોઇ રીતે જાણી શકતો નથી, તો તમે અનંતના વિષયમાં ખચીત એવું કંઈ જાણ્યું છે કે જેને માટે તમે કહો છો કે અનંતને જાણી શકતો નથી. અનંત સંપૂર્ણ રીતે અજાણ્યો થવાથી મનુષ્ય અનંતને જાણી શકતો નથી, એવું કહેવાનો અધિકાર કહ્યું કે તે અજ્ઞેય છે? અનંતને નહિ જાણ્યાથી કોઈ કહી શકતું નથી કે અનંતને જાણવામાં આવતો નથી. એક જાતની રમતમાં છોકરાં તેઓમાંથી એક જણાની આંખ બાંધે છે બીજા બધા એક એક આંગળીથી તેના માથા ઉપર મારે છે, જેની આંખ બાંધેલી છે તે તેઓને પકડવાનો યત્ન કરે છે. જે હોશિયાર છે, તે હાથ હલાવીને ચારે બાજુએ ફરતો ફરે છે. પરંતુ અકુશળ છોકરો પકડાવાથી જરા ઉચું કરીને જોઈ લેછે, તે છતાં એવો ભાવ દેખાડે છે કે તેણે કશું જોયું નથી.

પરિમિતને જાણવાથીજ અનંતને જાણવામાં આવે છે. લાંબુ શું છે? જે ટૂંકું નથી. ટૂંકું શું છે? જે લાંબુ નથી. સારૂં શું છે? જે ખરાબ નથી. ખરાબ શું છે? જે સારૂં નથી. પરિમિત કોણે કહેછે? જે અનંત નથી. અનંત શું છે? જે પરિમિત નથી તે. વિપરીત પદાર્થનું જ્ઞાન એકજ રહે છે. જ્યારે આપણને પરિમિતનું જ્ઞાન છે, ત્યારે અનંતનું જ્ઞાન પણ જરૂર છે.

દરેક પરિમિત પદાર્થ અનંત પ્રકાશ કરે છે. ઝાડ વેલ, નદી, પર્વત, ચંદ્ર, તારા એ બધા અનંતને પ્રકાશ કરે છે. સામાન્ય પથ્થર અનંતને પ્રકાશ કરે છે, સમુદ્ર તથા પાણીનું ટીપું હિમાલય તથા રેતીનો દાણો, એક સરખી રીતે અનંતને પ્રકાશ કરે છે. જે કંઇ જોઇએ, તેમાં અનંત પ્રકાશિત છે. દૂર શામાટે જઈએ? હું પોતે પરિમિત છું, તેથી મારામાંજ અનંત પ્રકાશિત છે.

ત્યારે " અનંતને જાણતો નથી, " આ બોલવાનો શું કંઇ અર્થ નથી? છે, અનંતની ધારણા થતી નથી. અનંતને તો દૂર રહો. બધા પરિમિત પદાર્થનીજ શું ધારણા થાય છે? આ પૃથ્વી કેટલી મોટી છે તેનો વિચાર કરી જુઓ; ધારણા કરી શકાશે નહિ. પૃથ્વીજ શામાટે? હિમાલય પર્વત કેટલો મોટો છે તેનોજ વિચાર કરો જોઇએ; ધારણા કરી શકશો ન-

હિ. હિમાલયજ શા માટે ? એક સામાન્ય ઘર, એક ઝાડના વિશે વિચાર કરો જોઇએ, ધારણા કરી શકશો નહિ. ઘરની દિવાલથી છત સુધી, અને લંબાઇ પહોળાઇ ઉંચાઇની જગા એક સાથે વિચાર કરો જોઇએ, કરી પણ સ્પષ્ટ ધારણા થશે નહિ. એક ઝાડના મૂળ, થડ, ડાળા ડાળીઓ, પાંદડાં લઇને આખા ઝાડ વિશે વિચાર કરો જોઇએ, કરી શકશો નહિ. માણસનું મન આટલું નાનું છે. જ્યારે પરિમિત પદાર્થનીજ સારી રીતે ધારણા થતી નથી, ત્યારે અનંતની ધારણા થવી એ શું સંભવ છે ?

અજ્ઞેયતાવાદ લઇને વિચાર કરવાની જરૂર છે. પહેલા માણસની એવી શક્તિ છે કે નહિ જે જગતના આદિકારણને જાણી શકે. બીજું આદિના કારણની એવી શક્તિ છે કે નહિ જે તે માણસની આગળ પ્રકાશિત થાય. આદિ કારણની તે શક્તિ શું છે ! અજ્ઞેયતાવાદીઓનો શિરોભૂષણ હાર્બર્ટ સ્પેન્સરે આદિ કારણ સંબંધમાં શું લખ્યુ છે તે જુઓ.—

" Thus the Eisst Cause must be in every sense, Perfect, complete, total including within itself all Power and transcending all Law. "

આનો મર્મ એ છે કે " આદિ કારણ બધી જાતના અર્થમાંજ પૂર્ણ છે. તેમાં સર્વશક્તિ સમાયલી છે, અને તે બધા નિયમના બહાર છે" આ ઉપરથી સવાલ એ છે કે આદિ કારણ જો સર્વ શક્તિવાળો તથા સર્વ નિયમના બહાર થાય, તો તે પોતાની સ્વરૂપ લક્ષણ માણુસને કેમ જણાવી શકશે નહિ? સર્વશક્તિમાન શું આત્મ પ્રકાશમાં અસમર્થ છે ? જે સર્વત્ર રહી શકેછે, તે શું મનુષ્યના જ્ઞાનક્ષેત્રમાં પ્રવેશ કરી શકતો નથી ? જો કહો કે તે કરી શકતો નથી, તો તે સર્વશક્તિમાન તથા સર્વ નિયમના બહાર શી રીતે થાય ? જો કહો કે તે કરી શકે છે, તો અજ્ઞેયતાવાદ ક્યાં રહ્યો ?

અજ્ઞેયતાવાદ કહેછે કે મનુષ્યને માટે વિશ્વ કારણનું જ્ઞાન મેળવવું એ અસંભવ છે. પરંતુ તેની સર્વશક્તિ કબુલ કર્યાથી અસંભાવના ક્યાં રહે યાર ? અજ્ઞેયતાવાદ શું અનંત શક્તિને સીમા બદ્ધ કરી શકેછે ? જો

તમે વિશ્વ કારણને અજ્ઞેય કહો, તે છતાં તેની અનંત શક્તિ કબુલ કરો તો શું તમે એક મોંએ બે વિરૂદ્ધ વાક્ય કહેતા નથી ?

નાસ્તિકતા તથા અજ્ઞેયતાવાદમાં અજ્ઞેયતાવાદ પ્રતીત સત્યની પાસે છે. પરંતુ એ પણ નિશ્ચયછે કે અજ્ઞેયતાવાદ વધારે ગેરવાજબી દોષવાળો છે. પરમેશ્વર છે તે છતાં તેનું સ્વરૂપ લક્ષણ અજાણ્યું છે, આ બે વાક્ય એક બીજાની જોડે મળતા નથી. પરમેશ્વર છે તે શામાટે કહોછો ! તે છે, આ કહેવાનું જે કારણ છે તે કારણજ શું તેના સ્વરૂપ લક્ષણ કહેતા નથી ? જો સૃષ્ટિ કૌશળ જોઇને કહો કે તે છે, સૃષ્ટિ કૌશળ શું તેના જ્ઞાનના વિષય કહેતી નથી ? જો વિવેકની વાણી સાંભળીને કહો કે, તે છે, વિવેક શું તેને **धर्मवह पापनुद** " તરીકે બતાવતો નથી ? જો કાર્ય કારણના સંબંધના જોઇને કહો કે તે છે, તો કાર્ય કારણ સંબંધ શું તેને શક્તિ રૂપી તરીકે પ્રચાર કરતો નથી ?

અજ્ઞેયતાવાદી પહેલા બે કારણ માનતા નથી. છેલ્લુ કબૂલ કરે છે, તેથી છેલ્લુ લઇને વિચાર કરીએ. પહેલા એક સવાલ પુછીએ છીએ કે, જો આદિ કારણ સર્વ પ્રકારે અજાણ્યો છે, તો તેની શક્તિના વિશે શામાટે કહોછો ? જો કંઇપણ જાણવામા આવતું નથી, તો શી રીતે શક્તિના વિષય જાણવામાં આવ્યું ? શક્તિ શું એક સ્વરૂપનું લક્ષણ નથી ? જો કહો કે, શક્તિના વિના બીજું કંઇ જાણવામાં આવતું નથી, તો સર્વથા અજાણ્યો શી રીતે થયો ? શક્તિ કબુલ કર્યાથી શું તેને કંઇક ભાગે જાણવાવાળો કહેવામાં આવ્યો નથી ?

પરંતુ શક્તિ વિના બીજું કંઇ કબૂલ નહિ કરવાનો કંઇ અર્થ નથી. શક્તિ માન્યાથી, ઇચ્છા તથા જ્ઞાન માનવુંજ પડશે. એઆગ્રહિસથી વિચાર કર્યાથી સમજાશે કે, આપણે જેને શક્તિ કહીયે છીએ તે ઇચ્છા તથા જ્ઞાનથી જૂદો કોઇ પદાર્થ નથી. એક જ્ઞાનાત્મા અંનત શક્તિ અંનત ભુવનમાં નિત્ય કાર્ય કરેછે.

શક્તિ શું છે ! જે ફેરફાર ઉત્પન્ન કરે છે. અગ્નિની સાથે હાથનો સ્પર્શ થયાથી હાથ બળી ગયો. એક માટીના વાસણને અથવા કાચના વા-

સાધુ ધમની ઠોકર લાગ્યાથી એ તરત ભાંગી ગયું. પીઠઉપર રામે મુક્કી મારવાથી પીઠમાં દર્દ થયું. આ બધી જગાએ પરિવર્તન થયું છે. તે પરિવર્તનના મૂળમાં શક્તિ રહેલી છે. અસીમ બ્રહ્માંડમાં સર્વદા સર્વત્ર પરિવર્તન થાય છે-સર્વદા સર્વત્ર શક્તિ કામ કરે છે. પક્ષીના ગોત્રાટ, પ્રાણીદેહના લોહીના પ્રવાહમાં, નદીના ઓતમાં, સમુદ્રના તરંગમાં, વાયુના હલવામાં, ગ્રહની ગતિમાં સર્વત્ર ફેરફાર થાય છે, સર્વત્ર શક્તિનું કામ છે.

અનંત ભુવન કાર્ય કારણની સાંકળમાં બંધાયલું છે. ગરમીથી પાણીની વરાળ થાય છે. જ્યાં ગરમીની સાથે પાણીનો યોગ છે, ત્યાંજ પાણી વરાળ રૂપે થાય છે. પહેલો બનાવ થયાથી બીજો બનાવ થવાનોજ. સૂકાં પાંતરાં આગમાં નાખો, તો તે બળશે. ચુનો અને હળદ મેળવો, તો તે લાલ રંગ થશે. ભૂખની વખતે ખાવો તો ભૂખની શાંતિ થશે. આવી રીતે બધી જગાએ એક બનાવ બન્યાથી બીજો એક બનાવ બનશે ને બનશે. પહેલાને કારણ કહો બીજાને કાર્ય કહો. અગ્નિની સાથે હાથનો સ્પર્શ કારણ છે, હાથ બળવો એ કાર્ય છે. કાચના વાસણને ધક્કો મારવો એ કારણ છે, વાસણ ભાંગવું એ કાર્ય છે. વાદળાં વાદળાંમાં ઘસાવવાં એ કારણ છે, વિજળી ઉત્પન્ન થવી એ કાર્ય છે. હરિની પીઠ ઉપર મુક્કી મારવી એ કારણ છે, પીઠપર વિશેષ પ્રકારે ઇન્દ્રિય બોધ એટલે દર્દ કાર્ય છે.

એમજ જો કાર્ય તથા કારણ થાય, તો શક્તિ ક્યાં છે? એક બનાવ પહેલાં બને છે, એના વિના તો બીજું કંઇ જોતા નથી. જેને કાર્ય કારણ શૃંખલ કહીએ છીએ, તે એક બનાવના પછી બીજો એક બનાવના વિના કંઈ નથી. શક્તિ ક્યાં છે?

બીજા એક જાતનો વિચાર કરવામાં આવે છે. શક્તિ શો પદાર્થ છે? જડપદાર્થ કે જ્ઞાન પદાર્થ છે? અથવા જડ તથા જ્ઞાનના વિના બીજો કોઇ જાતનો પદાર્થ છે? જો શક્તિ પદાર્થના ગુણ હોય, તો એ જડના ગુણ છે કે મનના ગુણ છે? અથવા જડ તથા મનના વિના બીજા કોઇ જાતના પદાર્થના ગુણ છે?

પહેલાં તો શક્તિ જડનો ગુણ થાય, તો આંખ કાન વગેરે ઇન્દ્રિયથી

ખચીત તેને જાણી શકાય, પરંતુ આંખથી શક્તિ જોવામાં આવતી નથી. કાનથી સાંભળાતી નથી; ચામડીથી સ્પર્શ કરી શકાતી નથી, શરીરની કોઇ ઇન્દ્રિયથી તે દીઠામાં આવતી નથી, ઘણુંજ તીક્ષ્ણ સુક્ષ્મદર્શક યંત્ર પણ શક્તિની ખબર આપી શકતો નથી.

શરીરથી શકિત જાણવામાં આવતી નથી આ કહેવું ઘણાઓ સમજી શકશે. નહિ. પછવાડેથી મારી પીઠપર એક જણાએ ધક્કો માર્યો. મેં શું તે વેળાએ શકિત અનુભીવી કે નહિ? ત્યારે શું અનુભવ્યું? ઇંદ્રિય બોધ (Sensation) તથા ગતિ. Moti on)જે બધે સ્થલે આપણે જાણીએ છીએ કે, શરીરથી શકિતને પ્રત્યક્ષ કરીએ છીએ, તે બધે સ્થળમાં આપણે ખરેખર ઇંદ્રિય બોધ અથવા ગતિ વિના બીજું કંઈ અનુભવી શકતા નથી પરંતુ ઇન્દ્રિય બોધ તથા ગતિની ઉત્પત્તિનું કારણ જે શકિત છે, તે કદી અનુભવી શકતા નથી. માંસના લોચામાં શું શકિત અનુભવી શકાતી નથી? ઘણાક બુદ્ધિમાન માણસો પણ ધારે છે કે, તેઓ માંસના લોચામાં શકિત અનુભવે છે. ખરેખર માંસના લોચામાં હો અથવા શરીરના કોઇ ભાગમાં હો. એક રીતે ઇન્દ્રિય બોધના વિના બીજું કંઇ જણાતું નથી.

કેટલાકો આમ કહેછે કે શકિત જડ છે ખરી, પરંતુ તે ઘણી સુક્ષ્મ હોવાથી ઇન્દ્રિયથી બહાર છે, એટલુંજ નહિ પણ સુક્ષ્મદર્શક યંત્રથી પણ તે નજરે પડતી નથી. આવું કહેવું ચાલવાનું નથી. પહેલા કહી ગયા છીએ કે, કાર્ય કારણ શૃંખલ પરીક્ષા કર્યાથી કેવળ એક બનાવના પછી બીજા બનાવ નજરે પડેછે. પહેલાને કારણ કહો, બીજાને કાર્ય કહો. શકિત જો ક્યાં પણ રહેતી હોય, તો એ કાર્ય કારણ શૃંખલમાંજ રહેવી જોઇએ. પરંતુ ક્યાં? એક પછી એક બનાવ બન્યા; આ બે બનાવોમાં એવું કંઇ જોતા નથી કે બેઉને યોગ કરેછે.

આંખના બહારનો કોઇ સુક્ષ્મ પદાર્થ છે જે કાર્ય તથા કારણને જોડેછે, અને તેજ શકિત છે, એવું થઈ શકતું નથી. તે સુક્ષ્મપદાર્થ ખચીત પહેલાં કારણમાં (પહેલા બનાવમાં) રહેછે; તેનાથી નીકળીને એ કાર્યમાં અર્થાત્ બીજા બનાવમાં આવેછે. અહિંયાં જુઓ, એ સુક્ષ્મપદાર્થ (જેને

શક્તિ કરેછે) એના નીકળતો એક બનાવ છે, અને એ નીકળ્યા પછી જે થાયછે, તે બીજો એક બનાવ માત્ર છે; એ બેઉમાં યોગ ક્રિયા છે ! કેવળ એકના પછી એક બનાવ બન્યા પછી બીજું તો નથી વિચાર કર્યાથી શો વિચાર કરીએ ? શક્તિ નામનો એક સુક્ષ્મપદાર્થ નીકળ્યો, ત્યાર પછી એક બનાવ બન્યો, એકના પછી બે બનાવ બન્યા; પરંતુ કોણે કહ્યું કે, પહેલો બનાવ બીજા બનાવને ઉત્પન્ન કર્યો ! પહેલો બનાવ અથવા કાર્ય છે પરંતુ પહેલા બનાવથી જે બીજા બનાવની ઉત્પત્તિ છે, એનું પ્રમાણ શું છે ? જો કોઇ સુક્ષ્મપદાર્થ નીકળે (જેને શક્તિ કહોછો) તો એક બનાવ માત્ર છે; તે બનાવથી જે બીજો બનાવ પેદા થયો છે એવું શામાટે કહો છો! એકના પછી બે બનાવ થયા, આમ કહ્યાથીજ તો થાય એમ છે ? આ સુક્ષ્મપદાર્થની બીજા બનાવની ઉત્પત્તિ જો સિદ્ધ નહિ થાય, તો એને શી રીતે શક્તિ કહીએ ? જે ફેરફાર કરેછે,—બનાવની ઉત્પત્તિ કરેછે,—તેજ શક્તિ છે, તેથીં આ સુક્ષ્મપદાર્થને શક્તિ કહી શકતો નથી. જો આવું કંઈ હોય, તો તે એક જાતનો સુક્ષ્મ જડમાત્ર છે.

જે શરીરની ઇંદ્રિયના ગ્રાહ્ય છે, તેજ જડ અથવા જડના ગુણ છે જો જડ સુક્ષ્મ તરીકે ઇન્દ્રિય ગોચર નહિ થાય, તો કહેવુંજ પડશે કે ઇન્દ્રિય શક્તિ બીજી પણ વધારે થયાથી અથવા સુક્ષ્મદર્શક યંત્ર વધારે સારૂં થયાથી એ ઇંદ્રિય ગોચર થાત. પરંતુ દેખાડ્યું છે કે, શરીરની ઇન્દ્રિયના દ્વારા શક્તિને કદી જાણી શકતી નથી.—જાણવાની સંભવના પણ નથી. ત્યારે શક્તિ જડ અથવા જડના ગુણ નથી.

ત્યારે શું જડ જગતમાં શક્તિ નામનું કંઈ નથી ? કેવળ પહેલાના તથા પછીના બનાવની હારમાં રહી છે ? એ બોલવું મનુષ્યની પ્રકૃતિ વિરૂધ છે. વજ્રાઘાતથી ઘરની છત ભાંગી ગઇ, પગની ઠોકરથી કાચનું વાસણ ભાગી ગયું, લાકડીના મારથી મેરૂદંડના બે ટુકડા થયા, એમાં કોઇ શક્તિએ કાર્ય કર્યું નહિ, કેવળ એક બનાવના પછી બીજો બનાવ બન્યો, એ કોઇ ધારી શકે નહિ. જડ થઇને પૃથ્વી ઉલટ પાલટ થઇ ગઈ, લાગ લાગ્યાથી સેંકડો ઘર બળીને રાખ થયા, શુકાંપથી વિરુષોના નાશ પામ્યા

તે છતાં આ બધા બનાવના મૂળમાં કોઇ શક્તિએ કામ કર્યું નહિ, કેવળ એક બનાવના પછી બીજો એક બનાવ બન્યો, માણસ તે ધારી શકતો નથી. જડ જગતમાં શક્તિ કામ કરે છે, એ આપણો સ્વભાવિક સિદ્ધ સંસ્કાર છે.

આ ઠેકાણે કોઈ કહી શકશે કે ઘણું જોતાં જોતાં એક વ્હેમ આપણા સંસ્કાર ઉત્પન્ન થયો છે. ત્યાર પછી બૈજિક નિયમ (Law of heredity) અનુસારે એ પેઢી દર પેઢી ચાલે છે. શક્તિ સંબંધી સંસ્કાર તેમ પેઢી દર પેઢી ચાલે છે. એ કહેવું યુક્તિ સિદ્ધ તરીકે ગ્રહણ કરી શકતા નથી. ઇન્દ્રિય પરીક્ષાથી સંસ્કાર ઉત્પન્ન થાય છે. આ ઠેકાણે ઇંદ્રિય પરિક્ષા ક્યાં છે? જે ઇન્દ્રિયની બહાર છે; તેના સંબંધમાં સંસ્કાર શી રીતે ઉત્પન્ન થાય?

એવું પણ કોઈ કહે કે, લોકો અનુમાનથી શક્તિનું અસ્તિત્વ સમજી શકે છે. પરંતુ એક મૂળ વગર અનુમાન ચાલતું નથી. શું જોઇને અનુમાન કરે? બનાવના પછી બનાવ થાય છે. એક બનાવ જોઇને બીજો એક બનાવ અનુમાન કરી શકાય છે, શક્તિ ક્યાંથી આવી?

કેટલાકો એવું પણ કહે છે કે, શક્તિનું જ્ઞાન ભૂલ માત્ર છે. શક્તિ નામે કંઇ નથી. આ સંબંધમાં બે બોલ કહીશ, પહેલાં જો એ ભ્રમ થાય તો એ ભ્રમ ક્યાંથી આવ્યો? ભ્રમનું કારણ છે. શક્તિ વિષે ભ્રમનું કારણ શું છે? દોરડામાં સાપનો ભુલાવો થાય છે ખરો પરંતુ સાપનું જ્ઞાન પહેલેથી નહિ હોવાથી સાપનો ભુલાવો થતો નથી. સાપ જોયો છે, તેથી સાપનું જ્ઞાન થયું છે. શક્તિને તો જોઈ નથી, ત્યારે શક્તિનું જ્ઞાન ક્યાંથી ઉત્પન્ન થયું?

બીજું, શક્તિપર વિશ્વાસ સ્વભાવિક છે, જરૂર થનાર છે તથા વિશ્વવ્યાપી છે. આવા વિશ્વાસને ભ્રાન્તિ કહેવાથી જગતમાં કંઇ સત્ય રહે નહિ. બધી યુક્તિના મૂળમાં સ્વાભાવિક વિશ્વાસ છે, બધા વિજ્ઞાનનો મૂળ પાયો સ્વાભાવિક વિશ્વાસને નહિ માનવાથી કંઈ રહેનાર નથી. આ જગત છે તે કોણે કહ્યું? હું છું તેનું પ્રમાણ શું છે? બધા સત્ય અહિંજ ઉભા-

છે, શક્તિના અસ્તિત્વ રૂપ મહાન સત્ય આ મૂળ પાયાપર પ્રતિષ્ઠિત છે.

બીજા પ્રકારે શક્તિ તત્ત્વ ઊપર વિચાર કરીને જોઇએ. બધાઓ કહે છે કે, આગમાં બાળવાની શક્તિ છે. બાળવાની શક્તિનો અર્થ શો છે? આગમાં બાળવાની શક્તિ છે, એ બોલનો ખચીત અર્થ એ છે કે, આગ બાળી શકે છે? તમે આ સહેલા પ્રશ્નનો આ સહેલો જવાબ આપશો કે "સર્વદા જોઇએ છીએ કે આગ બધાને બાળે છે, એ વાસ્તેજ જાણ્યું છું કે આગમાં બાળવાની શક્તિ છે."

હું કહુંછુ કે આગમાં જે બાળવાની શક્તિ છે-આગ જે પદાર્થોને બાળે છે, એ કોઈ કદી જોતા નથી, જોઇ શકતા નથી.

તમે કહેશો કે "તે શું બેઓછો સૂકાં લાકડાં આગમાં નાખીને જુઓ, હમણાં જોશો, અગ્નિ તેને બાળે છે" હું કહુંછું કે તે કદી જોઇ શકશો નહિ, કદી જોવામાં આવતું નથી. જરા વિચાર કરીને જોવાથી સમજાશે કે, આગમાં લાકડાં નાંખ્યાથી કેવળ બે બનાવ એકના પછી એક જોવામાં આવે છે. પહેલો બનાવ એ જોઇએ છીએ કે, આગની જોડે લાકડાનો સંબંધ થયો, બીજો બનાવ એ જોઇએ છીએ કે લાકડું બળે છે. આગમાં સૂકાં લાકડાં નાખ્યા પછી એકની પછી એક બે બનાવ થાય છે. પહેલા બનાવના પછી થોડીવારે બીજો બનાવ થાય છે.

આગની સાથે લાકડાનો સંબંધ થયો, બીજું લાકડાં બળવા લાગ્યાં. આ બે બનાવના વિના બીજું કંઇ જોવામાં આવતું નથી. ત્યારે શા માટે કહોછો કે અગ્નિ બાળે છે? કહી શકોછો કે આગમાં બળે છે. પરંતુ આગ જે લાકડાંને બાળે છે એ શું કદી જોયું છે?

કોઇએ કદી જોયું નથી. ત્યારે શામાટે કહો છો કે અગ્નિ બાળે છે? તેવું શું કદી જોયું છે કે, પાણી તાઢું કરે છે? કદી નહિ. (૧) તાઢા પાણીની સાથે સંબંધ થયો, અને (૨) એ તાઢું થયું; એના વિના બીજું કંઇ કોઇ જોઇ શકતા નથી.

પાણી તરસને શાંત કરે છે, એ પણ શું કદી જોયું છે? (૧) તરસ્યા પછી તાઢું પાણી પીધું, અને (૨) તરસ શાંત થઇ, એ વારંવાર

મેં પ્રત્યક્ષ કર્યું છે, તમે કર્યું છે, બધાએ કર્યું છે. પરંતુ તાડું પાણીએ તરસને શાંત કરી, એ કોઇએ કદી પ્રત્યક્ષ કર્યું નથી.

બારીકરીતે વિચાર કરતા સમજાય છે કે, બહારના જગતમાં આપણે પદાર્થ તથા બનાવો પ્રત્યક્ષ કરીએ છીએ. પરંતુ કિયા એક પદાર્થે બીજા એક પદાર્થને ઉત્પન્ન કર્યા, અથવા કોઈ એક બનાવે બીજા કોઇએક બનાવને ઉત્પન્ન કર્યાં, એ કદી પ્રત્યક્ષ કરતા નથી. એક પછી એક બનાવ બને છે એટલુંજ માત્ર જોઇ શકીએ છીએ, એના વિના બીજું કંઇ જોતા નથી. ઉત્પાદનક્રિયા પ્રત્યક્ષનો વિષય નથી:—વિશ્વાસનો વિષય છે.

જ્યારે ઉત્પાદન કરવું અથવા ઉત્પાદિત થવું એ પ્રત્યક્ષનો વિષય થયો નહિ, ત્યારે શક્તિ શીરીતે પ્રત્યક્ષનો વિષય થાય ?

શક્તિ કહ્યાથી આપણે શું સમજીએ છીએ ? શક્તિ શું છે ? જે બનાવ ઉત્પાદન અથવા ફેરફાર કરે છે તે. પરંતુ ફેરફાર કરે છે એ જ્યારે પ્રત્યક્ષનો વિષય નથી, ત્યારે શક્તિ શી રીતે પ્રત્યક્ષનો વિષય થાય ? આગ બાળવાની શક્તિ છે, પાણી અથવા બરફની તાઢું કરવાની શક્તિ છે, ખાવાની ભુખ દૂર કરવાની શક્તિ છે, પાણીના પ્રવાહની તરાણી લેવાની શક્તિ છે, વાયુની ઉડાવી લેવાની શક્તિ વગેરે બહારની કોઇ શક્તિજ આપણા ઇન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી.

શક્તિ કોઇ જાતની સ્થૂળ અથવા સૂક્ષ્મ જડ નથી. તે પણ દેખાડ્યું છે. હવે સવાલ એ છે કે શક્તિ કોઈ રીતે જડના ગુણ છે કે નહિ ? જડના ગુણ કોને કહેવા ? જે આંખ વગેરે શરીરના અવયવને ગ્રાહ્ય છે, તેજ જડના ગુણ છે. શક્તિ એ આંખ વગેરે શરીરની ઇન્દ્રિયના ગ્રાહ્ય નથી, તેથી શક્તિ જડના ગુણ નથી.

શક્તિ જ્યારે જડ અથવા જડના ગુણ થયા નહિ, ત્યારે શક્તિને શું કહેવાય ? જે જડ છે અથવા જડના ગુણ નથી, તે અચીત આત્મા અથવા આત્માના ગુણ છે કેમકે જડ તથા આત્માના વિના બીજી જાતનો કોઈ પદાર્થ શું રહી શકે છે ? કેમ નહિ ? અચીત થઇ શકે છે. પરંતુ તેની સાથે આપણો કંઇ સંબંધ રહી શકતો નથી. આપણી એવી ઇન્દ્રિય અથવા

શક્તિ નથી કે, જેનાથી જડ તથા આત્માના બહારના કોઇ પદાર્થ ચલી શકે છે, પરંતુ આપણને માટે તે રહેવા નહિ રહેવા બન્ને સરખા છે તેથી શક્તિ જો જડના ગુણ નહિ થાય, તો એ ખચીત આત્માના ગુણ થવા જોઇએ.

બહારની દુનિયામાં શક્તિને જોઇ શક્યા નહિ, હવે તેને ખોળવા માટે અન્તર્જગતમાં પ્રવેશ કરીએ, બહારની દુનિયામાં જેવા બનાવના પછી બનાવ છે, અન્તર્જગતમાં પણ તેવા બનાવના પછી બનાવો છે. એક માનસિક અવસ્થાના પછી બીજી અવસ્થા છે. જેમ જડ જગતમાં નિત્ય નિરપેક્ષ પૂર્વવર્ત્તી અને નિત્ય નિરપેક્ષ પરવર્ત્તી બનાવ રહ્યા છે, તેમ મનોજગતમાં પણ છે. ત્યારે શું બહારની દુનિયાની પેઠે અન્તર્જગતમાં શક્તિને જોઇ શકીશું નહિ !

અનંત બ્રહ્માંડ ફરીને જેને નહિ જોતાં નિરાશ થઇને ફરીને પાછું આવવું પડે છે, તે આપણા અંતરમાંજ તેનું સાક્ષાત્ દર્શન થાય છે. અન્તરમાંજ શક્તિ સાક્ષાત્ રહેલી છે.

બહારની દુનિયાની પેઠે અન્તર્જગતમાં તેવું બનાવના પછી બનાવ નિરંતર બનાવનો સ્રોત વહે છે; પરંતુ અહિં એવું કંઇ છે કે, જે બહારના બનાવમાં કદાપિ નજરે પડતું નથી, તે શું છે ?

દરેક મનુષ્ય પોતાનું કર્તૃત્વ અનુભવે છે. હું કરૂં છું, બોલું છું, ચાલું છું એ બાબત આપણેજ અનુભવેલા વિષય છે. હું વિચાર કરૂં છું, અનુભવું છું, ઇચ્છા કરૂં છું, એ દરેક માણસજ જાણે છે. પોતાનું કર્તૃત્વ મનુષ્ય માત્રનોજ પ્રત્યક્ષ અનુભવનો વિષય છે.

ક્ષણે ક્ષણે અનુભવું છું કે હું કર્ત્તા છું. પોતાનું કર્તૃત્વ અનુભવું છું કરવાનું અનુભવની જોડે શક્તિ અનુભવું છું. શક્તિ વિના કરવાનો કંઇ અર્થજ નથી. કરવાનું અનુભવવું એનો અર્થ શો ? કરી શકું છું અર્થાત્ મારામાં કરવાની શક્તિ છે, એવું અનુભવવું.

“ હું કરીશ ” આવું જ્યારે બોલીએ, ત્યારે તેની જોડે મારી કરવાની શક્તિ અનુભવું છું. હું કરીશ આ વાક્યનો અર્થ શો છે ? મારી શક્તિને

કામ કરવામાં લગાડીશ. "હું કરીશ" એનો અર્થ શો ? મારી શક્તિને કામ બજાવવા માટે લગાડું છું. કરીશ અથવા કરું છું ઇત્યાદિ શબ્દથી મનનો જે ભાવ પ્રકટ થાય છે, તેમાં શક્તિની અનુભૂતિ સુસ્પષ્ટ રહેલી છે. પોતાની શક્તિ અનુભવ નહિ કર્યાથી કોઈ કહી શકતા નથી કે હું કરીશ અથવા કરું છું.

બહારની દુનિયા તથા અંતર જગત બેઉના સંબંધમાંજ આપણું કર્તૃત્વ પ્રકાશ થાય છે [illegible] નથી. શરીરની ઇન્દ્રિય તથા અંગ પ્રત્યંગાદિ પરિચાલન કરું છું. હાથ ઉપાડે, હાથ ઉપાડયો; પગ ચાલે, પગ ચાલ્યો; આંખ ફેરે આંખ ફેરી. વળી શરીરની મદદથી બહારની દુનિયાના બીજા પદાર્થને પરિચાલના કરે છે. ત્યારે એ શક્તિની પ્રતીત હદ છે.

અન્તર્જગતમાં માનસિક ભાવોના ઉપર આપણી કર્તૃત્વ શક્તિ સર્વદા કામ કરે છે. એના ઉપર વિચાર કરીશું નહિ, પેલા ઉપર વિચાર કરીશું, આ દુઃખને હૃદયમાં જગા આપીશ નહિ એ ઇચ્છાને દમન કરીશ, આવી રીતની પ્રતિજ્ઞામાં આપણે આપણું કર્તૃત્વ અનુભવીએ છીએ, કેવળ પ્રતિજ્ઞા નહિ, આપણા કામમાં પણ અન્તર્જગતના બનાવોને ચલાવીએ છીએ, ભોગવીએ છીએ, રાખીએ છીએ, હઠાવીએ છીએ, માનસિક ભાવોના ઉપર આપણે સર્વદા આવું કર્તૃત્વ દેખાડીએ છીએ.

ધાર્યું કે, એક ઝાડ થાય, તરત ઝાડ થયું. ઝાડને ડાળીઓ, પાંદડાં, પુષ્પ ફળથી સુશોભિત કર્યું, તરત સુશોભિત થયા. ત્યાર પછી ઝાડના કેટલાક પાંદડાં તથા ફૂલ તોડી નાખ્યા, કેટલાક ફળ પાડી નાખ્યા, કેટલીક ડાળીઓ ભાંગી નાખી અંતે આખા [illegible] વિલુપ્ત કરી નાખ્યું.

કહ્યું કે એક પર્વત થાઓ, તરત એક મોટો પહાડ થયો. પહાડના શિખરને સફેદ બરફથી મંડિત કર્યો; કમરમાં ઝાડ ઝાંડ વેલ લીલા રંગથી રંજિત કર્યા, રૂપાના જેવી ચોખ્ખી નદીના સ્રોત એના વિશાળ દેહમાંથી પ્રવાહિત કરી મૂકી. વળી પહાડનું શિખર ભાંગી નાખ્યું, પાણીનો ઝરો બંધ કરીને પ્રવાહિત નદીઓને સૂકી કરી મૂકી. એવી રીતે ધીરે ધીરે આખા પર્વતને વિલુપ્ત કરી મૂક્યો.

માનસિક ભાવ સંબંધમાં અનુભવનું કર્તૃત્વ સમજવાણા [illegible] એમ

કલ્પિત ઝાડ તથા પહાડના દૃષ્ટાંત આપ્યા. કેવળ વૃક્ષ તથા પહાડ શા માટે ? માણસ ધારે, તો જગતને સૃષ્ટિ કરી શકે છે, રાખી શકે છે, વિનાશ કરી શકે છે.

આ બધા કલ્પિત ભાવની જોડે આપણો એક વિશેષ સંબંધ છે. સંબંધ આ છે.—આ બધા ભાવની ઉત્પત્તિ સ્થિતિ તથા વિનાશ આપણા ઉપર સંપૂર્ણ પ્રકારે આધાર રાખે છે. કર્તા તથા કૃત, રક્ષક તથા રક્ષિત, વિનાશકારી તથા વિનષ્ટ આપણી જોડે અને આ કલ્પિત ભાવોની જોડે એવી રીતે મોટો સંબંધ છે. જડ જગતના પદાર્થ અથવા બનાવોમાં આવો સંબંધ ક્યાં પણ જણાતો નથી.

માનવાત્મામાં કેટલાક ગુણો જોવામાં આવે છે;—જ્ઞાન, ભાવ, વાસના તથા કર્તૃત્વ. જે ગુણથી આત્મા સત્યને જાણેછે, તેનું નામ જ્ઞાન (Knowledge) છે; જે ગુણ દ્વારા આત્મા સારું નરસું, સુંદર બદસુરત, ન્યાય અન્યાય વગેરે અનુભવે છે. તેનું નામ ભાવ (Feeling) છે. જે ગુણ દ્વારા આત્મા કંઈ પામી શકે છે અથવા ભોગ કરવા ચાહે છે તેનું નામ વાસના (Desires) છે; વળી જે ગુણ દ્વારા આત્મા આન્તરિક અથવા બહારના કોઈ કાર્ય કરે છે, તેનું નામ કર્તૃત્વ (Will) છે; આ છેલ્લા કહેલા ગુણ ઉપર જ આપણે વિચાર કરવાની જરૂર છે, માનવાત્મા જે અવસ્થામાં કાર્ય કરવામાં લાગે છે અને પરિવર્તન ઉત્પાદક છે, તે અવસ્થાનેજ કર્તૃત્વ કહે છે. આત્માનો કર્તૃત્વ તથા આત્માની શક્તિ એ એક વિષય છે. કર્તૃત્વ છે પણ શક્તિ નથી; અથવા શક્તિ છે પણ કર્તૃત્વ નથી, એ બેઉમાંથી કોઈને પણ વિચારી શકતા નથી. ખરેખર જોતાં આ બે એકજ છે.

પરંતુ જ્ઞાન વગર શું કર્તૃત્વ રહી શકે છે ? હું કામ કરું છું, તો હું જાણું છું કે હું કામ કરું છું. હું જાણતો નથી કે હું કામ કરું છું, તે છતાં હું કામ કરું છું. આ શું સંભવિત છે ? કદી નહિ. હું જાણી શક્યો નહિ તે છતાં મારાથી એક કામ થઈ ગયું; એ શું હું ધારી પણ શકું છું ? મારા અજાણતા મારા મનથી કંઈ કામ થઈ શકતું નથી, કેમ કે હું મારા મનથીજ જાણું છું. મારું મન જો નહિ જાણી શકે, તો એ મારા મનનું

કામ થયું નહિ, તેથી મારૂં કામ થયું નહિ, વળી મારા અજાણતાં મારા શરીરથી કોઇ કામ થયા છતાં એ મારૂં કામ થયું નહિ, એ મારા અવશપણાનું કામ થયું. જે મારી ઇચ્છા શક્તિથી ઉત્પન્ન છે, તેજ મારૂં કામ છે. તેથી જ્ઞાન વિના કદી કર્તૃત્વ અથવા શક્તિ રહી શકતી નથી.

શક્તિ સંબંધમાં જે કંઇ વિચાર કરવામાં આવ્યો છે તે આ ઠેકાણે એકવાર ફરી તાત્પર્ય જોઇએ. પહેલું શક્તિના અસ્તિત્વમાં વિશ્વાસ કદી ભુલ ભરેલો થઇ શકતો નથી, ભ્રમનું પણ કારણ રહે છે. દોરડામાં સાપનો ભ્રમ થાય છે પરંતુ પહેલે સાપનું જ્ઞાન નહિ હોવાથી એવો ભ્રમ થઇ શકતો નથી. જ્યારે શક્તિ ઇન્દ્રિય પરીક્ષાથી જાણવામાં આવી નથી, ત્યારે શક્તિનું જ્ઞાન ક્યાંથી આવ્યું ? વિશેષતઃ શક્તિની સત્તામાં વિશ્વાસ સ્વાભાવિક, જરૂર થવાવાળો તથા સર્વજનીત છે; એવા વિશ્વાસને ભ્રાંતિ કહેવાથી કોઇ સત્યજ ઉભુ રહેવાની જગા મળતી નથી.

બીજું, સિદ્ધ થાય છે કે, જે ઇન્દ્રિય ગ્રાહ્ય નથી, તે જડના ગુણ છે: શક્તિ ઇન્દ્રિય ગ્રાહ્ય નથી, તેથી શક્તિના જડના ગુણ નથી. ત્રીજું, દેખાડ્યું છે કે, શક્તિ આત્માનો ગુણ નથી; કાર્યની અવ્યવહિત પહેલાની આંતરિક અવસ્થા છે. ચોથું, એવો પણ સિદ્ધાન્ત થયો છે કે જ્ઞાનની શક્તિની સ્વતંત્ર સત્તા સંભવ નથી.

આ ચાર સિદ્ધાન્તપરથી એક પાંચમા સિદ્ધાન્તમાં આવવામાં આવે છે;–એક જ્ઞાનમયી શક્તિ જડ જગતમાં સર્વત્ર કામ કરે છે. શક્તિ જ્યારે જડના ગુણ નથી,–આત્માનો ગુણ છે, જ્ઞાનથી જ્યારે એ જુદું છે, ત્યારે કહેવું પડશે કે જ્યાં શક્તિ હોય છે:–જ્ઞાનમયી શક્તિ અનંત ભુવન પરિચાલિત કરે છે. અંધ શક્તિ અર્થ શૂન્ય વાક્ય છે. ત્રિકોણવૃત્ત અને અંધ શક્તિ બેઉ એક સરખી વાત છે. દયા, પ્રેમ વગેરે જેમ આત્માના ગુણ છે, તેમ શક્તિ પણ આત્માનો ગુણ છે, દયા, પ્રેમ વગેરે જેમ જ્ઞાનથી જુદા છે, તેમ શક્તિ પણ જ્ઞાનથી જુદી છે. તેથી જ્યાં શક્તિ છે એવું ધારવું, ત્યાં એ જ્ઞાનના સહયોગમાં સ્થિતિ કરે છે, એવું ધારવું જોઇએ. આ જે સુવિશાળ જડજગત છે, એમાં સર્વત્ર શક્તિ કામ કરે છે; તેથી

એપણ કહેવું જોઇએ કે એનું સર્વત્ર જ્ઞાન છે. ધર્મ જે સત્યધામની વાત નિરંતર કહેતાં આવ્યા છીએ, વિશુદ્ધ યુક્તિના અચ્છેદ્ય સત્ર પદ્ધતિ આપણે સાંજ આપીએ છીએ.

એક જ્ઞાનમયી શક્તિ અનંત ભુવનમાં કામ કરેછે. વિશ્વ કાર્યમાં શક્તિના અસ્તિત્વમાં વિશ્વાસ, આપણને માટે સંપૂર્ણ સ્વભાવ સિદ્ધ છે; તેથી વિજ્ઞાન, દર્શન ધર્મતત્વ બધી જગાએ શક્તિની સત્તા એક મૂળ સત્ય તરીકે થાયછે, જ્ઞાન તથા ઇચ્છાથી શક્તિનું સ્વતંત્ર અસ્તિત્વ નથી; બ્રહ્માંડમાં સર્વત્ર જ શક્તિ કાર્ય કરેછે, તેથી તેની સાથે જ્ઞાન તથા ઇચ્છા સર્વત્ર રહેલા છે.

આ ઠેકાણે કોઈ કહેશે કે જ્યાં જગતની શક્તિ છે, ત્યાંજ જ્ઞાન તથા ઇચ્છા રહેલાછે, તેથી શું ભૌતિક ઉપાસના તથા સર્વ જાતની જડોપાસના સમર્થન કરાતી નથી ? ઝાડ, નદી, પર્વત, સમુદ્ર, ચંદ્ર, તારા, સૂર્ય એ બધા પદાર્થમાં જ્ઞાનમયી શક્તિ છે, તેથી શું વૈદિકસમયના આર્યોની પેઠે સર્વ ભૂતમાં જૂદા જૂદા દેવતા પ્રતિષ્ઠિત કરવામાં નહિ આવે ? ખરેખર જોતાં માણસ આદિમ અવસ્થામાં, પ્રકૃતિની અંદર ઉપકારી તથા પ્રભાવશાળી પદાર્થોમાંજ દેવત્વ આરોપ કરેછે. પવન દેવતા, વરુણ દેવતા, ચંદ્ર દેવતા, સૂર્ય દેવતા વગેરે ઉત્પન્ન થયા છે. સર્વ ભુતમાં જ્ઞાનમયી શક્તિ છે તેથી શું તે આદિમ ભૌતિક દેવતાઓને ફરી જીવતા કરાય નહિ ?

આવા વાંધાના કંઇ કારણ નથી. જો જૂદા જૂદા પ્રાકૃતિક પદાર્થમાં અથવા પ્રકૃતિના જૂદા જૂદા વિભાગમાં જૂદી જૂદી શક્તિનું અધિષ્ઠાન કબુલ કરવામાં આવે, તો આદિમ ભૌતિક ઉપાસના ફરી સ્થાપવામાં આવે તેમાં સંદેહ નથી. પણ હાલના સમયમાં સર્વથી ચઢીઆતું જ્ઞાન શું કહેછે ?

હાલના સમયની વૈજ્ઞાનિક શોધ કહેછે કે, એક વિશ્વવ્યાપિની શક્તિ નિખિલ બ્રહ્માંડમાં કાર્ય કરેછે, જૂદી શક્તિ ક્યાં પણ નથી. પર્વતમાં કે જમીનની નીચે; નદીમાં કે સમુદ્રમાં; મરૂભૂમિમાં કે ખેતરોમાં; નગરમાં કે જંગલમાં; પૃથ્વીની સર્વત્ર એકજ શક્તિ છે. જે શક્તિ મારા પગની નીચેની રેતીમાં, તે શક્તિજ કરોડો યોજન દૂરના નક્ષત્રોમાં વિરાજિત છે. બ્રહ્માંડ-

ની સર્વત્ર શક્તિ એક છે, બે શક્તિ ક્યાં પણ નથી. તેથી આપણી યુક્તિમાં સેંકડો અધિષ્ઠાત્રી દેવતાને ફરી જીવવાની આશંકા નથી. જગતનો અધિષ્ઠાન દેવતા એકમાત્ર છે.

બાઇબલમાં છે કે પરમેશ્વરે માણસને પોતાની પ્રતિકૃતિથી બનાવ્યો છે. ઘણાક રસિકતાપ્રિય સંદેહવાદી અથવા અજ્ઞેયવાદી ઠઠ્ઠા મશ્કરીમાં કહે છે. પરમેશ્વરે પોતાની પ્રતિકૃતિથી મનુષ્યને ઉત્પન્ન કર્યો નથી; મનુષ્યે પોતાની પ્રતિકૃતિથી પરમેશ્વરને ઘડ્યો છે. જ્ઞાન, દયા, પ્રેમ વગેરે મનુષ્યના ગુણ આરોપીને આદિશક્તિને માણસના જેવો કર્યો છે—તે મહાશક્તિના મહાન ભાવ નહિ સમજતાં તેને પોતાના જેવો નાનો કરી નાખ્યો છે.

આ બોલવામાં શું કંઇ ખરાપણું નથી? ફિયોડર પાર્કરે કહ્યું છે કે જો મેંઢાને ઈશ્વરનું જ્ઞાન હોત, તો તે ધારત કે પરમેશ્વર એક મોટો મેંઢો છે; તે સ્વર્ગના મેદાનમાં ચરતો ફરે છે. તેને જો સેતાનનું જ્ઞાન હોત, તો તે ધારત કે, સેતાન એક જાતનો ખરાબ મેંઢો છે. ઈશ્વર—મેંઢાંની સાથે તેનો સર્વદા વિવાદ થાય છે.

માણસ પોતાની દુર્બલતા તથા પરિમિત ભાવ ઉપાસ્ય દેવતામાં આરોપે છે, એ સર્વદા જોઇએ છીએ. દેવતા ખાય છે, વસ્ત્ર પહેરે છે, લીયે છે, મલ મૂત્ર ત્યાગે છે, લગ્ન કરે છે, વંશની રક્ષા કરે છે, સ્ત્રી પુરુષમાં લડે છે, લડાઇ કરે છે, ખુશામતના વાક્યથી ભોળવાઇ જાય છે, રમતો રમત પોતે ભોળવાઇને ગેરવાજબી કામ કરે છે, પાછી તેને માટે અનુતાપ કરે છે; ક્રોધમાં આંધળા થાય છે, ફરી સ્તુતિવાક્યથી નરમ થઇ જાય છે.

માણસ ઘણીક રીતે પોતાના ઉપાસ્ય દેવતામાં પોતાની દુર્બલતા તથા ક્ષુદ્રતા આરોપ કરે છે, તે કબૂલ કરીએ છીએ પરંતુ તેમ કહીને શું પરમેશ્વરને જ્ઞાનમય, મંગળમય, પ્રેમમય, કહી શકીશું નહિ? વિશુદ્ધ જ્ઞાન, નિર્દોષ યુક્તિ, નિઃસંશયથી સિદ્ધ કરીએ છીએ કે એક જ્ઞાનમયી, મંગળમયી, સર્વવ્યાપિની અનંતશક્તિ, આ જગતની ઉત્પત્તિ તથા સ્થિતિના મૂળમાં રહેલી છે કોઇ પ્રકારની નાસ્તિકતા આ મહાન્ સત્યને લેશ માત્ર પણ વિચલિત કરી શકશે નહિ.

પરમેશ્વરને જ્ઞાન, પ્રેમ વગેરે ગુણવાળો કહેવાથી શું તેનો ગૌરવ ઓછો કરવામાં આવે છે? અથવા કહ્યું કે જ્ઞાનમય, પ્રેમમય વગેરે વિશેષણ શબ્દ વાપરવાથી પરમેશ્વરને માણસના ગુણ આપવામાં આવે છે? દેવતામાં માણસના ગુણ આરોપ કરવામાં આવ્યા નથી, મનુષ્યમાં દેવત્વ કલ્પવામાં આવે છે. માનવ પ્રકૃતિમાં જો માણસ દેવત્વ નહિ જોઈ શકે, તેના જેવો આંધળો બીજો કોણ હોય? પરમેશ્વરને જ્ઞાનમય, પ્રેમમય, દયામય કહેવાથી તેનો ગૌરવ ઓછો કરવામાં આવતો નથી, પણ માણસનો ગૌરવ વધારવામાં આવે છે. બાપના જેવો પુત્ર છે તેમાં પિતાનું અપમાન શા માટે થાય? સ્પેન્સરે કહ્યું છે કે, "જો આવું ધારવામાં આવે કે ઘડિયાળમાં ચેતના છે તથા તે પોતાના બનાવનારને બરાબર પોતાના જેવો સ્પ્રિંગ ચક્ર વગેરે વાળો એક યંત્ર ધારે છે, તો ઈશ્વર સંબંધમાં લોકોમાં ઘણું કરીને જેવો વિશ્વાસ હોય છે, તેનું એવું દૃષ્ટાંત થાય."*

એક ઘડિયાળની જગાએ બે ઘડિયાળની કલ્પના કરીએ. માર્ટિનોએ ઉપલાનો સદુત્તર આપ્યો છે. અમે ત્રણ ઘડિયાળ કહીશું; પહેલું ઘડિયાળ-મૂર્તિ પૂજક, બીજું એકેશ્વરવાદી અને બીજું અજ્ઞેયતાવાદી.

મૂર્તિ પૂજક ઘડિયાળ બોલી, મારો જે સૃષ્ટિ કર્તા છે તે એક મોટી ઘડિયાળ છે; જેમ મારામાં સ્પ્રિંગ ચક્ર વગેરે છે તેમ તેનામાં પણ છે. જેમ હું સર્વદા ટિક ટિક કરૂંછું, તેમ તે પણ કરે છે; જેમ હું બે કાંટાથી વખત બતાવું છું, તેમ તે પણ કરેછે".

એકેશ્વરવાદી ઘડિયાળે આ બોલવાના વિરુદ્ધમાં કહ્યું, "આવું કહેવું એ તદ્દન યુક્તિ વગરનું છે. જે આપણો નિર્માતા છે તે આપણા જેવું ઘડિયાળ છે એના સ્પ્રિંગ વગેરે વાળો છે એ તદ્દન ખોટું છે. તોપણ જ્યારે જોઈશું કે આપણામાં જટિલ કૌશલ રહેલું છે, ત્યારે આવું કહેવું પડશે કે, આપણા નિર્માતાને જ્ઞાન છે. કૌશલમાં જ્ઞાન પ્રકાશ પામે છે. નિર્માતા અવશ્ય જ્ઞાનવાન છે."

*Essays, Theological and Philosophical નામના ગ્રંથમાં Science, Nescience and Faith ના સરનામાનો વિષય જુઓ.

અજ્ઞેયતાવાદી ઘડિયાળે કહ્યું, "આ બોલવું અયુક્ત તથા નકામું છે. આ પણામાં કૌશળ છે તેથી આપણો સૃષ્ટિકર્તા બુદ્ધિ અથવા જ્ઞાનવાન વ્યક્તિ છે તે કદી સિદ્ધ થતું નથી. નહિ સમજતાં, નહિ જાણતાં આવું શામાટે બોલો છો ? આપણામાં જે કૌશળ રહેલીછે, એ વિકાશના નિયમાનુસારે Evolution) ધીરે ધીરે થયુંછે. અચીત કોઈ શક્તિથી આપણે ઉત્પન્ન થયા છીએ પરંતુ તે શક્તિના વિષય આપણે કંઇજ જાણતા નથી, એ બધી રીતે અજાણી છે".

આ ઠેકાણે એક નાસ્તિક ઘડિયાળની કલ્પના કરી શકાય એમછે. તેણે કહ્યું, નિર્માતા વળી કોણ ? આપણને કોણે બનાવ્યા છે તેનું પ્રમાણ શું ? કંઇ પ્રમાણ નથી નિર્માતા છે એવું ધારવું એ એક નાપાયદાર કલ્પના માત્રછે. હાય ? ક્યારે ઘડિયાળની જાતિ આ મોટા ભુલાવામાંથી છુટવા પામશે ? પરંતુ આ જગાએ આવી કલ્પનાની જરૂર નથી.

હવે જુઓ ઘડિયાલના દૃષ્ટાંતની સાથે કિયો મત વધારે વાજબી જણાય છે. ઉપમા કંઇ પણ પ્રમાણ કરતો નથી, તે છતાં કેવળ ઉપમા તરીકે ગ્રહણ કરવાથી ઘડિયાળની ઉપમા, અજ્ઞેયતાવાદીના મનના કરતાં, ઈશ્વરવાદી અથવા બ્રહ્મનો (Theist) મનજ વધારે વાજબીપણું પ્રકાશ કરે છે.

મનુષ્ય પરમેશ્વરને જાણી શકે છે કે નહિ, આ બારે પ્રશ્નનો ખરો જવાબ શો છે ? પૂજ્યપાદ આર્ય મહર્ષિયોએ ઉપનિષદમાં તેનો ઉત્તર આપ્યો છે;—

" नाहंमन्येसुवेदेतिनोन वेदेति वेद च ।
योनस्तद्वेद तद्वेद नोन वेदेति वेद च ॥ "

"હું બ્રહ્મને સારી રીતે જાણું છું એવું ધારતો નથી. હું બ્રહ્મને જાણું છું એમ પણ નથી, જાણું છું એવું પણ નથી. હું બ્રહ્મને નથી જાણતો એવું પણ નથી, જાણું છું એવું પણ નથી, આ વાક્યનો મર્મ જે અમારામાંથી જાણે છે તેજ તેને જાણે છે"

આવા પરિમિત ક્ષુદ્ર મનમાં અનંત સ્વરૂપનું ધારણ શી રીતે સંભવ

થાય ? સામાન્ય એક કલશીઆમાં શી રીતે મોટો મહાસાગર સમાય ? પરંતુ આપણાં હૃદય મન જેટલા છે, તેટલામાં અનંત પરમેશ્વરનો ભાવ શું ધારણ કરી શકશે ? જેટલો કલશિયાનો આકાર છે તેટલામાં પ્રશાંત મહાસાગરનું પાણી શું એમાં સમાશે નહિ ?

બાળક શું જાણે છે કે, પોતાના પિતાનું કેટલું જ્ઞાન કેટલી શક્તિ છે, તે છતાં શું તે પોતાના પિતાને પિતા તરીકે બોલાવી શકતો નથી ? પોતાના નાના નાના બે હાથથી પિતાના બે પગને ઝાલી શકતો નથી ? જ્ઞાની, શક્તિશાળી પિતાના વિષય નાના બાળક કંઇ સમજી શકતો નથી. તે છતાં "મારા બાપ" કહીને પોતાના હૃદયનો ચાહ તથા આનંદ શું પ્રકાશ કરી શકતો નથી ? હે જગતના પિતા માતા ! તમે અનંત અગમ્ય થઇને પણ અમારા જેવા ક્ષુદ્ર બાળકોની પાસે પ્રકાશિત થઇને નિરૂપમ આનંદ આપો છો ! ધન્ય તમે છો; ધન્ય તમારો મહિમા, ધન્ય તમારી કૃપા !

ઇશ્વરની ઉપાસના શા માટે કરવી જોઇએ ?

ઘણા માણસોના મોંએથી આવો તર્ક સાંભળવામાં આવે છે કે, અદ્યપિ માનવામાં આવે કે, એક ઇશ્વર છે અદ્યપિ માનવામાં આવે કે જગતનો એક જણ સૃષ્ટિ કર્તા છે તથાપિ તેની ઉપાસના માણસે શા માટે કરવી જોઇએ ? તે પૂરણ છે, તેને કોઇ પ્રકારની ખોટ નથી, તે દુનિયાના માણસોની પેઠે ખુશામત કે ધનવાન અથવા રાજાની પેઠે માનનો લાલચુ નથી કે જે કોઇ દુર્બલ માણસની સ્તુતિથી મનનું સુખ ઉત્પન્ન થાય. તે સ્તુતિથી વશીભુત થઇ સ્તુતિ કરનારને વધારે તથા જે ખુશામત નહિ કરે તેને નરકમાં નાંખે એવું પણ નથી. તે સત્ય સંકલ્પ તથા શુભ સંકલ્પવાળો પુરુષ છે, તમે તેની સ્તુતિ કરો, અથવા ન કરો તોપણ તે પોતાના નિયમ તથા વિધિ પ્રમાણે ચાલશે તેથી તમારૂં કલ્યાણ થશે. એટલા માટે સ્તુતિ કરવાની શી જરૂર છે ?

માણસ જગતમાં ત્રણ કારણોથી કામ કરે છે—૧ કર્તવ્ય સમજીને, ૨ જરૂરનું સમજીને, ૩ સુખને માટે. માબાપ માંદા છોકરાની પથારીની પાસે રાતે જાગે છે તે કર્તવ્ય સમજીને, ૨ માણસ ખાય પીએ છે એ જરૂર સમજીને, ૩ લોકો અત્તર ગુલાબ વેચાતાં લે છે એ સુખને માટે. વિચાર કરીને જોયાથી આ ત્રણ કારણોથી ઉપાસના કરવાની જરૂર જોવામાં આવે છે. ૧ એ માણસનું કર્તવ્ય છે, ૨ એ અધ્યાત્મિક ઉન્નતિ માટે જરૂરની છે, ૩ એથી અનિર્વચનીય સુખ થાય છે.

પહેલું ઈશ્વરોપાસના મનુષ્યનું શા માટે જરૂરનું છે એના ઉપર વિચાર કરીએ. પહેલા ઉપાસના કોને કહે છે તે સારી રીતે નહિ સમજ્યાથી આ વિષય સારી રીતે સમજાશે નહિ. પુષ્કળ માણસો ઉપાસના શબ્દનો અર્થ આવો સમજે છે કે મોંથી કેટલાક વાક્ય કહેવા તથા સ્તુતિ વંદના કરવી. જેમ ગરીબ ધનને માટે ધનવાનની ઉપાસના કરે છે, તેની સ્તુતિ વંદના તથા ગુણ ગાન કરે છે, તેમ કોઇ જાતની લૌકિક તથા પરલૌકિક ગરજ માટે ઈશ્વરની સ્તુતિવાદ કરવાનું નામ ઉપાસના છે. પરંતુ ઉપાસના શબ્દનો ખરો અર્થ શો છે તે સૂક્ષ્મરૂપે આલોચના કર્યાથી જોવામાં આવે છે કે ઉપાસના શબ્દ સંસ્કૃત ઉપ—આસ આ બે શબ્દથી બનેલો છે. ઉપનો અર્થ પાસે છે. આસ બેસવું અર્થાત્ ઈશ્વરની પાસે બેસવું. જેવા ભાવવાળા થઇ માણસ ઈશ્વરની પાસે બેસેછે, જેવા ભાવવાળા થઈ માણસ ઈશ્વર સંબંધ વિચાર કરેછે, ઈશ્વરનું સાનિધ્ય અનુભવ્યાથી ચિત્તમાં જે જે ભાવનો ઉદય થાય તથા ઉદય થવો જોઇએ, તે બધા ભાવ એકઠા થવા એ આધ્યાત્મિક અવસ્થાનું નામ ઉપાસના છે. ઉપાસના આત્માનો ઈશ્વર તરફનો ભાવછે; પ્રીતિ, કૃતજ્ઞતા, આશા અને આનંદ એક અવસ્થા છે.

સંસારમાં જોવામાં આવેછે કે જ્યારે એક આત્મા બીજા આત્માની પાસે જાયછે, જ્યારે માણસ એક બેહની સાથે મળેછે, ત્યારે તે બે આત્મામાં એક પ્રકારનો વિશેષ ભાવનો આવિર્ભાવ થાયછે.

જ્યારે કોઈ ધાર્મિક સત્યવાદી, ન્યાયપરાયણ માણસની પાસે બેસીએ છીએ, ત્યારે સ્વભાવતઃ આપણા મનમાં શ્રદ્ધાનો ઉદય થાય છે. જે હિંમતવાન

સત્યનિષ્ઠ તથા ધર્મ ભીરૂ છે તેની પાસે બેઠાથી સહેલાઇથી શ્રદ્ધા મિશ્રિત નિર્ભયનો ભાવ ઉદય થાય છે. જે અકપટ પ્રીતિવાળો છે તેની પાસે ગયાથી સ્વભાવતઃ પ્રાણમાં પ્રેમનો આવિર્ભાવ થાય છે. જેવા ગુણવાળા માણસોની પાસે ગયાથી તેવા ભાવનો ઉદય થાય છે. જે માણસ દુર્ગુણી, અધાર્મિક હોય છે તેની પાસે ગયાથી માણસનું મન સ્વભાવતઃ અશ્રદ્ધાવાળું થાય છે. હવે એક દૃષ્ટાંતના વિષય વિચાર કરો, બાળક સરળ, નિર્દોષ, પવિત્ર, સુકોમળ છે; તે પૃથ્વીનાં પાપ જાણતો નથી. તેને જોયાથી તેને ખોળે લીધાથી મનુષ્યના મનમાં વાત્સલ્ય તથા સ્નેહનો આવિર્ભાવ સ્વાભાવિક થાય છે. પરંતુ જો કોઈ એવી રાક્ષસી પ્રકૃતિવાળી સ્ત્રીનું વર્ણન સાંભળે કે એ સ્ત્રીએ પોતાને હાથે પોતાના બાળકનું માથું પથ્થરાની નીચે મુકીને છુંદ્યું છે. તે કહેશે કે તે સ્ત્રી ઉન્માદ રોગવાળી નહિ હોય તો તે રાક્ષસ પ્રકૃતિવાળી હોવી જોઇએ. એવો વિચાર લાવવાનું કારણ શું હશે? કારણ એ છે કે આપણે ઘણું કરીને માનવ પ્રકૃતિમાં જે જોઇએ છીએ તેનાથી એ સંપૂર્ણ વિરૂધ છે. અથવા ધારો કે કોઇ પતિપ્રાણા સ્ત્રીએ પોતાના પતિને પોતાના હૃદય મન અર્પણ કર્યાછે, પરંતુ તેનો ખરાબ પતિ પશુની પેઠે નિકૃષ્ટ ઇંદ્રિય સુખમાં રહે છે, તેના સખ્ત હૃદયમાં પ્રેમને બદલે પ્રેમ નથી, એ સાંભળ્યાથી કોઇ કહેશે નહિ કે એ પુરૂષની પ્રકૃતિ ખરાબ તથા સખ્ત થઇ છે એનાથી એજ સિદ્ધ થાય છે કે આ સંસારમાં જેવી જગાપર ઘણું કરીને જેવો ભાવ સ્વભાવતઃ ઉદય થાય છે તેના વિરૂદ્ધ થયાથીજ આપણે તેને ખરાબ કહીએ છીએ. જો જોઇએ કે એક માણસ ઉપકારીના પ્રત્યે કૃતજ્ઞતા દેખાડતા નથી, સાધુના ઉપર શ્રદ્ધા બતાવતો નથી, પ્રેમિક પ્રત્યે પ્રેમી થતો નથી, બાળકના ઉપર વાત્સલ્ય નથી તો એક પળે વિલંબ નહિ કરતાં હું કહીશ કે તેનું હૃદય ખરાબ થયું છે. હવે આ નિયમથી ઉપાસના વગરના માણસ વિષે વિચાર કરવામાં આવે છે. જે માણસ ઇશ્વરને માને છે, અર્થાત્ એક ચૈતન્યમય પુરૂષ વિશ્વનો આદિ કારણ છે, એ નિઃસંશય રૂપથી જાણે છે, અથવા તેના ચિંતનમાં, તેના પ્રાણમાં પ્રીતિ, કૃતજ્ઞતા, નિર્ભર વગેરેનો ઉદય થતો નથી. તેવા માણસને ખરાબ હૃદયવાળો કહી

શકાય કે નહિ ? જે માણસ ઈશ્વરના વિષયમાં સંદેહવાળો છે, તેના સ્વરૂપમાં જેને વિશ્વાસ નથી તેના સંબંધમાં આ ફરિયાદ નથી. પરંતુ ઈશ્વર વિશ્વાસીને માટે આ ફરિયાદ છે. આ વિશ્વાસ સંબંધમાં જરા વિચાર કરવાની જરૂર છે. જે ભાવ સમષ્ટિનું નામ ઉપાસના છે, તે માનવ હૃદયમાં ઉદિત થવાની પહેલા કિયા કિયા વિશ્વાસ રહેવા જોઇએ ? તે ઉપર વિચાર કર્યાથી જોવામાં આવે છે કે, પહેલું પ્રયોજન ઈશ્વરમાં સત્ય દર્શન થવું, કારણ સત્ય વસ્તુને અવલંબન નહિ કર્યાથી મનમાં સત્ય ભાવનો ઉદય થતો નથી. એક માણસને કહેવામાં આવે કે મનમાં ધારો કે બે [illegible] વાઘ તમારા ઘરના દરવાજા ઉપર આવ્યા છે તો તેના મનમાં ખરેખરો ડરનો સંચાર થઈ શકશે નહિ અથવા ધારો કે શત્રુઓએ આ નગરની ચારે બાજુએ ઘેરો નાંખ્યો છે હવે શું કરવું જોઇએ ? એથી શું કોઇના મનમાં ખરેખરો ત્રાસનો આવિર્ભાવ થાય ? તથા ખરેખર વીરત્વ પ્રકાશ પામે ? કદી નહિ.

કલ્પનાને આશ્રયે સત્ય કદી પણ ઉભું રહેશે નહિ. કલ્પિત વાઘ જેમ માણસને ખાતો નથી, તેમ કલ્પિત ઈશ્વરથી કોઇનો પણ ઉદ્ધાર થતો નથી. એ જો સંભવિત હોત તો ખોટા હાથી ઘોડા વહાણની રમત રમી વીર થઇ શકત. સત્યનો એવો મહિમા છે કે એક ખરો ચીતો દીઠાથી જે ત્રાસ ઉત્પન્ન થાય છે, તે મોટા મોટા દસ વાઘને મનમાં આણ્યાથી ત્રાસ ઉત્પન્ન થતો નથી. એટલા માટે ઉપાસના વિષયમાં સર્વથી મોટી તથા સર્વ કરતાં મૂલ્યવાન વાત એ છે, અને એ સર્વદા મનમાં રાખવી જોઇએ કે સત્ય વિશ્વાસ ઉપાસનાનો પાયો છે. સત્ય ઉપાસના સુદૃઢ વિશ્વાસ ભૂમિના ઉપર સ્થાપિત છે, જ્યાં વિશ્વાસનો પાયો શિથિલ હોય છે, જ્યાં વિશ્વાસ હૃદયમાં ઉત્પન્ન થયો નથી ત્યાં ઉપાસના માત્ર મોંની હોય છે. સત્ય સ્વરૂપમાં વિશ્વાસ પહેલા જોઇએ.

બીજું. તેની સર્વજ્ઞતામાં વિશ્વાસ જોઇએ. ઈશ્વર કેવળ સત્તા માત્ર નથી, પરંતુ આપણા હૃદયના ભાવ જાણે છે. આ વિશ્વાસ નહિ હોય તો ઉપાસનાનો ભાવ ઉદય થશે નહિ. આપણને [illegible] બીકથી બહુ લાજ

થાય છે, તે બીજી વસ્તુ ખાણ છે ખરી; પરંતુ તેથી તેના ઉપર આપણી કૃતજ્ઞતાના ભાવનો ઉદય થતો નથી. આપણે કદી પણ એવું કહેતા નથી કે “હે કાપડની મીલ! તમે પરમ ઉપકારી પિતા છો, તમને નમસ્કાર!” આપણે કેમ એવું કહેતા નથી? નહિ કહેવાનું કારણ એ છે કે આપણી કૃતજ્ઞતા ગ્રહણ કરવાની શક્તિ તેનામાં નથી, તેમ એ ઈશ્વર કેવળ સત્તા તથા શક્તિજ હોત, તો તેની ઉપાસના કરવાની જરૂર પડત નહિ. એટલા માટે ઈશ્વર સત્ય છે તેની જોડે આપણે સારી પેઠે જાણવું જોઇએ કે, તે “ચિત” અર્થાત તે જ્ઞાન સ્વરૂપ છે.

તેને જ્ઞાન ક્રિયાવાળો પુરુષ સમજ્યાથી પણ અટકવાનું નથી. આપણા જીવનની સાથે તેનો સાક્ષાત તથા પાસેનો સંબંધ છે, તેનો અનુભવ થવો જોઇએ. જર્મનીનો પાદશાહ એક જ્ઞાનવાન પુરુષ છે, એમ કહ્યાથીજ શું આપણા સર્વના કૃતજ્ઞતાને પાત્ર થાય છે? આપણા જીવનની સાથે તેનો કોઇ પ્રકારનો સંબંધ રહેવો જોઇએ. કદાચ તે વ્યક્તિગત ભાવથી આપણને સુખી કરે, નહિતો સાધારણ માનવ જાતિનું કલ્યાણ કરે, એ નહિ જાણ્યાથી તેની સાથે સંબંધ સ્થાપન નહિ થવાથી તે શક્તિ શાથી જાણી કે તે કૃતજ્ઞતા વગેરે ઉદિત થશે નહિ. તેમ ઈશ્વર સત્ય છે, તે જ્ઞાનમય છે, એની સાથે તે વિધાતા છે, આપણા પ્રત્યેકના જીવનની સાથે તેનો સંબંધ છે એ પણ અનુભવવું જોઇએ, તેના સિવાય ઉપાસનાના અનુકૂલ ભાવનો ઉદય થશે નહિ.

કેવળ તે વિધાતા છે. દરેક જીવનની સાથે તેનો સંબંધ છે એનો વિશ્વાસ ક્યાંથી પણ અટકવાનું નથી. તેનો વિધિ મંગળ વિધિ છે, એનો પણ અનુભવ થવો જોઇએ. ખ્રિસ્તી સંપ્રદાયના ઘણા માણસો માને છે કે સેતાન નામનો ઈશ્વરનો પ્રતિદ્વન્દી છે, તે હમેશાં માનવ સંસારમાં પાપ તથા દુઃખના બીજ વાવે છે, દરેક નરનારીના ઉપર તેની સત્તા છે, દરેક જીવની સાથે આ કલ્પિત સેતાનનો સંબંધ છે, સેતાન અભિમાન તથા બહુ શક્તિવાળો છે, તથાપિ તેના ઉપર કોઇનો પણ ઉપાસનાનો અનુકૂલ ભાવ હોતો નથી; કદાચ સેતાન ખ્રિસ્તીઓના વિશ્વાસને પાત્ર છે. એનું કારણ

એ છે કે તેનામાં શક્તિ છે, જ્ઞાન છે, મનુષ્ય જીવનની સાથે સંબંધ છે, પરંતુ સાધુ સંકલ્પ નથી. એટલા માટે ઈશ્વરના ઉપર ઉપાસનાના અનુકૂલ ભાવ ઉદય થવાને તે મંગળમય છે એમાં મજબૂત વિશ્વાસ જોઇએ.

(૧) ટૂંકામાં કહેવું હોય તો ઈશ્વરની સત્તામાં સ્પષ્ટ ઉજ્વલ વિશ્વાસ હોવો જોઇએ. તે કલ્પના નથી, સત્ય વસ્તુ છે; જ્યારે તેની પાસે બેસીએ ત્યારે સત્યને યાદ કરીએ. સુનિશ્ચિત રૂપથી તથા સુદૃઢરૂપથી આવો વિશ્વાસ થયાથી ખરી ઉપાસનામાં પ્રવૃત થઇયે છીએ.

(૨) તે જ્ઞાન, પ્રેમ અને પવિત્રતાળો છે. આ સંબંધમાં ઉજ્વલ વિશ્વાસ હોવો જોઇએ.

(૩) આપણા જીવની સાથે તેનો યોગ છે તે જાણવું જોઇએ. તેનું જ્ઞાન, તેની દયા અને સાધુતા આપણા જીવનની ઉપર કાર્ય કરે છે કે નહિ તે જાણવું જોઇએ. તેના મંગળ-સંકલ્પમાં વિશ્વાસ હોવો જોઇએ. જે માણસ ઈશ્વરના આ સર્વ સ્વરૂપમાં વિશ્વાસ રાખે છે તેને શું ઉપાસના કરવી જોઇએ ? અથવા તેનાથી પણ વધારે કહેવાયતો કહી શકાય કે ઈશ્વર ચિંતનમાં જો તેના મનમાં ભક્તિ, પ્રીતિ, કૃતજ્ઞતા વગેરેનો ઉદય નહિ થાય, તો તેનું હૃદય ખરાબ થયું છે. આપણી ઉપાસનાથી તથા સ્તુતિવાદથી ઈશ્વરના કાનને સુખ થાય છે તેમ નથી. તેના તરફ જોઇને નહિ પરંતુ આપણી પોતાની તરફ જોઇને આપણે તેની જરૂર અનુભવીયે છીએ. એક ઉદાર દીલના માણસ પોતાના તરફના કર્તવ્ય કરીને નિશ્ચિંત થયો છે. છોકરાં પોતાની તરફ કેવો વ્યવહાર રાખે છે, પોતાની ઇચ્છા પ્રમાણે ચાલે છે કે નહિ તેના ઉપર તેની નજર નથી. તેમ થાય તો શું પેલા છોકરાં પિતાની તરફ કૃતજ્ઞ થવાની ફરજથી દૂર થાય ? ઈશ્વર આપણી સ્તુતિવંદનાની દરકાર રાખતો નથી, એવું કહ્યાથી પણ આપણા કર્તવ્યનો ભાર દૂર થતો નથી,

ઉપાસના કેવળ કર્તવ્ય છે તેમ નથી, આપણી આધ્યાત્મિક ઉન્નતિ માટે એ જરૂરનીછે. મનુષ્યની એવી સ્વભાવિક શક્તિ છે કે જેનાથી માનવ પરમાત્માના ચિંતનમાં સમર્થ થાય છે. અસ્વાભાવિક ભાવ તથા ઉ-

ચિતના પ્રભાવશીલ જનમંડળમાં વિવિધ ભેદભાવ પ્રકુટિત થાયછે. નગર તથા શેહેર દેવાલય તથા જનસમાજથી ભરેલા બને છે. ખરી આધ્યાત્મિકતા, મેળવવા માટે સ્વાભાવિક અને આગ્રહ નિશ્ચય જરૂરનો છે. નિશાળની ચોરથી માનવ હૃદયમાં અનેકધા અપ્રકુટિત થઈ જાયછે. અગર અનુકૂલ શિક્ષણના લાભથી ઘણા ઓપ થઈ જાય છે. ઉદાહરણ, સુંદર નાનાં બાળ કે સુંદર ચરણ કરવાની શક્તિ આપણા મનમાં બેઠી સ્વાભાવિક છે. ત્રણ બહિનોના બાળકના બાળક પણ સુંદર ચરણ જાણે છે. એ વાતને ખૂબ રેલી કે ૫૪ વર્ષની ઉંમરમાં રાખ્યા પછી બાળક સુશીલતાનો અભ્યાસ દેવામાં આવેછે. પરંતુ એ સુંદર ચરણ કરવાની શક્તિને વિકાસ કરવામાં ઉત્તેજ સુગામક થાય અને એજ અભ્યાસ ઘરમાં એજ ઘર માણસમાં પણ શું અપ્રતિબદ્ધ રહે. ચિત્રવિદ્યાની પ્રકૃતિ પણ એવીજ છે. ચિત્ર અંકન કરવાની શક્તિ મનુષ્યના મનમાં સ્વાભાવિક છે. એક સુંદર ફુલ જોઈ ધરીથી એક બાળકનું બાળક પણ તેના માટે હાથ પસારે છે. ચર્ચા કરો, વિચાર કરો, એક જણાને બાળક કાળથી સુંદર સુંદર ચિત્રો બતાવો, તેથી જોશો કે તેની તે શક્તિ સુંદર રૂપથી પરિપુષ્ટિત થશે. કેટલું પણ ઉચિત નહિ કરશો તો જોશો કે તે સાધુતા અનભિજ્ઞ તથા સૌન્દર્યના વિષયમાં જડ જેવો રહેશે. જેમ ચર્ચાના ગુણથી સ્વાભાવિક શક્તિ વિકાસ પામેછે, તેમ વિપરીત શિક્ષણના ગુણથી તે નાશ થઈ જાય છે. જેમ બાળકના પ્રત્યે સ્નેહ સ્વાભાવિકછે તેમ ગાય, બેલ, બકરાં વગેરે પશુઓ પ્રાણીઓના પ્રત્યે દયાનો ભાવ પણ સ્વાભાવિક છે. પરંતુ કસાઈને પશુ હત્યા કરી પેટનું ગુજરાન કરવું પડેછે, સ્નેહ દયા જેના અંતરમાં પહેલી હતી, તે કસાઈ દયાનો ભાવ કદાપિ અનુભવી શકતો નથી, તેમ એક માણસ સર્વદા વિષય ચિંતનમાં લાગેલો હોયછે, પરમાત્મ ચિંતનમાં કદી પણ ચિત્તને લગાડતો નથી, ઐહિક ધનમાલ જેનું સર્વસ્વ છે અને તેની ચિંતા જેના સ્વપ્નમાં, જાગ્રતમાં લાગી છે તે પણ પરમાત્માનો ભાવ ગ્રહણ કરવામાં અસમર્થવાન થાય છે. તેથી આ ધાર્મિકતાની શક્તિ નાશ પામેછે. કસાઈ પોતાની હૃદયની કઠોરતા જોઈને કહેછે કે દયા નામની કોઈ વૃત્તિ નથી. મારા અંતરમાં તેવું કંઈ પ્રમાણ

જોતો નથી, તેથી જેવી રીતે આંધળો સૂર્યના પ્રકાશ પામે છે, તેમ જો કોઈ વિષયી માણસ કહે કે ઈશ્વર પ્રીતિ નામની કંઈપણ વસ્તુ નથી તો તેથી પણ તેવીજ મૂર્ખાઈ પ્રકટ કરે છે.

જેમ સ્વાભાવિક પ્રીતિની વૃદ્ધિ થાય છે, તેમ ઈશ્વર પ્રીતિ પણ વૃદ્ધિ પામે છે. ઈશ્વર પ્રીતિ વધારવાનો જે ઉપાય છે, તેનું નામ ધર્મ સાધન છે. ઉપાસના એનું એક મોટું અંગ છે. જેમ સુંદર વસ્તુ વારંવાર જોયાથી સૌન્દર્ય ગ્રહણ કરવાની શક્તિ વિકસિત થાય છે, જેમ વારંવાર સુસ્વર સાંભળ્યાથી સુન્દર સાંભળવાની શક્તિ વિકાસ પામે છે, તેમ ઘણું ઘણું પરમાત્માનું ચિંતન તથા તેનું શ્રવણ અને મનન કરવાથી આધ્યાત્મિકતા વિકસિત થાય છે. એ વાસ્તે આપણે ઉપાસનાને ધર્મજીવનનું મોટું અવલંબન કહીને પ્રીછ્યું છે. ખરી ઉપાસના વિના આધ્યાત્મિક દૃષ્ટિ ઉઘડતી નથી.

ઉપાસના અસત તે અસાર વસ્તુથી ઉદ્ધાર કરવાનો સાર છે, સત્ય નિત્ય વસ્તુ જે છે તેના ચિંતનમાં રત કરે છે. આપણા પ્રેમને તે સત્ય સ્વરૂપમાં બદ્ધ કરે છે, તેના યોગે આપણું હૃદય પવિત્ર તથા ઉદાર થાય છે, અને આપણે ઇષ્ટ દેવતા પરમેશ્વરનો સહવાસ મેળવી તેના પવિત્ર સ્પર્શનું પુણ્યમય જીવન મેળવીએ છીએ, એ કારણથી જરૂરની તરફ જોવામાં આવે, તો આપણા ધર્મજીવનની રક્ષા તથા ધર્મજીવનની ઉન્નતિને માટે પણ ઉપાસના એ ઘણો જરૂરનો ઉપાય છે.

જો કેવળ સુખની તરફથી જોવામાં આવે તો પણ ઉપાસનાની જરૂર જોવાઈ શકાય છે. મનુષ્યજીવન માટે જેની જરૂર છે, તે સર્વની સાથે વિધાતાએ સુખનો યોગ કરી મૂક્યો છે. દેહ રક્ષા માટે અન્નપાન લેવાની જરૂર છે તે અન્નપાન લેવાની સાથે સુખનો સંબંધ છે. ઇન્દ્રિયો જ્ઞાનના યોગે પણ જગતનું કાર્ય કરવાની મદદ માટે ઇન્દ્રિયોના ચરિતાર્થની સાથે સુખનો સંબંધ છે, પરંતુ એ વિષયમાં આપણા આત્માને જેટલી જરૂર છે તેની સાથે તેટલો ગંભીર તથા દીર્ઘકાળ સ્થાયી સુખનો યોગ છે. ઇન્દ્રિય ચરિતાર્થતા જનિત સુખ ગંભીરતામાં થોડું અને થોડી મુદત રહેવાવાળું છે. જ્ઞાનનું સુખ તેના કરતાં વધારે ગંભીર તથા વધારે કાળ રહેવાવાળું છે,

અંતઃકરણના કોઈ સુક્ષ્મ સ્થાનમાં ઈશ્વર પ્રેમની લહેરથી આર્કિમિડિસને એટલે સુધી આનંદ થયો હતો કે સ્નાન કરતાં કરતાં નગ્નાવસ્થામાં ઉન્મત્ત જેવો થઈ "પામ્યોછું, પામ્યોછું" એવું કહેતો બજારમાં દોડતો હતો. એમ ઇન્દ્રિય સુખ પરંતુ માણસને કોઈ કાળે તેને આવો ઉન્માદકારી આનંદ [illegible] અનુભવ્યો છે ? વિચારવાનો કહે છે કે, જ્ઞાનનું સુખ ઇન્દ્રિય સુખથી શ્રેષ્ઠ છે. એવી રીતે હૃદયના શાશ્વત સ્નેહ પૂર્ણ થવાથી જે સુખ મળે છે, બીજાનું દુઃખ દૂર કરીને જે સુખ, શત્રુને પ્રીતિ કરીને જે સુખ, પ્રેમ કરી તથા પ્રેમ પામી જે સુખ છે, તે વળી જ્ઞાન ભાવના સુખ કરતાં ચઢીઆતું છે. પરંતુ સર્વ સુખની ઉપર પરમ પવિત્ર ઈશ્વરના સહવાસનું સુખ એ વિમળ આનંદ હૃદયને સર્વ જાતની નીચતાથી ઉદ્ધાર કરે છે, વિશ્વાસની આશાની જ્યોતિ વિસ્તારે છે, દુર્બળતામાં બળ આપે છે. અને હૃદયમાં એક જાતની અપૂર્વ શાંતિ ઉત્પન્ન કરે છે. ઈશ્વરની નિકટની ઉપાસનાજ એ અનિર્વચનીય સુખ પમાડતો જગત અનુભવ્યું છે.

એટલા માટે વિચાર કરી જોવામાં આવે તો ઉપાસના આત્માને માટે જરૂરનું કર્તવ્ય જણાશે.

સાકાર અને નિરાકાર ઉપાસના.

સાકાર તથા નિરાકારની ઉપાસના વિષે વિચાર કરવામાં પ્રવૃત્ત થવાથી આ પહેલા સવાલનો જવાબ મળવાની જરૂર છે—નિરાકાર વસ્તુ છે કે નહિ ? નિરાકારની ઉપાસના થઈ શકે કે નહિ, નિરાકારનું ધ્યાન થવું એ સંભવે છે કે નહિ, આવા સવાલોના નિર્ણય શોધવાની આગમજ જાણવું જોઈએ કે પ્રથમ નિરાકાર વસ્તુ કંઈ છે કે નહિ ?

નિરાકાર વસ્તુ છે કે નહિ, તે શક્તિતત્ત્વના ઉપર વિચાર કર્યાથી સ્પષ્ટ સમજાશે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દનું મૂળ શું છે ? શક્તિ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ શબ્દની ઉત્પત્તિ ક્યાંથી થઈ ? શક્તિથી. આ જગતમાં

અને રૂપ, રસ, ગંધ, શબ્દ [illegible] ઉત્પત્તિ, સ્થિતિ [illegible] આવે છે,—તેવું શું છે ? આકાશ સાકાર છે [illegible] ઉત્પત્તિ [illegible] શક્તિથી છે પરંતુ શક્તિ ઉત્પત્તિ [illegible] છે. શક્તિ નિરાકાર છે. [illegible] એમ સમજવું હોય તો [illegible] છે. ઉત્પત્તિથી [illegible] આકાર, એમાંથી [illegible] સાકાર છે, તેથી શક્તિ ઉત્પત્તિ વિનાની છે. શક્તિ નિરાકાર છે.

[illegible] આકાશમાં શક્તિ છે. તે શક્તિથી તેમાં નાના પ્રકારના [illegible] ઉત્પત્તિ થયા કરે છે. આકાશ સાકાર છે, પરંતુ શક્તિ નિરાકાર છે. તમારા પગમાં શક્તિ છે, તે શક્તિથી તમે ચાલો છો, તે શક્તિની મદદથી [illegible] અંદર જઈને પેલા ઘડા [illegible] શકો છો. [illegible] સાકાર છે, પરંતુ શક્તિ નિરાકાર છે. પેલું પાણી આવે છે. તેમાં [illegible] પડે છે, અને તે [illegible] થઈ જાય છે. પેલા પાણીની [illegible] પણ સ્થિર થઈને [illegible] શકતું નથી. પેલા પાણીને આકાર [illegible], પણ એ જે શક્તિથી ક્રિયા કરે છે, તે નિરાકાર છે. દરેક પાણીનાં [illegible] સાકાર છે, પણ તેમાં રહેલી શક્તિ નિરાકાર છે. [illegible] છે. પાણીના [illegible] છે, પરંતુ એમાં જે શક્તિ રહેલી છે તે ઘણી મોટી [illegible] છે; [illegible] રેલવેના [illegible] પહોંચાડે છે. આ [illegible] આવે છે. એ [illegible] હોય [illegible] સાકાર છે. એમાં જે શક્તિ રહેલી છે, તેનાથી [illegible] ચાલે છે, [illegible] લાગી જાય છે. વાયુ અદૃશ્ય હોય છતાં પણ સાકાર છે. એ [illegible] છીએ. પરંતુ તેમાં જે શક્તિ રહેલી છે તે નિરાકાર છે. વિજળી એ એક જાતનો ભૌતિક પદાર્થ છે—સૂક્ષ્મ જડ છે. પરંતુ વિજળીમાં જે શક્તિ રહેલી છે, તેનાથી પહાડ કંપાયમાન થાય છે—[illegible] લાગી જાય છે. વિજળી એ સૂક્ષ્મ જડ છે. પરંતુ એમાં જે શક્તિ રહેલી તે અજડ નિરાકાર છે.

નિરાકાર વસ્તુ છે કે નહિ ? આ [illegible]

છીએ કે, મનુષ્યનું મન અને મનની અવસ્થાઓ, અર્થાત્ સુખ, દુઃખ, દયા, પ્રેમ ઇત્યાદિ નિરાકાર છે.

મન સાકાર કે નિરાકાર છે? રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ આ પૂર્વ ગુણમાંના કોઇ પણ મનના ગુણ નથી. એમાંથી કોઇપણ મનમાં જોવામાં આવતા નથી. જો કહો કે મન સાકાર છે તો સહજ આ સવાલ ઉઠે છે કે આકાર કેવો કહેશો? ચોરસ, ત્રિકોણ કે શું આકાર કહેશો? મનનો આકાર કોઇએ કહી શકે નથી, કોઇ પણ સંભવતો નથી.

લક્ષણથી પદાર્થનો નિર્ણય થાય છે. એક પદાર્થનું વિશેષ લક્ષણ બીજા પદાર્થમાં જણાતું નથી. ઝાડ, વેલા, પહાડ, નદી વગેરે પ્રત્યેક પદાર્થ જુદા જુદા લક્ષણ વાળા છે. ઝાડનાં જે વિશેષ લક્ષણ છે, તે વેલામાં નથી. વેલાનાં જે ખાસ લક્ષણ છે તે ઝાડમાં નથી. પહાડનાં જે ખાસ લક્ષણ છે તે તે નદીમાં નથી. નદીનાં જે ખાસ લક્ષણ છે તે પહાડમાં નથી. ગાય, ઘોડો, પક્ષી, માણસ વગેરે જુદા જુદા લક્ષણ વાળા છે. ગાયનાં ખાસ લક્ષણ ઘોડામાં નથી અને ઘોડાનાં ખાસ લક્ષણ ગાયમાં નથી. તેમ માણસના ખાસ ગુણ છે તે બીજા જનાવરોમાં નથી. અને જનાવરોમાં જે ખાસ ગુણ છે તે માણસમાં નથી. પદાર્થોનાં ખાસ લક્ષણથીજ પદાર્થોના જુદાપણાનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. જગતના બધા પદાર્થો એક જાતના પદાર્થ નથી, તે કેવળ પદાર્થ જુદા જુદા પદાર્થનાં જુદાં જુદાં લક્ષણથી આપણે જાણવા પામીએ છીએ. પાણી માટી નથી, માટી પાણી નથી. પાણી તથા માટીના ગુણ જોતાં માલુમ આ જ્ઞાન સંભવે છે.

મન તથા જડ સંબંધમાં પણ તેમજ છે. મનનાં જે વિશેષ લક્ષણ છે તે જડ પદાર્થમાં નથી. જડનાં જે ખાસ લક્ષણ છે, તે મનનાં લક્ષણ નથી, મનનાં વિશેષ લક્ષણ જ્ઞાન ભાવ ઇચ્છા છે, જડનાં ખાસ લક્ષણ આકૃતિ, પરિમાણ ઇત્યાદિ છે. મનના જે ગુણ છે તે જડમાં જોવામાં આવતા નથી. જ્ઞાન, ભાવ, ઇચ્છા જડ પદાર્થમાં જોવા આવતા નથી. આકૃતિ, વિસ્તૃતિ, એક મનમાં દીઠામાં આવતા નથી. જ્ઞાન, ભાવ વગેરે ગુણ જડમાં નથી; આકૃતિ વગેરે ગુણ મનમાં નથી. તેથી મનને નિરાકાર જાણવું.

આ ઠેકાણે કેટલાકો કહેશે કે, નિરાકાર પદાર્થની સત્તા માન્યા છતાં પણ એ કહેવું પડશે કે સાકાર વિના નિરાકારનું જ્ઞાન મળતું નથી. આકારથી આપણે નિરાકારને પકડી શકીએ છીએ. એ શું યોગ્ય છે?

પહેલો કોણ? નિરાકાર કે સાકાર? અને જે જ્ઞાન છે, તે શું કહે છે? જ્ઞાન પોતાને પોતે દેખાડે છે. જ્ઞાન પોતાનો સાક્ષી પોતે છે. જ્ઞાનથીજ સમજી શકીએ છીએ કે જ્ઞાન કેવું છે. જેમ સૂર્ય પોતાના પ્રકાશને પોતે પ્રકાશિત કરે છે, તેમ જ્ઞાન પણ આત્મ જ્યોતિથી પોતે પ્રકાશિત થાય છે. જડ છે તે સાકાર પદાર્થ છે તે કોણ કહે છે? શી રીતે જાણી શકીએ છીએ કે આ અસંખ્ય આકાશ સાકાર પદાર્થ રહેલા છે? જ્ઞાન પોતાની સત્તા, પોતે દેખાડે છે, અને આ સુવિશાળ સાકારના જગતની ખબર આપી આપે છે. મારું જે જ્ઞાન છે, તે તાલમ કહે છે, પેલું જે સામે ઝાડ છે, એની ખબર કોણ આપે છે? જ્ઞાનજ એના વિષે કહે છે. જ્ઞાન કહે છે તેથી આપણે આ રૂપ, રસ, ગંધ, સ્પર્શ શબ્દવાળા સાકારના જગતની ખબર મેળવીએ છીએ.

હવે જુઓ, પહેલા કોણ, પછી કોણ? નિરાકાર પહેલાં કે આકાર પહેલા? નિરાકારનું જ્ઞાન આકારના વિષે કહે છે, ત્યારે આપણે આકારના વિષે જાણી શકીએ છીએ, નિરાકારના જ્ઞાનના ઉપર આકાર પ્રતિષ્ઠિત છે. નિરાકારના વિના સાકારની સત્તા નકામી છે. નિરાકારના પાયામાં સાકાર પ્રતિષ્ઠિત છે આપણે નિરાકારથી આકારને જાણીએ છીએ. સાકાર જડ જગત,—આ સાકાર દેહ, આંખ વગેરે ઇન્દ્રિયોની સત્તા કોણ બતાવે છે? આ નિરાકારનું જ્ઞાન નિરાકાર ન હોત તો આકાર ક્યાં રહેત? તો શી રીતે કહો છો કે સાકાર વિના નિરાકારને જાણી શકાતો નથી? જરા વિચાર કર્યાથી સમજાશે કે એનાથી ઉલટું જે છે, તેજ ખરૂં છે,—નિરાકારના વિના સાકારને જાણી શકાતું નથી.

જેઓ કહે છે કે રૂપ દર્શનના વિના પૂજા થતી નથી, તેઓએ એક ઘણી જરૂરની ક્રિયાના વિષે વિચાર કરીને જોવાથી સ્પષ્ટ સમજાશે કે ઉપલી બાબત યથાયોગ્ય છે કે નહિ? પ્રતિમા પૂજા કરવામાં આવે તો પ્રતિમાની

પ્રાણ પ્રતિષ્ઠા કરવાની ખાસ જરૂર છે. પ્રાણ પ્રતિષ્ઠાના વિના પ્રતિમા પૂજા થતી નથી. ઘડનાર જ્યારે પ્રતિમા બનાવે છે ત્યારે તે પૂજાની વસ્તુ થતી નથી. જ્યાં સુધી પુરોહિત આવીને મંત્રોચ્ચારણ પૂર્વક એની પ્રાણપ્રતિષ્ઠા કરતો નથી, ત્યાં સુધી એ પૂજાને લાયક થતી નથી. કોઈ એવું માને છે કે જ્યાં સુધી બ્રાહ્મણ મંત્ર પાઠ કરીને પ્રતિમામાં પ્રાણપ્રતિષ્ઠારૂપ અમુક ક્રિયા કરે નહિ ત્યાં સુધી એમાં દેવતાનો આવિર્ભાવ થતો નથી. વળી પૂજાનો અંત આવ્યાથી એમાં દેવતાનો આવિર્ભાવ રહેતો નથી તે વેળાએ દેવતા ચાલ્યા જાય છે. એ પ્રતિમા તે વેળાએ પૂજા કરવા લાયક રહેતી નથી.

હવે સવાલ એ છે કે પ્રતિમાના પ્રાણ પ્રતિષ્ઠા કરવાની પહેલાં જે રહેતું નથી, તે પ્રાણ પ્રતિષ્ઠા કરતાંજ આવે છે? વળી નિયમીત પૂજાનો કાળ ગયાથી વિસર્જનના પછી જે રહેતું નથી,—તે પદાર્થ—તે દેવતાને હે ભાઈ! સાકારવાદિ! તમે શું જોયું?

દર્શનેન્દ્રિયથી આપણે શું જોયું? પ્રાણ પ્રતિષ્ઠાની પહેલાં જે છે, તેજ પ્રાણ પ્રતિષ્ઠાની પછી છે; વળી વિસર્જનના પછી પણ તેજ છે. આ ત્રણ અવસ્થામાં એકજ જાતનું દર્શન છે. અવસ્થા ભેદથી કાંઈ કંઈ વિશેષ જોઈ શકતા નથી. જ્યારે બ્રાહ્મણ આવીને પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા કરેછે, ત્યારે શું કોઈ જુએ છે કે દેવતાએ એ મૂર્તિમાં આવીને પ્રવેશ કર્યો? વળી જ્યારે વિસર્જનની ક્રિયા થાયછે, ત્યારે શું કોઈ જુએ છે કે દેવતા એ મૂર્તિમાંથી જતો રહ્યો? કોઈ કદી જોઈ શકતા નથી. આદિ, મધ્ય, અન્ત ત્રણ અવસ્થામાંજ બધા એક સરખી રીતે જુએ છે. પ્રતિમામાં દેવતા આવિર્ભૂત થયો, દેવતા પૂજનાન્તમાં દેરાથી ચાલ્યો ગયો, આ ત્રણ અવસ્થા કોઈના પણ આંખથી જોવાના વિષય નથી. દેવતા ક્યારે આવ્યો ક્યારે રહ્યો, ક્યારે ચાલ્યો ગયો, એ કોઈ કદી જોઈ શકતા નથી.

હવે સાકારવાદીને પૂછવામાં આવેછે કે, રૂપ દર્શનના વિના જો પૂજા નહિ થાય, તો પ્રતિમા પૂજન શી રીતે સંભવે? માટી લાકડું અથવા પથ્થરની બનાવેલી મૂર્તિ છે, તેનીજ શું પૂજા તમે કરો છો? તમે શું જડ-

પાસક છો ? તમે શું અગ્નિની પૂજા કરો છો ? આપના સવાલોથી પ્રતિમાનું સાકારવાદીઓ બહુ મુશ્કેલીમાં પડે છે. તેઓ કહેશે કે અમે જડની ઉપાસના કરતા નથી, મૂર્તિની ઉપાસના કરતા નથી, પણ મૂર્તિમાં આવિર્ભૂત દેવતા-ની પૂજા કરીએ છીએ.

જો એમ જો આપ કહો છો તો રૂપ દર્શન વિના પૂજા થતી નથી, તેનો અર્થ શો છે ? તમે મૂર્તિ પાસરની મનગમતી પ્રતિકૃતિ જુઓ છો, પ્રાણ પ્રતિષ્ઠાની પહેલાં, પ્રાણ પ્રતિષ્ઠા થયે, વિસર્જન થયે, કેવળ તે મૂર્તિ જ નિર્જીવ જુઓ છો. તેમાં જે દેવતાનો આવિર્ભાવ થાય છે તે જોઈ શકતા નથી. આવિર્ભાવ કે તિરોભાવ કંઈ જોઈ શકતા નથી. ત્યારે શામાટે કહો છો કે રૂપદર્શનના વિના પૂજા થતી નથી ? તમેજ સ્વીકાર કરો છો કે, ચક્ષુ-રિન્દ્રિયના વિષય જે મૂર્તિ તમારી પૂજાનો વિષય નથી. અને જે આવિ-ર્ભૂત થાય છે તેજ તમારી પૂજાનો વિષય છે ? તે ચક્ષુનો વિષય થાય તો જડસિવાયની નજર થઈ નહિ. ત્યારે શામાટે કહો છો કે રૂપ દર્શન વિ-ના પૂજા થતી નથી ? તમારી આગળ જે મૂર્તિ છે, તેની પૂજા કરતા ન-થી; કદી જે જોઈ શકતા નથી, તેનીજ પૂજા કરો છો, છતાં શામાટે કહો છો કે રૂપ દર્શનના વિના પૂજા થતી નથી ?

આના જવાબમાં સાકારવાદીઓ કહેશે કે, પ્રત્યક્ષ જોઈ શકતા નથી ખરા, પરંતુ વિશ્વાસ રાખીએ છીએ. વિશ્વાસ રાખીએ છીએ કે પ્રાણને વિ-ધિપૂર્વક શાસ્ત્રના મંત્ર ઉચ્ચારણ કરવાથી પ્રતિમામાં ઉપાસ્ય દેવતાનો આવિ-ર્ભાવ થાય છે, માનીએ છીએ કે જેટલા પૂજાની વખતે પ્રતિમામાં અધિષ્ઠિત રહે છે; માનીએ છીએ કે પૂજા વખતે દેવતાનો તિરોભાવ થાય છે. આ અ-મારા વિશ્વાસનો વિષય છે.

આ જવાબે વળી પૂછીએ છીએ કે હે ભાઈ સાકારવાદિ ! એ જો ત-મારો વિશ્વાસનો વિષય થયો, તો રૂપ દર્શનના સંબંધમાં તમારા જેવા નિરા-કાર વાદીને વધારે શો પ્રભેદ રહ્યો ? તમે પણ વિશ્વાસ કરો છો, તેઓ પણ વિશ્વાસ કરે છે. રૂપ દર્શનના સંબંધમાં તેઓથી વધારે શો પ્રભેદ રહ્યો ?

આ ઠેકાણે સાકારવાદી કહી શકશે કે, જો કે હું મારા ઉપાસ્ય દેવ-

આ જગતમાં શું [illegible] જોવામાં આવે છે ? [illegible] શું સં- [illegible] છે ? આ દેહના [illegible] પ્રવૃત્તિ કોની ? [illegible] શું [illegible] છે ? આયુષ્ય શું ? [illegible] કોના પર છે ? [illegible] શું [illegible] છે ? [illegible] હાથ, પગ, મુખ, નાક વગેરે અવયવો-હાડકાં માંસ, લોહી વગેરે શરીરના ઉપાદાન વિના [illegible] શું કોઈ હોઈ શકે છે ? પરંતુ હાથ, પગ, મુખ, નાક, વગેરે અંગ, અવયવ હાડકાં માંસ, લોહી વગેરે શરીરના ઉપાદાન શું મનુષ્ય છે ? એ બધાં શું જડ પદાર્થ નથી ? જો [illegible] જડ પદાર્થ હોય, તો મનુષ્ય શું, આ બધું જડ ? મનુષ્ય શું હાથ પગ વગેરે અંગ અવયવ હાડકાં, માંસ, લોહી વગેરે ભૌતિક ઉપાદાન છે ? નિશ્ચય નહિ. જો નિશ્ચય તે નહિ થાય તો આશ્ચર્ય જેવું છે ?

તમારી માતાની [illegible] વાત સાંભળીને પરદેશમાંથી તમે ઘેર આવ્યા. આવીને જોયું કે તમારી [illegible] મરેલું મુડદું [illegible] ઉપર પડેલું છે. તમે રોતા રોતા બોલ્યા, "હાય ! [illegible] બોલે [illegible] થયે નહિ ! ! "

આ [illegible] કે [illegible] બોલે [illegible] શું [illegible] શું નહિ ? [illegible] તમે પહેલાં [illegible] હમણાં [illegible] તો જુઓ છો ? પહેલાં જેવું શું કોઈ [illegible] હતા ? [illegible] હમણાં જેવું શું કોઈ [illegible] હતા નહીં ? [illegible] શરીર પહેલાં જોતા હતા તે હમણાં પણ જુઓ છો ? [illegible] પહેલાં જેવું શું [illegible] કે [illegible] હમણાં જોતા નથી ?

[illegible] પહેલાં [illegible] હમણાં પણ છે. પહેલાં [illegible] તે કોઈ [illegible] હતા, હમણાં તે [illegible] છે. પરંતુ પહેલાં તે [illegible] જે ચેતન પદાર્થનો આવિર્ભાવ હતો, તે [illegible] હમણાં નથી. તેથી તમે કહો છો કે, "હાય [illegible] બોલે [illegible] થયો નહિ."

તમારી [illegible] શરીરમાં [illegible] રહેતો હતો તે શું [illegible] હતો ? [illegible] શું [illegible] આપણી [illegible] એમ છે ? [illegible] નહિ. તમે [illegible] નથી, [illegible] પણ કોઈ [illegible] નથી. [illegible] છો કે [illegible] જોવામાં આવી નહિ.

જોવાનો અર્થ શો છે ! જો કેવળ આંખના ગોચર થવાનું નામજ થાય, તો તમે પહેલાં માત્ર શરીર માત્ર દીઠું હતું, હમણાં પણ તેજ જોવું છે. આત્માને પહેલાં પણ જોતો નહોતો, હમણાં પણ જોતો નથી. જ્યાંસુધી જે બોલવાના શબ્દનો બીજો કોઇ અર્થ હોય, અર્થાત્ જે આંખથી જોવાય તેના બીજી રીતે કેવળ તો આવું અર્થ થશે છે કે પહેલાં તમે એવું જોઇ શક્યા છો કે જે હમણાં જોઇ શકતા નથી.

જ્યારે તમે કહ્યું કે "હાય મળાતું નહિ !" ત્યારે મળાતું શબ્દ આ અર્થોમાં વાપર્યો ? આંખથી જોવાના અર્થમાં અલબત નહિ. કેમકે આંખથી જે દેખાય છે તે પહેલાં પણ જેમ જોયું છે, હમણાં પણ તેવું જુઓછો. તત્વજ્ઞાનથી પ્રત્યક્ષ અનુભવેલું થાય જોવું થાય, વિશ્વાસ રૂપી આંખથી ચૈતન્ય પદાર્થને ગ્રહણ કરવાનું નામ જો જોવાનું થાય, તો તમે પહેલાં તે માતુ શરીર કે જીવાત્માને પ્રત્યક્ષ અનુભવતા હતા, તેજ હમણાં જોઇ શકતા નથી.

હવે જુઓ, આંખથી જોવાને જો કેવળ એક માત્ર જોવું કહેવાય તો આપણે પિતા, માતા, ભાઇ, બહેન સગાં વહાલાં કોઇને પણ જોઇ શકતા નથી, કેમકે આપણે તેઓના જડ દેહ જોઇએ છે ! આપણાં માબાપ વગેરે કેવળ જડ દેહવાળાં નથી ! મરણ થવાથી કેવળ જડ દેહ રહે છે. તે મૃત જડ દેહ જોવાથી તેઓને જોયાતા નથી. કેમકે તેઓના જીવાત્માને નહિ જોવાથી તેઓને જોવાતા નથી. આપણે કેવળ આંખથી કોઇ મનુષ્ય,-કોઇ જીવને જોઇ શકતા નથી.

આપણે કેવળ આંખથી જડ દેહ જોઇએ છીએ. વળી આત્મા તથા મનથી તે દેહમાં રહેનાર આત્મા તથા મનને જોઇએ છીએ, તે માટેજ મરી ગયેલા સમાન છે. દેહ જોઇને લોકો કહે છે કે "જોવાયું નહિ અથવા મેળાપ થયો નહિ." શું જોવાયું નહિ ? આંખથી જે જોવામાં આવતું નથી, તે દેહમાં રહેલા આત્માને જોવામાં આવ્યો નહિ,

ફરી તે પહેલાંનો સવાલ આવે છે—પરમેશ્વરને શું જોવામાં આવે છે ? જેમ મા, બાપ, ભાઇ બહેન સગાંવહાલાંને જોવામાં આવે છે, તેમ

પરમેશ્વરને શું જોવામાં આવે છે.

માબાપ વગેરેને આંખથી જોવામાં આવતાં નથી, પરંતુ માતા પિતાને પણ આંખથી જોવામાં આવતો નથી, પરંતુ આ દરેકનું કોઈ [illegible] શકશે કે માબાપ વગેરેને તેઓના [illegible] હૃદયની [illegible] તેઓના [illegible] હેતના અવલંબનથી જોઈ શકાય છે. પરમેશ્વરને આ અવલંબનથી [illegible]

આ અદ્ભુત, [illegible], પરમ સુંદર વિશ્વ તથા [illegible] પદાર્થોને અવલંબીને તે પરમ દેવતાનું દર્શન કરીએ. જેમ [illegible] દેહમાં જીવાત્મા રહેલો છે, તેમ આ સુવિશાળ બ્રહ્માંડમાં તે પરમ પિતા, પરમ માતા વ્યાપ્ત છે. જેમ જીવાત્મા દેહમાં રહેલો છે, તેમ પરમાત્મા આ નિખિલ બ્રહ્માંડને પૂર્ણ કરીને એઓના દરેક પદાર્થના અંદર અંદરમાં વસેલો છે. જેમ જીવાત્મા દેહને ચલાવે છે, તેમ પરમાત્મા આ સુવિશાળ બ્રહ્માંડમાં નિરંતર કામ કરે છે. જેમ જીવાત્માની સ્થિતિને લીધે આ દેહનું જીવન છે, તેમ પરમાત્માના અધિષ્ઠાનથી આખા બ્રહ્માંડનું જીવન છે. જેમ દેહમાંથી જીવાત્માનાં જ્ઞાન, ભાવ તથા ઇચ્છા પ્રકાશ પામે છે, તેમ બ્રહ્માંડમાંથી પણ પરમાત્માનાં જ્ઞાન, પ્રેમ તથા શક્તિ પ્રકાશિત થાય છે. જેમ જીવતા મનુષ્યનું શરીર જોવાથી એક રીતે તેના આત્માને જોવામાં આવે છે, તેમ એવી રીતે જીવતા આ બ્રહ્માંડ જોઈને પણ એક રીતે બ્રહ્માંડપતિને જોવામાં આવે છે. આ બ્રહ્માંડમાંના કોઈ પણ પદાર્થના અવલંબનથી તે પરમ પુરુષનું દર્શન થાય છે.

હમણાં કોઈ સવાલ કરશે કે જો ઈશ્વરપૂજનને માટે અવલંબનની જરૂર થઈ, તો પ્રતિમામાં દોષ શો? તમારે અવલંબન છે અને મારે પણ અવલંબન છે, તો મૂર્તિના અવલંબનનો પંથ શામાટે ક્હેવો જોઈએ?

વાંધો એટલા માટે છે કે મૂર્તિ ખોટી, કલ્પિત છે, હું સત્ય ચાહું છું. સત્યજ જપવાનો માર્ગ છે, સત્યજ [illegible]. તો ખોટી કલ્પના અવલંબન શામાટે કરું?

પરમેશ્વરની શું પ્રતિમા છે? તેનું શું પ્રતિરૂપ સંભવશે? જેનું રૂપ છે, તેના પ્રતિરૂપનો સંભવ થઈ શકે. પરંતુ જે અરૂપ ચિન્મય છે તેનું

પ્રતિરૂપ [illegible] તેની મૂર્તિ નથી, [illegible] તેની પ્રતિમૂર્તિ શા માટે તૈયાર કરવી ?

આ કહેવું [illegible] મૂર્તિ નથી ? [illegible] છે કે તે [illegible] મૂર્તિ [illegible] પરિમિત [illegible] તેની મૂર્તિ નથી.

પરમેશ્વર અનંત છે. [illegible] પરિમિત [illegible] તેની મૂર્તિ નથી. [illegible] મૂર્તિ [illegible] શા માટે [illegible] મૂર્તિ શું [illegible] છે ? [illegible] મૂર્તિ પણ શું [illegible]

[illegible] મૂર્તિ આ બધું એક [illegible] મૂર્તિ [illegible] છે, [illegible] છે. તેથી [illegible] શરીર [illegible] છે. [illegible] પરિમિત પદાર્થ [illegible] પરિમિત છે. તેથી [illegible] પરિમિત [illegible] છે. તેથી આખું શરીર [illegible] પરિમિત છે [illegible] હોય પણ દેહમાત્ર [illegible] પરિમિત છે. [illegible] નથી. પરમેશ્વર અનંત છે; તેથી તે પરિમિત [illegible] નથી.

પરમેશ્વર ચિન્મય, અરૂપ છે. તે આનંદરૂપ [illegible] છે. તે પરિમિત [illegible] પદાર્થ નથી. તેની પ્રતિમા [illegible] છે. પ્રતિમા આવાહનમાં તેની પૂજા, કલ્પિત પૂજા છે.

[illegible] પદાર્થ આવાહનથી ઈશ્વર-પૂજા અને પ્રતિમા આવાહનથી પૂજા એ બેઉમાં આકાશ પાતાળનો ભેદ છે. કલ્પના તથા સત્યમાં જેટલો પ્રભેદ છે, તેટલો એ બેઉમાં પણ પ્રભેદ છે.

જડ જગત ઈશ્વરની પૂજામાં [illegible] કરે છે. [illegible]

જેથી હવે જગતનો સંબંધ છે જગત તથા જગદીશ્વર આ બેઉમાં એવો પરસ્પર મજબુત સંબંધ છે તેથી અતિ સ્વાભાવિક રીતે આ જગત જગદીશ્વરનું સ્મરણ કરાવે છે—એવી વાત હવે પ્રતિપાદન કરીએ છીએ. આ બ્રહ્માંડનું, અનન્ત, [illegible] આકાશ, તે પરમાત્મા, મહામહાન નિર્વાણ, સર્વત્ર, એવું પૂર્ણ રહેલું છે તેની શક્તિ, તેનું જ્ઞાન, તેના [illegible] ખરેખર એક એક બ્રહ્માંડમાં અને તેઓના નાના મોટા દરેક પદાર્થમાં નિત્ય પ્રકાશિત છે. નાના રેતીના કણથી માંડીને મોટા હિમાલય જેવા પર્વતથી લઈને મોટા વડના ઝાડ સુધી, સામાન્ય કીડાથી માંડીને મોટા હાથી સુધી, [illegible] દીવાથી માંડીને [illegible] સમુદ્ર સુધી—નીચે [illegible] પૃથ્વીથી માંડીને ઉપર [illegible] લોક [illegible] સુધી તમામ પ્રકારમાં [illegible] મહિમા, અદ્ભુત શક્તિ, અપાર જ્ઞાન અને અતુલ, અપાર કરુણા તથા પ્રેમના [illegible] [illegible] [illegible] પ્રકાશ કરે છે.

[illegible] જોયાથી જ માનસિક નિયમાનુસારે, તેના કારણનું સ્મરણ થાય છે. જગત જોયાથી જ જગત કર્તાનું સ્મરણ થવું એ સ્વાભાવિક છે. જગત માત્રમાં તેની જે શક્તિ, જ્ઞાન તથા [illegible] ભાવ પ્રકાશિત રહેલાં છે તે જોઈને તેના ઉપર ભક્તિ ભાવનો ઉદય થવો એ સ્વાભાવિક છે. તેથી જગત રૂપ અવલંબનથી પરમેશ્વરની પૂજા [illegible] સહજ સ્વાભાવિક થાય છે.

કાર્યકારણ સંબંધ છે તેથી જગત રૂપ અવલંબનથી જગદીશ્વરની પૂજા જેમ સ્વાભાવિક છે, તેમ મૂર્તિનું અવલંબન કરીને ઈશ્વરપૂજા એ સ્વાભાવિક નથી. [illegible] જોયાથી જે [illegible] આવે છે, પ્રકૃતિ જોયાથી જ પુરુષ યાદ આવે છે, એ [illegible] સ્વાભાવિક નિયમાનુસારે થાય છે. પણ કોઈ શિલ્પીના હાથથી બનાવેલી એક [illegible] જોયાથી જેમ સહજથી, સ્વભાવતઃ તે યાદ આવે છે, [illegible] મૂર્તિ જોયાથી તેમ સહજથી તેનું સ્મરણ થવાનો શું સંભવ છે?

આ ઠેકાણે કોઈ કહી શકશે કે [illegible] સંબંધની પેઠે [illegible] સ્મૃતિને [illegible] કરે છે [illegible] મનુષ્યના હાથથી બનાવેલી વસ્તુ જોયાથી

જેમ એક માણસનું સ્મરણ થાય છે, તેમ તેની એક છબિ જોયાથી શું તે-
નું સ્મરણ થતું નહિ ?

નિશ્ચય થાય છે. મનુષ્યના સંબંધમાં એ સંપૂર્ણ સ્વાભાવિક છે. કેમ
કે એક આળપાણુવાળા માણસની પ્રતિમૂર્તિ જોયાથી તેનું ચિત્ત સ્મરણ થાય છે
પરંતુ તે અનાદિ અનંત મહાન પુરુષની છબિ કોણ દોરશે ? તે ઈન્દ્રિયાતીત,
અપાર, અનન્ય ચિન્મય આદિ પ્રભુની પ્રતિમૂર્તિ તૈયાર કોણ કરશે ? તે
ચિતરનાર ક્યાં છે ?

હવે એમ કહેશો કે પરમેશ્વર નિરાકાર ચૈતન્ય સ્વરૂપ હોવા છતાં
પણ તે જ્યારે ઇચ્છા થશે ત્યારે મૂર્તિ કેમ ધારણ કરે નહિ ? ભક્તની મનોવાં-
છના પૂર્ણ કરવા માટે ભગવાન રૂપ ધારણ કરે તેમાં આશ્ચર્ય શું ? માન્યું
કે, તે સ્વરૂપતઃ નિરાકાર ચૈતન્યમય છે. પરંતુ જ્યારે તેની શક્તિની સીમા
નથી, ત્યારે તે ઇચ્છા કરે તો સાકાર રૂપથી પ્રકાશ શા માટે ન થાય ? અ-
થવા જગતના હિતને માટે દેશ વિશેષમાં કાળ વિશેષમાં અનુગ્રહ ધારણ
કરીને તેને પૃથ્વી ઉપર અવતાર થવાની અસંભવના શી ?

પરમેશ્વર જગતની સૃષ્ટિ સ્થિતિ પ્રલય વિષયમાં સર્વ શક્તિમાન થવાથી
તેનું પોતાનું સ્વરૂપ નાશ કરવાની શક્તિ તેનામાં છે એવું કબુલ કરાય શક-
તું નથી; કેમકે જેમ એક જગતને વિનાશ કરી શકે છે, તેમ તે પોતાને
પોતે વિનાશ કરી શકે છે, આમ કહેવાથી અત્યંત નાશની સંભાવના રહી.
પરંતુ જેના નાશની સંભાવના છે તે કદી થતા નથી. તેથી અમને સર્વ શ-
ક્તિમાન કહીને પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થઈ મૂર્તિ ધારણ કરી શકે છે એમ
કહેવું યુક્તિ વિરુદ્ધ છે.

સાકારવાદ સમર્થન કરવા જતાં ઘણાક કહે છે કે, એ અજ્ઞાન લો-
કનો ઉપાય થવાના વિધિ છે. મૂર્તિ પૂજન રૂપ સીઢી પકડવાથી ઉપાસક
ધીરે ધીરે પરબ્રહ્મમાં જાય છે. પહેલાં સાકાર પૂજન નહિ કર્યાથી—આવું
મૂર્ત્ત રૂપ ઉપાય નહિ પકડ્યાથી—નિરાકાર પરબ્રહ્મનું સામર્થ્ય જન્મતું નથી.

આ બોલવું કબુલ કરી શકતા નથી. સાકાર તથા નિરાકાર એક બી-
જાથી વિરુદ્ધ છે. તેથી સાકાર ઉપાસનાનો અભ્યાસ કરતાં નિરાકાર ઉપાસ

મનાનું આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. એ યુક્તિ સિદ્ધ છે. માનસિક નિયમ સિદ્ધ છે. અંધારામાં બેસી રહેવાથી શું અજવાળું જોવાની શક્તિ ઉત્પન્ન થાય છે ? જેટલો વખત થાય અંધારામાં બેસી રહેવાય આંખે તેટલું અજવાળું જોવાને અયોગ્ય થવાય છે. એ નિયમ એક એવો ઉદાહ. છે. તેના એક અભ્યાસથી બીજા થવાની શક્તિ અથવા તે દૂર રહી પણ ધીરે ધીરે ઓછી થાય છે. આકાર તથા નિરાકાર એ બે એવી સિદ્ધ છે. એક-ના અભ્યાસથી બીજા વિષયની ધારણા શક્તિ થવાની એ છૂટે રહી પણ ધીરે ધીરે ઓછી થઈ જાય છે.

સાકાર પૂજાને સમર્થન કરનાર કહેછે કે, જગતમાં આવતી મૂર્તિ પૂજા પ્રકારપૂજાના વિના બીજું કંઈ નથી. લોકો પ્રતિમા પરમેશ્વરનું અધિષ્ઠાન સમજીને તેની અર્ચના કરેછે. એ એકરીતે ખરું છે. સાકારવાદી અથવા નિરાકારવાદીઓનું લક્ષ તો પરાત્પર પરમ પુરુષછે, પરંતુ જે આપણી, દ્વૈત વિશ્વાસથી, પ્રતિમા પૂજા, દેવદેવીની પૂજા આ દેશમાં ચાલેછે, તેમાં એને સત્ય સ્વરૂપ પૂર્ણ બ્રહ્મની ઉપાસના કહી શકાય નહીં. આવતી આકારે ઉપાસના દેવદેવીની મૂર્તિ પૂજા, કદી પણ પૂર્ણ બ્રહ્મની ઉપાસના તરીકે કહેવાઈ શકાય નહિ.

કાશીનો વિશ્વેશ્વર એક નાનો પથ્થરનો કડકો છે. એક પથ્થરના કકડાની સાથે પૂર્ણ બ્રહ્મનો શો સંબંધ છે ? બીજા પથ્થરનો કડકો અધીન પરસ્થળ અધિષ્ઠિત છે—એ બ્રહ્મશક્તિનો પ્રકાશ છે. એ માટેજ શું એ પૂજવા યોગ્ય છે ? તેવું જો હોય, તો રસ્તામાં પથ્થરો પડેલા છે, તે પૂજવા જેવા કેમ નહિ થાય ? રસ્તાના પથ્થર શું પૂર્ણ બ્રહ્મનો અધિષ્ઠાન નથી ? એ શું બ્રહ્મ શક્તિનો વિકાસ નથી ? જો વિશ્વેશ્વર જેમ પૂજનીયછે. તેમ રસ્તા ઉપરના પથ્થરો પૂજનીય કેમ થાય નહિ ? આના ઉપરથી સમજાયછે કે પરમેશ્વરનું અધિષ્ઠાન છે તેથી પથ્થર વગેરેથી બનાવેલી મૂર્તિ પૂજિત થાય એવું નથી, બીજો કોઈ વિશ્વાસ તેના મૂળમાં છે.

સાકારવાદીઓ જે દેવ મૂર્તિની પૂજા કરેછે, એ તેઓના વિશ્વાસાનુસારે ખાયછે, ઉંઘેછે, પથારીમાં સુવેછે, એટલુંજ નહિ પણ મનુષ્યના કે-

એના કષ્ટ નિવારણને માટે એને મચ્છરદાની તૈયાર કરાવવી પડેછે. કોઇ કોઇ જગ્યાએ મનુષ્યની પેઠે દેવને તાવ આવેછે તથા માથું દુઃખેછે. એના સિવાય બીજું જાણવામાં આવ્યું છે કે કોઇ કોઇ જગ્યાએ દેવતા મલત્યાગ કરતા હતા. વિશ્વાસી ભક્તો એને હગુઆ પ્રસાદ તરીકે ભક્તિ પૂર્વક ગ્રહણ કરતા હતા. એ શું પૂર્ણ પરાત્પર પરબ્રહ્મની ઉપાસના છે?

વાસ્તે સાકારવાદ પરિમિત કલ્પિત દેવદેવીની પૂજા છે, સત્ય સ્વરૂપ, અનંત સ્વરૂપ પરબ્રહ્મની ઉપાસના નથી, એ સહજ જણાશે.

મૂર્તિ પૂજકો કેવળ મૂર્તિ બનાવીને પૂજા કરેછે એમ નથી. આશ્ચર્ય સુંદર, ભયંકર, સ્વાભાવિક પદાર્થની પૂજા પણ તેમાંછે. ચંદ્ર સૂર્ય, નદી પર્વત, ઝાડ વેલા, પશુ પક્ષીઓ આ પૂજામાં સમાયલા છે. તેજ પુંજ દિવાકર સાકારવાદીને પૂજનીયછે. **जपाकुसुमसंकाशं काश्यपेयं महाद्युतिं ध्वान्तारिं सर्वपापघ्नं प्रणतो ऽस्मि दिवाकरं**" જપાકુસુમની પેઠે રંગવાળા કશ્યપના પુત્ર, મહા જ્યોતિવાળા, અંધારાનો નાશ કરનાર, બધા પાપનો નાશ કરનાર સૂર્યને પ્રણામ કરૂંછું. સૂર્યના પ્રણામમંત્ર ઉચ્ચારીને સાકારવાદી કેવી ભક્તિની સાથે તેની પૂજા કરેછે? એ શું સર્વવ્યાપી સર્વગત, પરબ્રહ્મની ઉપાસના છે? સૂર્યની પેઠે ચંદ્ર પણ એક વિશેષમાં દેવતા છે. સાધારણ વિશ્વાસાનુસારે તેની રોહિણી વગેરે ઘણીક સ્ત્રીઓ છે. એની વૈજ્ઞાનિક વ્યાખ્યા હોવા છતાં એની સાથે ચાલતા ધર્મ વિશ્વાસનો કંઇ પણ સંબંધ નથી.

ચાલતા ધર્મ વિશ્વાસનો વિજ્ઞાન વિનાશ કરે છે, વિજ્ઞાન શિક્ષણ આપે છે કે યોગ્ય પરિમાણથી હાઇડ્રોજન તથા આક્સિજન એકત્ર કર્યાથી તરત પાણી ઉત્પન્ન થાય છે. આ પ્રત્યક્ષ પરીક્ષાથી વિદ્યાર્થી જાણી શક્યા કે પાણી મૂળભૂત નથી. કેવળ એટલુંજ નહિ પણ તેની જોડે જલાધિકારી વરુણ દેવતા પણ નિરંતરને માટે ચાલ્યો ગયો. જે માણસ પોતે પાણી ઉત્પન્ન કરી શકે છે તેનો શું બીજા પાણીના કર્તા વરુણ દેવતાના ઉપર વિશ્વાસ રહેવો સંભવિત છે? વિશેષ પરિમાણ નાઇટ્રોજન તથા વિશેષ પરિમાણ આક્સિજન એકત્રિત કર્યાથી વાયુની ઉત્પત્તિ થઇ. તરત પવનદેવ

નિરંતરને માટે ચાલ્યો ગયો. સૂર્ય જે જડપિંડ માત્ર છે, વિશેષ કોઈ દેવતા નથી, વિજ્ઞાન તે પ્રકાશ કરે છે. સૂર્ય એ શા શા પદાર્થથી બનેલો છે તે પંડિતો વૈજ્ઞાનિક રીતથી નિર્ધારણ કરે છે.

મૂર્તિપૂજકો પોતાનાં મત સમર્થન કરવા માટે કહે છે કે, અનંતનું જ્ઞાન થવું અસંભવિત છે. અનંત બ્રહ્મની ઉપાસના થઈ શકતી નથી, તેથી આકાર દેવદેવીની ઉપાસના કરવાની બહુ જરૂર છે. અનન્તનું જ્ઞાન શું ખરેખર અસંભવિત છે? અસંભવિત થયાથી ભાષામાં અનંત શબ્દ કેમ આવ્યો? માણસના મનનો ભાવ શબ્દથી પ્રકટ થાય છે. ભાષામાં અનંત શબ્દ છે, ત્યારે અનંતનો ભાવ અથવા જ્ઞાન મનુષ્યના મનમાં ગર્ભીત છે. મનુષ્યના મનમાં અનંતનું જ્ઞાન નહિ હોત તો પૃથ્વીની લગભગ બધી ભાષામાં અનંતબોધક શબ્દની ઉત્પત્તિ શી રીતે થાત? જે કહે છે કે અનંતને સમજાતો નથી, તેના બોલવાના તાત્પર્યના ઉપર વિચાર કરીને જોઈએ, અનંત બ્રહ્મને સમજતો નથી એ બોલ્યાથી શું સમજાય છે? તેના સ્વરૂપના સંબંધમાં એવું કંઈ સમજ્યો છે કે જેમાં સમજાય છે કે તેના વિષય સમજ્યો નથી. જે પદાર્થને એકવાર પણ જાણ્યો નથી તેને સમજ્યો કે નહિ સમજ્યો એ વિશે કંઈ પણ કહી શકતા નથી. પરંતુ જ્યારે કહે છે કે અનંતને સમજતો નથી, ત્યારે તેની સાથે બીજી રીતે એ કહેવું થાય છે કે અનંતના વિષયમાં એવું કંઈ સમજ્યો છે અથવા જાણ્યું, જેનાથી એ સમજે છે કે અનંતને સમજતો નથી.

પરમેશ્વરને સમજતા નથી તેથીજ તે આપણો ઉપાસ્ય છે, જેને સમજીએ છીએ, તેને કોણ પ્રાપ્ય કરે છે? તેને કોઈ સમજતા નથી, જાણતા નથી. બધા વિજ્ઞાને, બધાં દર્શને હાર ખાધી છે. એ માટેજ જગત તેને શોધે છે. તે માટેજ તે આપણો ઉપાસ્ય છે. જ્ઞાનો, પરિમિત કરી ઉપાસ્ય થઈ શકતો નથી.

મૂર્તિપૂજા સમર્થન કરનારાઓમાંથી કેટલાક કહે છે, મૂર્તિ ચિહ્નમાત્ર છે. મૂર્તિ પૂજા કરવાને માટે નથી. મૂર્તિ જોયાથી પરમેશ્વરનું સ્મરણ થાય છે, એ વાસ્તે મૂર્તિની જરૂર છે. આનો પહેલો જવાબ એ છે કે આપણા

દેશના સાધારણ માણુસો એવો વિચાર કરીને મૂર્તિનો ઉપયોગ કરતા નથી, ચિહ્ન તરીકે માનતા નથી. એવી રીતે મૂર્તિનો વ્યવહાર થતો નથી તે બધા જાણે છે. પહેલાં તેના પ્રમાણ આપવામાં આવ્યા છે.

જેઓ દેવમૂર્તિને ચિહ્ન માત્ર ધારીને મૂર્તિ પૂજાનો પક્ષ સમર્થન કરે છે, તેઓ 'ક' વર્ણનું દૃષ્ટાંત આપીને કહે છે કે શબ્દનો ખરેખરો આકાર નથી; પરંતુ બાળકોની કેળવણીને માટે આપણી જરૂરને માટે ક, ખ, વગેરે વર્ણના આકાર કલ્પિત થયા છે પરંતુ પૂછવામાં આવે છે કે પહેલાં શબ્દ કે પહેલાં આકાર ? ખચીત પહેલાં શબ્દ છે. "ક" શબ્દ પહેલાં જીભથી ઉચ્ચારિત થાય છે, ત્યાર પછી તેનો આકાર દેખાડવામાં આવે છે. તેથી આ યુક્તિથી નિરાકારમાં આવે છે એવું સિદ્ધ થતું નથી. નિરાકારનું જ્ઞાન પહેલાં રહેલું છે પછી તેનો આકાર આપવામાં આવ્યા.

જેઓ કહે છે કે દેવ મૂર્તિ ઈશ્વરનું ચિહ્ન અથવા પ્રતિનિધિ સ્વરૂપ છે, તેઓને માટે એક સુંદર દૃષ્ટાંત આપવામાં આવે છે. ઈંગ્લાંડના રાજા આરથરની સાથે બીજા દેશની એક રાજકુમારીનાં લગ્ન થવાની વાત ચાલતી હતી. કન્યા જોવા માટે રાજા પોતે નહિ જતાં તેના એક સભાસદને મોકલ્યો. સભાસદ ઘણો ખૂબસૂરત હતો. તેનેજ રાજા સમજીને વિવાહ કરનાર કન્યાને ભૂલાવો પડ્યો અને તેના રૂપમાં મોહિત થઈને મનમાંને મનમાં તેને પતિત્વ ધાર્યો. તેથી આરથરની સાથે તેનાં લગ્ન થયાં નહિ, તેમ મૂર્તિપૂજકો છે. જો મૂર્તિ ચિહ્ન અથવા પ્રતિનિધિ થાય, તો એ રાજા આરથરના મોકલેલા પ્રતિનિધિના જેવી છે. કોઈ એને ચિહ્ન અથવા પ્રતિનિધિ તરીકે ધરતા નથી. તેનેજ ઉપાસ્ય દેવતા જાણીને હૃદયનો પ્રેમ, ભક્તિ બધું તેના ચરણમાં સમર્પણ કરે છે. પથ્થરાદિ જડ મૂર્તિને અજ્ઞાન, મૂર્ખ સાધારણ લોકો દેવતા સમજે છે, એ દેશમાં સર્વત્ર જોવામાં આવે છે એ કોઈ અસ્વીકાર કરી શકશે નહિ.

કેટલાક કહે છે કે મૂર્તિપૂજા તથા દેવ દેવીની પૂજામાં દોષશો ? આત્માની તૃપ્તિ થઈ એટલે થયું. દેવદેવીની ઉપાસનાથી જ્યારે આત્માની તૃપ્તિ થાય છે, ત્યારે એમાં વાંધો શા માટે લાવોછો ? નદીનું પાણી, અપ-

વા તલાવનું પાણી અથવા નાના આબોસીવાનું પાણી પીઓ, તેમાં કંઈ આવી જતું નથી. તરસ દૂર થાય એટલે થયું. આત્માનું પેટ ભરાયું એટલે થયું. પરંતુ મૂર્તિ પૂજા શું આત્માનું પેટ ભરાવી શકે છે ? આત્માનું પેટ શું છે ? અનંત જ્ઞાન, પ્રેમ પવિત્રતાની ઇચ્છા. શિક્ષિત સંપ્રદાયના જ્ઞાનની તરસ શું મૂર્ત્તિપૂજાથી પૂર્ણ થશે ? પશ્ચિમના જ્ઞાનની સાથે શું ચાલતા પ્રવિશ્વાસની સામંજસ્ય થાય ? એક બે પાનાં અંગ્રેજી પુસ્તકનાં અથવા અંગ્રેજીના અનુકરણથી છપાતાં ગુજરાતી પુસ્તકો વાંચ્યાથી બાળકના હૃદયમાંથી ચાલતા પાયા વગરના વ્હેમો દૂર થાય છે. ભૂગોળસત્રનું પહેલું પાનું વાંચતાંજ જાણી શકીએ છીએ કે પૃથ્વી વાસુકિના માથા ઉપર રહેલી નથી. એ શૂન્યમાર્ગમાં સૂર્યની ચારે બાજુએ નિત્ય ફરતી ફરે છે. ભૂગોળસૂત્ર પૌરાણિક વાસુકિને બાળકના હૃદયમાંથી દૂર કરે છે. સામાન્ય ભૂવિદ્યા શીખીનેજ વિદ્યાર્થિ સમજે છે કે, વાસુકિનું માથું ચલાવવાનું ભૂમિકંપનું કારણ નથી. પદાર્થવિદ્યા, પવન, વરૂણ, અગ્નિ વગેરે દેવતાને ભૌતિક રાજ્યમાંથી કાઢી મૂકે છે. જ્યોતિષનું સામાન્ય જ્ઞાન ચંદ્ર, સૂર્યાદિ ગગનવિહારી દેવોને પોતાના અધિકારથી કાઢી મૂકે છે. કિયો વિદ્યાલયનો વિદ્યાર્થી ગ્રહણ સંબંધી પૌરાણિક આખ્યાયિકાને ખરી તરીકે માને છે ? આ બધા વ્હેમો ઘણાજ થોડા જ્ઞાનની ચર્ચાથીજ નાશ પામે છે. પશ્ચિમના જ્ઞાનનું તેજ જેટલું ફેલાય છે, તેટલી મૂર્તિપૂજા નવી પ્રજાના હૃદયમાંથી દૂર થાય છે.

જેટલી જ્ઞાનની ઉન્નતિ થાય છે, તેટલા લોકોના હૃદયમાંથી દેવતાઓ સિંહાસન ઉપરથી ખસતા જાય છે. અનંતસ્વરૂપ પરમેશ્વરની ઉપાસના વિના હવે કોઇ રીતે નવી પ્રજાના આત્માની ભૂખ મટનાર નથી. બીજા કોઇ પણ ઉપાયથી તેઓના આત્માનું પેટ ભરાશે નહિ. આત્માની પ્રકૃતિજ એવી છે કે મહાન પરમેશ્વરવિના નાના પદાર્થમાં નિરંતર તેની તૃપ્તિ થતી નથી. " **यो वै भूमा तत्सुखं नाल्पे सुखमस्ति** " મૂર્ત્તિપૂજા રૂપ ખીચડના મેલા તળાવના પાણીમાં હમેશાં કદી આત્માનું જ્ઞાન તથા પ્રેમની તરસની શાંતિ થતી નથી.

પ્રાર્થના તત્વ.

કોઇ જાતની ખોટ દુર કરવા માટે ઇશ્વરની પાસે પ્રાર્થના કરીયે તો કોઇ જાતનો લાભ થાય છે કે નહિ ? તેની પ્રાર્થના કરવી જરૂર છે કે નહિ અને તેની પ્રાર્થના કરવી એ ઉચિત ગણું કામ છે કે નહિ ? આ પ્રશ્નોનો ફેંસલો કરવાની જરૂર છે.

સવાલ એ છે કે, ઇશ્વરની આગળ કોઇ બાબતને માટે પ્રાર્થના કરવી ઉચિત છે, કે નહિ ? આ સવાલનો ફેંસલો કરવામાં લાગવાની પહેલાં ટુકામાં બીજી એક બાબતનું વર્ણન કરી લેવું ઉચિત છે તે આ છે; કેમકે ભૂલવો જોઇએ નહિ કે, ઇશ્વરની ઉપાસના અને ઇશ્વરની આગળ પ્રાર્થના આ બે જુદી વસ્તુ નથી. જો કદાચે કોઇ પ્રાર્થનાની જરૂરતના સંબંધમાં કોઇ જાતનો સંદેહ હોય, તો તેને લીધે તેને ઉપાસનાના ઉપર પણ વિરાગ થઇ શકશે તેમ નથી. ઉપાસના એક જુદી બાબત છે.

ઇશ્વરની ઉપાસના એ શું છે ? ઉપાસના કરતાં મનુષ્યો ઇશ્વર તું આવો છે, તું તેવો છે. ઇત્યાદિ એની સ્તુતિ કરે છે. પરંતુ તેમ નથી. ઉપાસના, ઇશ્વરના સંબંધમાં આત્માનો તે ભાવ છે કે જેમાં વિશ્વાસ, પ્રીતિ, કૃતજ્ઞતા, તથા ભક્તિ વગેરેના સદ્ભાવ જોવામાં આવે છે. એ ભાવના ઉદય તથા ચાલતાને માટે દરરોજની તથા સાપ્તાહિકની ઉપાસનાની પદ્ધતિની વ્યવસ્થા છે. ઉપાસનાની જરૂરત આપણે બે રીતે અનુભવીએ છીએ,-(૧) ઇશ્વર સંબંધમાં આપણું કર્તવ્ય છે; (૨) આપણા આત્માના આધ્યાત્મિક કલ્યાણને માટે એ સૌથી મોટો ઉપાય છે. કર્તવ્ય કર્યાથી આપણા કેટલાક પ્રકારનાં કામ તથા આચરણ થવામાં આવે છે. સ્ત્રી તરફનું કર્તવ્ય, તેનું ભરણ પોષણ કરવું, યથાશક્તિ વસ્ત્રાલંકારથી સુખી કરવી વગેરે છે. છોકરાંની તરફનું કર્તવ્ય તેને અન્ન વસ્ત્ર આપીને પ્રતિપાલન કરવું, મંદવાડની વેળાએ દવાદારૂ તથા એમના પ્રાણની રક્ષા કરવાનો યત્ન કરવો, યથાયોગ્ય ઉમરે કેળવણીનો બંદોબસ્ત કરવો વગેરે, પરંતુ એના ઉપર પ્રેમ તથા છોકરાના ઉપર વાત્સલ્ય પણ જે કર્તવ્ય છે. તે આપણે ઘણી વ-

પોતે ભૂલી જઈએ છીએ. જેટલી જાતના સંબંધમાં આપણે જગતમાં એકમેકની જોડે બંધાઈએ છીએ તેમાં દરેકની જોડે એવા કેટલાક આધ્યાત્મિક કર્તવ્યતા ઉભા રહે છે. ઈશ્વરની સાથે માનવાત્માનો જે સંબંધ છે, તે સંબંધમાં પણ કેટલાક કર્તવ્ય છે. જેમકે વિશ્વાસ, પ્રીતિ, કૃતજ્ઞતા અને ભક્તિ. જે અંશમાં હીન થવાથી આપણા કર્તવ્યમાં ધક્કો લાગે છે અને આપણે પ્રત્યવાયના ભોક્તા થઈએ છીએ.

બીજું. વિશ્વાસ, પ્રીતિ, કૃતજ્ઞતા વગેરે જેઓ માનવાત્મા તથા ઈશ્વરમાં યોગ સૂત્ર સ્થાપે છે, તેને લીધે મનુષ્ય પ્રીતિ પવિત્રતા વગેરે મેળવવાને સમર્થ થાયછે. આપણે દરરોજ જોઈયે છીએ કે, આ જગતમાં એક આત્માની વસ્તુ બીજા આત્માની વસ્તુ થાયછે, એક હૃદયના ભાવ બીજા હૃદયમાં સંચારિત થાય છે. સાધુની સોબતથી સાધુપણું અને અસાધુની સોબતથી અસાધુપણું વધે છે પરંતુ સૂક્ષ્મ રીતથી વિચાર કર્યાથી જોવામાં આવશે કે, એક હૃદયના સદ્ભાવ અથવા સાધુપણું બીજા હૃદયમાં જવાનો એક નિયમછે. બીજા આત્માના એક આત્માના સંબંધમાં એક વિશેષ અવસ્થામાં રહેવું જોઈએ. જેની જોડે વીસ વર્ષ સુધી એક મકાનમાં રહ્યો છું, તે કદાચ મારા હૃદયનો ભાવ મેળવી શક્યો નહિ હોય, વળી એક માણસ દશ દહાડાની ઓળખાણથી મારા ભાવ જાણે, એનું કારણ શું. મારૂં કામ તો બેઉએ જોયું છે. મારૂં બોલવું તો બેઉના કાનમાં ગયુંછે; તો તેમાં ફેરફાર શાથી પડ્યો? તેનો જવાબ એ છે કે, જે મારી જોડે વીસ વર્ષ સુધી રહ્યોછે કદાચ એનો મારા ઉપર વિશ્વાસ પ્રીતિ શ્રદ્ધા વગેરે નહિ હોય. તેમ ઈશ્વર બધાની પાસે છે. બધા તેની સત્તાપર વિશ્વાસ રાખેછે, પરંતુ બધા તેના સહવાસ જનિત ઉપકાર મેળવતા નથી. કારણ કે તેના ઉપર બધાની પ્રીતિ, કૃતજ્ઞતા, ભક્તિ વગેરે નથી. અર્થાત બધા તેની ઉપાસના કરતા નથી. હવે પ્રાર્થના વિશે વિચાર કરવામાં પ્રવૃત્ત થઈએ.

પ્રાર્થના એ શું છે? શું ચાહવું માગવું છે? આપણે સામાજિક ઉપાસનામાં ઈશ્વરની આગળ ભાષા અથવા સંગીતથી જે આત્મનિવેદન કરીએ છીએ, તેવી રીતે મોંથી આત્મનિવેદન નહિ કર્યાથી પ્રાર્થના થતી નથી,

એવું કોઈએ ધારવું નહિ. એ બધી બાબતની અંદર જે માનસિક ભાવો છે, તે બધા ભાવના એકઠાપણાનું નામ પ્રાર્થના છે. મુંગો છોકરો, જેના મનનો ભાવ ભાષાથી પ્રકટ કરવામાં અસમર્થ છે, તે જુઓ. યથાર્થ જેમ ઝળ-ઝળિયાવાળી આંખથી માની તરફ જુએ છે તેમ આત્માની ઝળઝળિયા-વાળી નજરનું નામ પ્રાર્થના છે. એક દૃષ્ટાંત લઈએ ધારો કે, એક માણસ કહે છે કે, "હે ઈશ્વર મને મનનું બળ આપો" એમાં આપણે કેટલાક ભાવ જોઈએ છીએ? (૧) પોતાનામાં મનનું બળ નથી, તે તે સમજ્યો છે, (૨) માનસિક બળની તેને જરૂર છે એવું તેને જ્ઞાન છે, (૩) ઈશ્વર તે બળ આપી શકે છે, એ તેનો વિશ્વાસ છે, ઈશ્વરની મદદથી તે તે બળ મેળવશે એવી આશા છે. આ બધા એકત્ર ભાવનું સામટું નામ પ્રાર્થના છે. ઈશ્વરની સત્તામાં જેનો ખરેખરો વિશ્વાસ છે, તેમ આ બધા ભાવનો ઉદય થવો અર્થાત્ પ્રાર્થનાનો ઉદય થવો એ ઘણો સ્વાભાવિક છે, તે બધા સમજી શકશે. જો ઈશ્વર હોય, જ્યાં કાર્ય કારણ–પરસ્પરની પાછવાડે નિયમ પરસ્પરની લાંબી શાંકળના છેડાપર પડ્યો છે, આપણા આત્માની સાથે તેનો કોઈ જાતનો સંબંધ છે કે નહિ તે સંદેહ છે, આવી રીતે જેઓ ઈ-શ્વર ઉપર વિશ્વાસ રાખે છે, તેઓના વિશે કહેતા નથી. પરંતુ ઈશ્વર છે, તે સાક્ષાત્ સંબંધમાં મારો રક્ષક તથા મદદગાર છે, આવો જેઓનો વિ-શ્વાસ છે તેઓ પ્રાર્થના જે ઘણું સ્વાભાવિક અને એક જાતનું અપરિહાર્ય છે તેમાં કંઈ સંદેહ નથી. શોકની વેળાએ ફળાફળના જ્ઞાનથી રહિત થ-ઈને પ્રિય વસ્તુને ગળે વળગીને રોવું જેમ સ્વાભાવિક છે, તેમ જે ઈશ્વરને પરમ મિત્ર સમજે છે તેને ઈશ્વરની પાસે આત્મનિવેદન કરવું સ્વાભાવિક છે. કોઈ કદાચ કહેશે કે, આવા આત્મનિવેદનને સ્વાભાવિક માન્યું પરંતુ તેનું ફળ શું? પ્રાર્થના કર્યાથી કોઈ જાતનું ફળ થાય છે કે નહિ તે શી રીતે નિર્ણય કરી શકાય? કિંવા અમુક રોગનું ફલાણું એક ઓષધ છે, તે ખરું ઓષધ છે કે નહિ તેનો નિર્ણય કરવાનો ઉપાય શો? કદાચ જેઓએ તે ઓષધની પરીક્ષા કરીને જોયું છે, તેઓના ઉપર આધાર રાખવો જોઈએ, નહિતો તેણે રીતે તેની પરીક્ષાનો આરંભ કરવો જોઈએ. પ્રાર્થનાથી કંઈ ફળ થાય છે કે

નહિ તે જાણવું હોય તો કદાચ અથાવધિ જેઓ પ્રાર્થના કરતા આવે છે, તેઓની સાક્ષી લેવી જોઇએ, નહિતો તેવી અવસ્થામાં આપણા આત્મામાં તેવાં ફળ ફળે છે કે નહિ તે લક્ષ દઇને જોવું જોઇએ. ફક્ત શાસ્ત્રિયોની સાક્ષીથી પૃથ્વી વર્ષે એકવાર સૂર્યને પ્રદક્ષિણા કરેછે આવું આપણે જાણી લીધું છે; દરરોજ ડાક્ટરની સાક્ષી ઉપર આધાર રાખીને રોગીઓને ઔષધ આપે છે; પરંતુ પૃથ્વીના બધા ધર્મપ્રચારકો તથા ધર્મપરાયણ માણસો એક અવાજે કહે છે કે પ્રાર્થનાનું ફળ છે, તે છતાં તે વિશ્વાસ યોગ્ય ધારતા નથી. એ બધા માણસને ઠગનાર અથવા આત્મપ્રવંચિત નહિ માન્યાથી તેઓના કહેવાને અગ્રાહ્ય કહી શકાતા નથી. પૃથ્વીના બધા ધર્મપરાયણોએ કહ્યું છે કે, પ્રાર્થનાનું ફળ છે અથવા પ્રાર્થના નિષ્ફળ નથી, આમ કહેવા છતાં પણ પ્રાર્થનાના પ્રતિકૂલ જે વાંધા છે તે દૂર થતા નથી બીજા ઘણાક વાંધા છે.

પ્રાર્થનાના વિરોધિઓ ઘણું કરીને ચાર પ્રકારના વાંધા કાઢે છે.

(૧) ઈશ્વર સર્વજ્ઞ, સર્વ શક્તિમાન અને દયામય છે. આપણી જરૂર તેના જાણવામાં છે. તેથી આત્મનિવેદન તથા પ્રાર્થના કરવી નકામી છે.

(૨) ઈશ્વરના બધા કામ નિયમ પૂર્વક થાય છે, વિનંતિ, યાચના અથવા પ્રરોચનાદિથી તેના કોઇ નિયમમાં જરાપણ ફેર પડી શકતો નથી. તેથી પ્રાર્થના કરવી નકામી છે.

(૩) ઈશ્વરે જે માનસિક વૃત્તિઓ આપીછે, તેઓના વિકાશના ઉપાય કરી મૂક્યા છે, તેઓના વિકાશનો યત્ન નહિ કરતાં પ્રાર્થના કરવી એ બકવાદ તથા કાયરપણું છે.

(૪) પ્રાર્થનાથી જે ફળ મળેછે તેમાં ઈશ્વરનો સાક્ષાત્ હાથ નથી. મન પોતાના ઉપર પોતાનું કામ કરીને તે ફળ મેળવે છે.

એક એક કરીને આ ચાર વાંધાનો ફેસલો કરવામાં પ્રવૃત્ત થઇએ છીએ. પહેલાં વાંધાને જરા વધારે સમજાવવા જતાં આવું કહી શકાય, જ્યારે પરમેશ્વર સર્વજ્ઞ છે ત્યારે વળી આપણી ખોટ તેને જણાવવાની જરૂર શી ? જો સર્વજ્ઞ થતા નિર્દય હોત, તો કદાચ એક હજારો સ્તુતિ પ્રાર્થનાની જરૂર પડત. પરંતુ તેમાં દયા છે. આપણી તે ખોટ પૂર્ણ થાય છે.

એવી ઇચ્છા પણ તેવીજ છે; ત્યારે આપણે તેને તે કામ કરવા માટે વિનતિ કરવાની જરૂર શું ? જો આમ થાત કે તેનામાં જ્ઞાન છે, દયા છે પણ શક્તિ નથી, તો એક વાત હતી. પરંતુ જેને ખોટનું જ્ઞાન છે, ખોટ પૂરણ કરવાની ઇચ્છા છે, અને તે ખોટ પૂરણ કરવાની શક્તિ પણ છે, ત્યારે વળી તેને તે ખોટ સ્મરણ કરાવીને વિનતિ, અરજ, રોવું, આર્તનાદ કરવાની જરૂર શી ?

આવા સવાલો જેઓ કરે છે તેઓને કેટલાક સવાલો અમે પૂછીએ છીએ. ધારો કે મારો એક છોકરો માંદો થઇને મરવાના બિછાનામાં સૂતો છે. સર્વજ્ઞ ઇશ્વર શું અજાણ્યો છે કે રોગનું ખરૂં ઔષધ શું છે ? અને તે ક્યાં મળે છે ? દયાળુ ઇશ્વરની શું આવી ઇચ્છા નથી કે, છોકરાને તેનું જીવન પૂર્ણ કરવાનું નહિ જાય ? સર્વશક્તિમાન ઇશ્વરની શું એ શક્તિ નથી કે, તે તે ઔષધ દેખાડે? ત્યારે આ બાબતમાં મને અંધારામાં શા માટે રાખેલો હશે? તે શું જાણતો નથી કે, આપણું ખાવાને અન્ન તથા તરસ દૂર કરવાને પાણી જોઇએ છીએ, ત્યારે ભૂખને માટે અનાજ મેળવવાને પરિશ્રમ શા માટે રાખ્યું હશે અને તરસને માટે પાણીને પૃથ્વીની અંદર તથા પથ્થરના અંતરમાં શા માટે છુપાવ્યું હશે ! અંતરમાં ભૂખનો ઉદય થતાં થતાંમાં વગર મહેનતે અન્નનો કોળિયો જો મોંની પાસે આવત, તો સમજત કે સર્વજ્ઞ, દયાળુ તથા સર્વ શક્તિમાન ઇશ્વરે તે જ્ઞાન, દયા તથા શક્તિના અનુરૂપ કામ કર્યું. જો કોઇ કહે કે, ભૂખને માટે અનાજ મેળવવાને પરિશ્રમ રૂપ નિયમાધીન કરવામાં ઇશ્વરનો શુભહેતુ, શુભ ઉદ્દેશ રહેલો છે, તો અમે પણ કહીશું કે આપણી આધ્યાત્મિક ભૂખ તરસ નિવારણને માટે પ્રાર્થના રૂપ નિયમના તાબે કરવામાં તેનો શુભહેતુ ઉદ્દેશ રહેલો છે. કોઇ કદાચ પૂછશે કે, આધ્યાત્મિક ખોટ દૂર કરવા માટે પ્રાર્થના કરવી અર્થાત્ ઇશ્વરની પાસે જઇને તે ખોટ જણાવવી એ શું નિયમ છે ? નિયમ કોને કહેવામાં આવે છે ? કોઇ અવસ્થામાં કોઇ જાતનું ફળ વારંવાર જોવાથી આપણો સંસ્કાર ઉત્પન્ન થાય છે, આ અવસ્થામાં આવું ફળ ઉત્પન્ન થશે એને નિયમ કહે છે. એક વિશેષ અવસ્થામાં દારૂગોળો તથા આગ જેટલી વાર એકત્ર થઇ છે તેટલી વાર આગના ભડકા થયા છે એ જોઇને નક્કી કરીએ છીએ કે એવી અવસ્થામાં આગનો ભડકો ઉઠે નિયમ છે, તેમ પ્રાર્થના સંબંધમાં પણ બરાબર તેવું છે. જેટ-

સ્વીકાર આત્મા એક વિશેષ ભાવવાળો થઈને ઈશ્વરની સામે ગયો છે, તેથી તેણે એક જાતનું વિશેષ ફળ મેળવ્યું છે. તેથી કહીએ છીએ કે આત્માનો તે ભાવવાળી અવસ્થામાં તેવું ફળ ઉત્પન્ન કરવાનો નિયમ છે. જો કદી પણ જોઈએ કે દારૂગોળો તથા આગ એકઠી થવાથી આગના ભડકા થતા નથી, તો નિયમના સંબંધમાં સંદેહ ઉત્પન્ન નહિ થતાં કોઈ જાતની હરકત પહોંચી છે એવું નક્કી કરાય છે. તેમ પ્રાર્થના જો કદી પણ નિષ્ફળ જાય તો પ્રાર્થનાની સફળતાના સંબંધમાં સંદેહ ઉત્પન્ન થતો નથી, પરંતુ શી હરકત નડી છે તેની તપાસ કરવામાં લાગવું જોઈએ.

બીજો વાંધો આ છે,–ઈશ્વરના બધા કામ નિયમને તાબે છે. વિનંતિ, અરજ વગેરેથી જ્યારે કોઈ જાતના નિયમમાં જરાપણ ધક્કો લાગશે નહિ, ત્યારે પ્રાર્થનાનું ફળ શું ? વિશ્વના બધાં કાર્યના જે નિયમ તથા શૃંખલા છે તેમાં સંદેહ નથી, પરંતુ એક જાતની કોઈ બીજા ઉપાયથી બની શકે છે, તે શું સર્વે જોતા નથી ? ચરણના જોરથી કોઈ વસ્તુ દબાવી શકાય છે, અને હાથથી દબાવવાની શક્તિ વધારીને પણ દબાવી શકાય છે. અમુક સંયોગથી જે બળતરા ઉત્પન્ન કરી શકાય છે, બીજા પદાર્થના સંયોગથી તે નિવારણ કરી શકાય છે આવા દૃષ્ટાંત પુષ્કળ મળે છે. હવે સવાલ કરીએ છીએ કે અધોગતિના નિયમને તાબે થઈને આધ્યાત્મિક અવનતિ થઈ છે, પ્રાર્થના રૂપ નિયમથી જો તે અનિષ્ટ ફળ નિવારિત નહિ થાય તો કોણ કહી શકશે ? આપણે જ્યારે ઈશ્વરની આગળ પ્રાર્થના કરીએ છીએ, ત્યારે શું તેના નિયમના વિરૂદ્ધ કરવાને કહીએ છીએ, તેની પ્રતિજ્ઞા તોડવાને કહીએ છીએ ? કદી નહિ. તે શું કોપાયમાન બ્રાહ્મણની પેઠે, જે સ્તુતિવાદથી તેનો કોપ શાંત થાય છે અને પોતાની દેરાતા પોતે ઉથાપે છે. ઈશ્વર પ્રાર્થનાનું જે ફળ આપે છે, તેનાથી તે પોતાના કોઈ નિયમમાં હરકત કરતો નથી, અથવા પોતાની પરિવર્તનશીલતા પ્રકાશ પામતી નથી, ઉલટી તેના મનની પૂર્ણતાજ પ્રકાશિત થાય છે.

ત્રીજો વાંધો આ છે,–ઈશ્વરે આપણને માનસિક તથા આધ્યાત્મિક શક્તિઓ આપી છે અને તે શક્તિ વિકાસ કરવા માટે ઉપાય પણ આપ્યા છે. તે શક્તિ વિકશિત થવાના ઉપાયો અવલંબન કર્યાથી પછી પ્રાર્થનાની

જરૂર દેખાતી નથી. શાસ્ત્ર વાંચો જ્ઞાન મળશે; દાન ધ્યાનથી હૃદયની ઉન્નતિ થશે. સંકલ્પ, પ્રતિજ્ઞા, આલોચના વગેરે કરો, ચારિત્ર ઉન્નત થશે; ઈશ્વરની આગળ પ્રાર્થના કરવાની જરૂર શામાટે ? દુનિયામાં તો એવા પુષ્કળ માણસો જોવામાં આવે છે કે, જેઓ ઈશ્વરની આગળ કદી પણ પ્રાર્થના કરતા નથી તે છતાં તેનું ચારિત્ર ખરાબ હોતું નથી. આ વાંધાના ઉપર કહેવું એ કે, જો આ વાત ખરી હોય કે ઈશ્વરની આગળ પ્રાર્થનાથી ચારિત્ર અથવા આધ્યાત્મિક સંબંધમાં જે ઉન્નતિ થાય છે, તે પ્રાર્થનાવહીન થઈને પ્રતિજ્ઞા તથા સંકલ્પાદિ દ્વારા પણ તેવીજ થઈ શકે છે, તોપણ પ્રાર્થનાની અનાવશ્યકતા પ્રતિપાદિત થતી નથી. જો એક જાતના ફળો ઉત્પન્ન કરવાના વિષયમાં બે ઉપાય હોય, તો એક છે એવું કહીને શું બીજાની જરૂર નથી એવું ગણાઇ શકાય? સ્ટીમરમાં અને ગાડીમાં જવાય છે તેથી શું કોઇ હાથથી બેંચીને ગાડીની અજરૂરત અપ્રોતિક કહી શકે, વળી એ વાતને પણ અમે કબૂલ કરતા નથી કે, ઈશ્વરપરાયણ તથા ઈશ્વરવિશ્વાસ વગરના એક માણસના ચારિત્રગત કંઇ જુદાપણું રહેશે નહિ. ચારિત્રમાં તુલના કરવી એ કઠણ કામ છે. જેમ સૌન્દર્યની તુલનામાં માનસિક આનંદથીજ વિચાર કરવો પડે છે, જ્યારે આપણે એક વસ્તુને બીજાના કરતાં સુંદર કહીએ છીએ, ત્યારે શું ફિયાનો કિયો ભાગ અડધો ઇંચ મોટો છે, ફિયાનો કિયો ભાગ અડધો ઇંચ નાનો છે આવી રીતે સૌન્દર્યનો વિચાર કરતા નથી દરેક વસ્તુ જોવાથી આપણા હૃદયમાં જે આનંદ થાય છે. તે આનંદના તારતમ્ય અનુસારે સૌન્દર્યનો વિચાર કરીએ છીએ, તેમ આપણને ઉન્નત તથા પવિત્ર કરવાની શક્તિથી ચારિત્રનો વિચાર થાય છે. ઈશ્વરની સાથે યોગ્ય સ્થાપિત થવાથી અને તેની કૃપાની મદદ મળ્યાથી માણસ જે આધ્યાત્મિક ઉન્નતિ તથા સૌન્દર્ય મેળવવામાં સમર્થ થાય છે બીજા કોઇ ઉપાયથી તે મેળવવાનો માર્ગ નથી.

ચોથો વાંધો આ છે-ઈશ્વરની આગળ પ્રાર્થના કર્યાથી ફળ મળે છે તે કબૂલ કરવામાં આવે છે, પરંતુ તે ફળ સંબંધમાં ઈશ્વરનો કંઇ સાક્ષાત હાથ નથી, તે કેવળ એક જાતના માનસિક કામનું પરિણામ માત્ર છે. જેમ ઉન્મત્ત રોગવાળી મા મરી ગયલા છોકરાને જીવતો ધારીને કોઇ વખતે

તેને માટે બિછાનું તૈયાર કરે છે કોઈ વેશ્યાએ તેને આલિંગન કરવા માટે હાથ ફેલાવે છે, કોઈ વચ્ચે બેઠા બેઠા કદીતે ગૃહસ્થના દરવાજે દરવાજે ચાંઈ મારતો ફરે છે; આ ભ્રાંત સંસ્કારના તાબે થઈને જેમ તેના હર્ષ, શોક, વિષાદ, પ્રીતિ વગેરે બધા માનસિક ભાવ પ્રકાશિત થયેલા જોવામાં આવે છે; તેમ જેઓ પ્રાર્થના કરે છે, તેઓ પણ ભ્રાન્ત સંસ્કારના તાબે થઈને પોતાના હૃદયમાંના ભાવોને ઈશ્વરપ્રદત્ત ભાવ જાણે છે, ટૂંકામાં તે ચિત્તવિકાશની અવસ્થા વિશેષનું ફળ માત્ર છે. હૃદય મધ્યના તે ઉન્નત ભાવ જે વાસ્તવિક ઈશ્વરના સાક્ષાત સંબંધ જનિત છે તેનું પ્રમાણ શું ? આ વાંધો જેઓ કાઢે છે, તેઓને એક સવાલ પુછીએ છીએ કે, સમુદ્રમાં એવી એક જાતની શક્તિ છે, તેને લીધે ઉપરનું પાણી તણાય, આમ કહેવાથી દોષ શો ? જે શક્તિને ચંદ્રનું આકર્ષણ કહે છે તે શું કોઈએ દીઠું છે ? વળી શી રીતે તે સમુદ્રમાં ઉતરે છે, તે શું કોઈએ લક્ષ કર્યું છે ? આ આકર્ષણની પ્રકૃતિ તથા ધર્મ શું કોઈ વર્ણન કરી શકશે ? ચંદ્રના આકર્ષણના વિના બીજી કોઈ યુક્તિથી એવી અવસ્થાનો નિર્ણય કરી શકતો નથી; તેથી આપણે નક્કી કરીએ છીએ કે ચંદ્રનુંજ આકર્ષણજ ભરતીનું કારણ છે. પ્રાર્થના સંબંધમાં પણ બરાબર એ વાત શું કહી શકાય નહિ ? અમે જોયું છે કે, આત્મા ઈશ્વર સંબંધમાં જેટલી વાર એક વિશેષ અવસ્થામાં આવ્યો છે, તેટલી વાર એક જાતની વિશેષ આધ્યાત્મિક અવસ્થા આવી છે; જ્યારે આત્મા તેવી અવસ્થામાં આવે નહિ, ત્યારે તે ફળ જોવામાં આવતું નથી અને ઈશ્વર સંબંધમાં તે અવસ્થામાં રહેવાના સિવાય બીજા તેવા ફળની સંભવના જોવામાં આવતી નથી. તેથી આપણે નક્કી કરીએ છીએ કે, તે આધ્યાત્મિક ઉન્નતિ ઈશ્વરના સાક્ષાત સંબંધને લીધે છે. કેવળ એટલુંજ નહિ પણ ઉપાસનાશીલ માણસો જાણે છે કે ઈશ્વરનો અસાક્ષાત સંબંધ કેવળમાત્ર અનુમાન લભ્ય વિષય નથી. અંતર પ્રત્યક્ષનો વિષય છે. ધ્યાનમાર્ગમાં પ્રવૃત્ત થઈને આત્મા એવી એક અવસ્થામાં આવે છે કે, જ્યારે આત્મા તથા ઈશ્વરના સિવાય બીજા કોઈ વિષયની સંજ્ઞા રહેતી નથી. ત્યારે આત્મા તથા ઈશ્વરનો આ નિગૂઢ સંબંધ મનુષ્ય સ્પષ્ટ અનુભવવા સમર્થ થાય છે અને પ્રાર્થનાના વિષયમાં પછી સંદેહ રહેતો નથી.